*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*

# વિચાર-ક્રાંતિ

દાદા ધર્માધિકારી

યજ્ઞ પ્રકાશન, વડોદરા

પ્રકાશક :
પ્રબોધ ચોકસી : યજ્ઞ પ્રકાશન વતી
ભૂમિપુત્ર કાર્યાલય, ઘડિયાળી પોળ
વડોદરા.

પ્રથમ આવૃત્તિ-૧૦૦૦ પ્રત-માર્ચ ૧૯૫૭

કાચી બાંધણીમાં ખંડોની કુલ કીમત
૩-૦-૦

તા. ૨૮-૨-૫૭

મુદ્રક :
હિંમતલાલ ડી. પટેલ
અજય પ્રિન્ટરી
જ્યુબિલી બાગ સામે,
વડોદરા.

# પ્રકાશકીય

ઑગસ્ટ ૧૯૫૫માં પૂજ્ય દાદા ધર્માધિકારીનાં આ પ્રવચનો સાબરમતી આશ્રમમાં ભરાયેલા 'વિચાર-શિબિર' માં અપાયેલાં. આ 'વિચાર-શિબિર' અનેક રીતે અનોખો હતો. પૂજ્ય દાદાએ પણ પોતાના સમસ્ત સર્વોદય-દર્શન વિશે આવાં સળંગસૂત્ર પ્રવચનો આ પહેલાં ભાગ્યે જ આપ્યાં હોય. જેમ વક્તા માટે તેમ શ્રોતાઓ માટે પણ પ્રસંગ અપૂર્વ હતો. શ્રોતાઓમાં પૂજ્ય રવિશંકર મહારાજ, જુગતરામભાઈ, પરીક્ષિતભાઈ, બબલભાઈ, મનુભાઈ પંચોળી વગેરે ગૂજરાત-સૌરાષ્ટ્રના આદરણીય રચનાત્મક કાર્યકારો હતા, તેમ જ પૂજ્ય પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી, અને પં. બેચરદાસજી જેવા પ્રખર તત્ત્વમીમાંસકો અને ઉમાશંકર, સ્નેહરશ્મિ, જેવા સાહિત્યિકો પણ હતા. ઉપરાંત ગૂજરાત, સૌરાષ્ટ્ર કચ્છ અને મુંબઇના અનેક ઉત્સાહી ભૂદાન કાર્યકર્તાઓ અને વિભિન્ન રાજકીય રંગવાળા મિત્રો પણ હતા.

શિબિરનું ઉદ્‌ઘાટન પૂજ્ય રવિશંકર મહારાજે કર્યું હતું અને સમારોપ વખતે શ્રી. મોરારજીભાઇના પ્રવચનનો શિબિરને લાભ મળેલો. શિબિર દરમ્યાન પંડિત સુખલાલજી, શ્રી. બબલભાઇ, શ્રી. મનુભાઇ પંચોળી, શ્રી. દિનકર મહેતા, શ્રી. જી. જી. મહેતા વગેરેએ પ્રસંગોપાત્ત ચર્ચા કરી હતી.

આ બધાની વચ્ચે પૂજ્ય દાદાનાં લગભગ ૨૦ કલાકનાં પ્રવચનો થયાં. દાદાની વાણીની અસાધારણતાએ આશ્રમને આંગણે અમદાવાદને ઉમટાવ્યું.

તે દિવસથી આ વ્યાખ્યાનોની પુસ્તકરૂપે સતત માંગણી અમારી પાસે થતી રહી છે. વ્યાખ્યાનોને 'ટેઇપ રેકોર્ડ' કરેલાં. તેના પરથી લિપિબદ્ધ કરવાં, પૂજ્ય દાદા પાસે સુધારાવવાં, શુદ્ધ નકલ કરવી અને પછી અનુવાદ, મુદ્રણ અને પ્રસિદ્ધી કરવી, એ કામ, અમારે કબૂલ કરવું જોઇએ કે, અમારા ધાર્યા કરતાં વધુ મુશ્કેલ નીવડયું. સંયોગો પણ મુશ્કેલીમાં ઉમેરો કરનારા રહ્યા.

તેમ છતાં વડોદરામાં પૂ. દાદાનો આ બીજો 'વિચાર શિબિર' યોજાય છે તે પ્રસંગે સાબરમતી પ્રવચનો પૈકીનાં ચાર પ્રવચનોનો આ પ્રથમ ખંડ પ્રસિદ્ધ કરી શકીએ છીએ. બીજાં ચૌદ પ્રવચનો બને તેટલાં વહેલાં પ્રસિદ્ધ થશે.

આ ગ્રંથને પરિસ્થિતિવશ જો કે કટકે કટકે પ્રસિદ્ધ કરવો પડે છે, છતાં એનું વેચાણ તૂટકછૂટક કરવું યોગ્ય નથી. તેથી કાચી બાંધણીના આ ખંડોની કીમત રૂા. ૬-૦-૦ આ ખંડ દ્વારા જ વસૂલ લેવાનું રાખ્યું છે. બીજો ખંડ પ્રસિદ્ધ થયે પ્રથમ ખંડના ગ્રાહકને ટપાલથી ઘેર બેઠાં પહોંચાડવાની વ્યવસ્થા થશે.

'વિચારક્રાંતિ' આખો ગ્રંથ પાકી બાંધણી સહિત રૂા. ૪-૦-૦ માં બહાર પડશે. ત્યાં સુધી આ વચગાળાની કાચી આવૃત્તિને નભાવી લેવા વિનંતી.

—પ્રકાશક

# વિચાર–ક્રાંતિ

## પ્રથમ ખંડ

★

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| આદિવચન | રવિશંકર મહારાજ | ૫ –૬ |
| ૧. ગાંધીયુગ | | ૧ –૨૬ |
| ૨. સર્વોદય–સિદ્ધાંત | | ૨૭–૫૦ |
| ૩. ધર્મ–વિજ્ઞાન | | ૫૧–૭૪ |
| ૪. ચાર પ્રશ્નો | | ૭૫–૧૧૦ |


✳

## હવે પછીના પ્રકરણો


૫. ક્રાંતિ-વિજ્ઞાન-(૧) ૬. ક્રાંતિ–વિજ્ઞાન-(૨): માર્ક્સવાદી પ્રયોગનું અવલોકન ૭. સર્વોદય અને સામ્યવાદ ૮. ક્રાંતિ-અર્થ ૯. બે પ્રશ્નો : મનુષ્ય સ્વતંત્ર છે કે પરિસ્થિતિને આધીન ? નાના માલિકોનું ક્રાંતિમાં સંયોજન થઈ શકે ? ૧૦. રાજનીતિ–સંપ્રદાવાદ ૧૧. રાજનીતિ–લોકનીતિ ૧૨. સ્ત્રીઓનું સહનાગરિકત્વ ૧૩. અહિંસક સંગઠન ૧૪. મત–વિચાર ૧૫. રાષ્ટ્રીય આંદોલનનો ઇતિહાસ ૧૬. સંમેલન–ચર્ચા : વિતરણ : નવનિર્માણમાં શ્રમ–પ્રેરણા ૧૭. સમારોપ ૧૮. પરિશિષ્ટ : પ્રકીર્ણ પ્રશ્ન.

# આદિવચન

શહેરમાં અને ગામડામાં આપણે ફરીએ છીએ. જેને ગરીબ કહેવામાં આવે છે તેમની વચ્ચે ફરીએ છીએ—પણ હું એમને ગરીબ નથી કહેતો. ભગવાને જેને હાથપગ જેવી સંપત આપી હોય તે ગરીબ શેનાં? રોટલો ખાય છે કે રોટલી ખાય છે તે પરથી ગરીબ-અમીર નક્કી ન કરી શકાય.—પણ આ કહેવાતાં ગરીબોની વચ્ચે ફરીએ છીએ ત્યારે એમનો પ્રેમ જોઇને છાતી ગજગજ ફૂલે છે. એ આપણી પાસેથી ઘણી ઘણી આશાઓ રાખે છે. એમને શું આપીએ? આપણી પાસે મૂડી થોડી છે. આપણે એ મૂડી વધારવાની છે. તે ખાતર આ શિબિરમાં એક અઠવાડીઉં રહીને ભાતું ભેગું કરવાનું છે.

## ક્રાંતિનાં બે વાહન: વિચાર અને આચાર

ગામડાંમાં ઘણાં પૂછે છે કે, "૩૬ કરોડની વસ્તીવાળો આવડો મોટો દેશ ક્યારે સમજી લેશે? ૧૯૫૭ પહેલાં તમે બધાંને સમજાવી શકશો?" મોટા મોટા આંકડાશાસ્ત્રીને ગભરાવી મૂકે એવો સવાલ છે, ત્યાં આપણે તે કોણ? પણ હું તો ગામડાંમાં રહેલો છું તે ગામડાંનું એક દૃષ્ટાંત આપીશ. ગામડાંમાં દસઅગિયાર વાગે ઢોરાં છોડવાનો સાદ પડે છે. એ સાદ કંઇ દરેક જણ સાંભળતું નથી. થોડાં સાંભળે છે તે છોડવા માંડે છે ને એમનું જોઇ જોઇને બીજાં બધાંય પોતપોતાનાં ઢોરાં છોડી મૂકે છે. એમાં જેમ થોડાને સાદ સંભળાય છે ને બાકીનાં એમનાં આચરણને અનુસરે છે, તેમ જો થોડાં લોકો સંતપુરુષની વાતો સાંભળીને સમજી જાય ને પછી આચારમાં ઉતારે તો બાકીનાં લોકો એમની પાછળ પાછળ આવવાનાં. ગામડાંમાં ભાષણ કરીએ ત્યારે લોક એ બધું સમજે કે નયે સમજે, પણ એટલો તત્ત્વ-સાર ગ્રહણ કરી લે છે કે ભૂદાનવાળા જમીન લઇને વહેંચી આપવા આવ્યા છે. એમને શી રીતે સમજાવવા? એમને આચારથી જ સમજાવી શકાય.

## યજ્ઞનો અર્થ

લોકો આપવા ને ઘસાવા તૈયાર હોય છે. તોય બુદ્ધિશાળીઓ

દલીલ કરે છે કે, "બધાં સ્વાર્થી છે ને જે કાંઈ પ્રયત્ન કરે છે તે સ્વાર્થ માટે જ કરે છે." એમને મારો જવાબ છે કે સામાન્ય માણસ સ્વાર્થી પણ નથી, કે નિઃસ્વાર્થી પણ નથી. એ તો સંજોગોને આધીન થાય છે. જે દેખાય છે તે સ્વાર્થ એનો સ્વભાવ નથી, પણ વિકૃતિ છે. એનો મૂળ સ્વભાવ દુષ્ટ નથી. હું એમને લોઢાનો દાખલો આપું છું ગામડાંમાં લોકોને પૂછીએ છીએ કે "લોઢાનો રંગ કેવો ?" તો કોઈ કહેશે, "કાળો", પણ જે ખેડૂત હશે, હળ વતી ખેડનારો હશે તે તો કહેશે કે, "લોઢાનો રંગ તો ચાંદી જેવો ધોળો હોય છે." જેને કાળો રંગ કહે છે તે તો વિકૃતિ છે, મૂળ રંગ પર ચડેલો કાટ છે. કાટ ઘસાઈ જાય છે ત્યારે લોઢું ચાંદી જેવું ચમકે છે. ઘસાતું લોઢું માત્ર ચાંદી જેવું ઊજળું જ નથી હોતું, રેશમ જેવું સુંવાળું પણ હોય છે. પણ જે ઘસાતું નથી તે કાળું હોય છે, ખરબચડું હોય છે, અને એના ઉપરથી કાટની પોપડીઓ ઊખડે છે. ઘસાઈને નહીં તો પોપડી ઊખડીને, એ ઓછો તો થવાનો જ. પણ ઘસાઈને ઓછો થાય ત્યારે યજ્ઞ કહેવાય છે. મને તો સંસ્કૃત આવડતું નથી. મારા યજમાનોનેય (ગામડિયાઓનેય) આવડે નહીં. એટલે સંસ્કૃતમાં યજ્ઞની શી ખબર શી વ્યાખ્યા હશે તે તો, પણ હું તો કહું છું કે યજ્ઞ એટલે ઘસાઈ છૂટવું.

## પહેલા પુરુષ એકવચનથી શરૂ કરીએ

આપણે બીજા માટે કંઈ રીતે ઘસાઈ છૂટીએ ને ઘસાઈને ઊજળા થઈએ, તે શીખવા માટે આપણે અહીં આઠ દહાડા રહીશું. આપણને તે માટે યોગ્ય આચાર્ય મળ્યા છે. માટે શાંતિથી સાંભળજો. ભગવાને બે કાન આપ્યા છે તે એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખવા માટે નથી આપ્યા. બેય કાને સાંભળીને સોંસરું પેટમાં ઉતારવા માટે ભગવાને બે કાન આપ્યા છે. તો આ આઠ દહાડામાં ભાતુ બાંધી લઈએ ને પછી સમાજમાં નીકળીએ. આજે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે જો સમાજમાં ફેરફાર નહીં કરીએ તો હિંદનો અંત આવશે. પહેલો ફેરફાર પોતામાં કરવો રહ્યો. શરૂઆત તો પહેલાં પુરુષ એક વચનથી જ કરવાની હોય.

—રવિશંકર મહારાજ

સાબરમતી, ૨૧–૮–'૫૫, વિચાર–શિબિરના ઉદ્ઘાટન પ્રવચનમાંથી.

१

# ગાંધી-યુગ

★


૧. ગાંધીયુગે ગાંધી-વિચારનું અનુષ્ઠાન

૨. 'ગાંધી' વ્યક્તિ નહિ, વિભૂતિ: 'વિચાર' વ્યકિતગત નહિ, અપૌરુષેય

૩. વિચાર-યુગની વાદ-સમસ્યા : ઉકેલ બૌદ્ધિક અનાગ્રહ

૪. "કોઈ નવા વાદનો ઉપદ્રવ કરવા હું નથી આવ્યો"—ગાંધી

૫ બુદ્ધિનિષ્ઠાનાં બે લક્ષણો

૬. બુદ્ધિનિષ્ઠાના અભાવે વિજ્ઞાનની સફળતાના યુગમાં સંસ્કૃતિની નિષ્ફળતા

૭. યુગ-સમસ્યાનું મૂળ કારણ: પરાયાપણાની ભાવનામાંથી જન્મતો ભય

૮. પરાયાપણાની ભાવનાનો ઉપાય : હૃદય-પરિવર્તન

૯. હૃદય-પરિવર્તન માટે ગાંધી-પ્રણીત સત્યાગ્રહ

૧૦. ક્રાંતિની આંખથી સત્યાગ્રહને યુગના પદચિહ્ન રૂપે ઓળખીએ

૧૧. પુનરાવર્તન, પૂર્તિ અને પૂર્વભૂમિકા

મહારાજની ઉપનિષદ્ જેવી પ્રસાદયુક્ત વાણી આપણે લોકોએ હમણાં સાંભળી. એમણે ઊભા થઈને આપણને એ વાતો કહેવાનું યોગ્ય માન્યું, જ્યારે હું તમારી સાથે બેઠાં બેઠાં જ વાત કરવા મંડયો છું. આનું કારણ એ છે કે એમના ઊભા થવામાં જે સ્વાભાવિકતા છે તે મારા ઊભા થવામાં નથી. રાજકારણનો થોડોઘણો સ્પર્શ મને થયો છે, અને તમે જાણો છો કે રાજકીય ક્ષેત્રમાં જે ઊભો રહે છે તે અહંકારી થઈ જાય છે. તેથી બધી ઔપચારિકતાને ટાળવા માટે હું તમારી સૌની સાથે બેઠાં બેઠાં વાત કરું એ જ મને ઉચિત લાગ્યું.

નારાયણ દેસાઈ અને એના સાથીઓએ ખૂબ આગ્રહપૂર્વક ગૂજરાતમાં આવવા માટે મને નિમંત્રણ આપ્યું. આમ તો હું ઘણો જ સાવધ માણસ છું; સહેલાઈથી કોઈના પંજામાં આવું તેવો નથી! પરંતુ મોહવશ આ છોકરાઓની જાળમાં આવી ગયો અને એટલે ગૂજરાત આવી પહોંચ્યો, સાબરમતી આવી પહોંચ્યો અને આશ્રમમાં પણ આવી પહોંચ્યો! હવે તમે જ વિચાર કરો, આથી વધુ બીજો શો અવિવેક હોઈ શકે?!

### ૧. ગાંધીયુગે ગાંધી-વિચારનું અનુષ્ઠાન

તેમ છતાં, એક વાત એ લોકોએ કહી છે કે આ 'વિચાર-શિબિર' છે. અને વિચારનું પ્રધાન લક્ષણ એ છે કે એમાં આગ્રહ અને અહંતાને ખાસ મોકો રહેતો નથી. શિબિર અંગે છાપેલી જે પત્રિકાઓ મારી પાસે મોકલી એ વાંચીને પહેલાં તો હું કાંઈક ચોંકી ગયો, પણ પછી વિચાર કરતાં ગડ બેઠી. એમાં લખ્યું હતું કે એક જ વ્યક્તિની પ્રતિભાનો આપણે લાભ લેવા માંગીએ છીએ. પ્રતિ–ભામાં 'પ્રતિ' શબ્દ મારે માટે ભારે સંરક્ષક છે. જે Self-effulgent–સ્વયંપ્રકાશી–હોય છે, તે કેવળ પ્રકાશે છે, ભાસે છે, એ **પ્રતિ**–ભાસતો નથી, અર્થાત્ સ્વયંપ્રકાશી સૂર્ય પોતે પ્રકાશે છે, ચંદ્રની જેમ વળતું પ્રકાશતો નથી. 'પ્રતિ-ભા'માં થોડેઘણે અંશે 'પ્રતિબિંબ'નો અર્થ પણ આવે છે. બીજા પાસેથી મળેલા પ્રકાશથી જેની બુદ્ધિમાં થોડીઘણી રોશની આવી ગઈ હોય, એવો એક નમ્રતાસૂચક ખ્યાલ પ્રતિ-ભામાં છે.

તમારી સેવામાં હું જે કાંઈ રજૂ કરીશ, તે વિચાર હશે ને તેથી એ મારા નથી. એ વિચારમાં કાંઈ દોષ કે ઊણપો આવી જાય તો તે

મારા વ્યક્તિત્વને કારણે હશે. મારા જીવનમાં જે ત્રુટિઓ હશે, દોષ હશે, એની પણ કંઈક છાયા એ વિચારો પર જરૂર પડશે; પણ એ વિચારોમાં જે કાંઈ શુદ્ધતા હશે–અને હું વધુમાં વધુ શુદ્ધ વિચાર તમારી સેવામાં સાદર કરવાનો પ્રયત્ન કરીશ–તે બધી શુદ્ધતા મારી પોતીકી નથી, પણ એ મહાન વિભૂતિની છે, જેની ચરણરજથી પુનીત ભૂમિ પર આજે આપણે બેઠાં છીએ.

હું એવા નિર્ણય પર આવ્યો છું કે આ યુગ ગાંધીનો યુગ છે. તેથી આજનું સમગ્ર વાતાવરણ, સમગ્ર પૃથ્વી, એક રીતે એમની સત્તાથી+ ભરેલાં છે. આજે આપણે આપણી નજર સામે જેટલી સમસ્યાઓ ખડી થયેલી જોઇએ છીએ, તે તમામેતમામ સમસ્યાઓ ગાંધીના આ દુનિયામાં આવ્યા પછીની સમસ્યાઓ છે. તેથી અગાઉ સમસ્યાઓ જે સ્વરૂપ ધારણ કરીને આપણી સામે આવતી હતી, તેનાથી બિલકુલ અલગ રૂપ લઇને આજે સમસ્યાઓ ખડી થાય છે. એ સમસ્યાઓ આંતરરાષ્ટ્રીય હોય કે રાષ્ટ્રીય હોય, રાજનૈતિક હોય કે આર્થિક હોય,–સમસ્યાઓનું સ્વરૂપ જ ગાંધી પછી બિલકુલ બદલાઈ ગયું છે. પરિસ્થિતિમાં આપણા પુરુષાર્થને માટે જે આહ્વાન છે, જે પડકાર છે, તે પણ બિલકુલ જુદા જ સ્વરૂપનો થઈ ગયો છે. તેથી મેં શરૂઆતમાં તમારી સમક્ષ નિવેદન કર્યું કે આપણે લોકો આજે જે યુગમાં જીવીએ છીએ, તે ગાંધી–યુગ છે.

### ૨. 'ગાંધી' વ્યક્તિ નહીં, વિભૂતિ: 'વિચાર' વ્યક્તિગત નહીં, અપૌરુષેય

અને ગાંધીને તમામ વ્યક્તિગત સંબંધોથી, તેમ જ દેશ, ધર્મ અને સામાજિક મર્યાદાઓથી ઉપર મૂકીને જોવા છે માટે તમે મારે મોંએ ઘણુંખરું એમનું નામ એકવચનમાં વપરાતું સાંભળશો. મારે માટે એ નામ એક દર્શન(તત્ત્વજ્ઞાન)નું પ્રતીક બની ગયું છે. ઐતિહાસિક નામો અંગે આપણે લૌકિક મર્યાદાઓનું પાલન નથી કરતા. 'બાપુ' કહું છું ત્યારે તેઓ આપણા કુટુંબીજન બની જાય છે. જેમ પિતાજીનો ઉલ્લેખ કરીએ, તેમ જ આપણે એમનો ઉલ્લેખ કરવા માંડીએ છીએ. પણ જ્યારે ઐતિહાસિક કે અવતારી મહાપુંરુષોનો, વિભૂતિઓનો, આપણે ઉલ્લેખ કરીએ છીએ ત્યારે બધાં લૌકિક ઉપપદ (બિરુદ) એમને માટે નાહકનાં બની જાય છે: આપણે એ વાપરતાં નથી. લિંગ-વચનનો ભેદ પણ લગભગ સમાપ્ત થઈ જાય છે. રામચંદ્રજી વિશે કહીએ છીએ :

+ 'સત્તા' એટલે અસરકારક અસ્તિત્વ.

"મા પણ તમે છો, બાપ પણ તમે છો." હિંદીવાળા 'રામચંદ્રજી' પણ કહી નાંખે છે અને 'રામ' પણ કહી નાંખે છે. 'રામચંદ્રજી હતા' પણ કહે છે, અને 'રામ હતો' પણ કહે છે. નારાયણ દેસાઇને વિશે કહેવું હોય તો તો હું 'શ્રી નારાયણ દેસાઈ,' 'શ્રીયુત નારાયણ દેસાઈ,' 'શ્રીમાન્ નારાયણ દેસાઈ,' એ રીતે ઉલ્લેખ કરું છું. પણ આજ સુધી કોઇએ "શ્રીયુત કૃષ્ણ", "શ્રીયુત રામચંદ્ર" એવો ઉલ્લેખ કદી નહીં કર્યો હોય, કેમકે આવા મહાપુરુષો તો સાર્વભૌમ થઈ જાય છે, મનુષ્ય માત્રમાં વિલીન થઈ જાય છે. આ અર્થમાં હું વિભૂતિયોગને માનું છું.

આજનો યુગ ગાંધીનો યુગ છે. તેમ છતાં હું જ્યારે તમારી સમક્ષ વિચારની રજૂઆત કરું, ત્યારે તમે વિચારને ગાંધી–વિચાર અને ગાંધીતર* વિચાર એ દૃષ્ટિએ ન જોતા. વિચાર વિચાર છે. વિચાર અપૌરુષેય હોય છે. વિચાર નથી ગાંધીનો કે નથી માર્કસનો, વિચાર નથી સમાજવાદી કે નથી સર્વોદયવાદી, વિચાર કેવળ વિચાર છે. શબ્દ જેટલો આકાશનો ગુણ છે, તેટલો જ વિચાર મનુષ્યની બુદ્ધિનું લક્ષણ છે. વિચાર માનવવ્યાપી હોય છે. તેથી વિચારને વ્યક્ત કરનાર ગમે તે હોય તોપણ, જેટલો શુદ્ધ વિચાર છે તેને તમે અપૌરુષેય ગણજો.

આપણે ત્યાં અપૌરુષેય વિચારની એક પરંપરાગત મર્યાદા છે. લોકોએ એના તરેહવાર અર્થ ઘટાવ્યા છે, પરંતુ એનો અર્થ એવો કાંઈ નથી. વેદ વિશે એક એવી ધારણા બંધાઈ ગઇ છે કે વેદ ઇશ્વર–પ્રણીત છે. 'ઇશ્વર–પ્રણીત છે' એવી ધારણા તો જાણે ચાલી, પણ ત્યારે સવાલ થાય છે કે ઇશ્વરને શું પ્રયોજન પડયું? શું એણે સ્વયં વેદોને લોકોની સામે ગાયાં, વાંચ્યા કે ચીંધ્યા? બુદ્ધિવાદીઓના મુકુટમણિ ભગવાન શંકરાચાર્યે ગીતા પર ભાષ્ય લખ્યું છે. એના પંદરમા અધ્યાયમાં એ શબ્દ આવે છે: **'वेदांतकृत् वेदविदेव चाहम्'** (૧૫–૧૫). '**वेदांतकृत्** હું છું.' એના ઉપર શંકરાચાર્યે ભાષ્ય કર્યું કે **वेदांतकृत्** નો અર્થ એટલો જ છે કે વેદાંતના અર્થનો પ્રથમ પ્રવકતા હું છું. જ્ઞાનને મેં અભિવ્યક્ત કર્યું. હું એનો નિર્માતા નથી.

આ એક ઘણી જબરી વસ્તુ છે. તે એ કે જ્ઞાનનો કોઈ નિર્માતા

* ગાંધી + ઇતર = ગાંધીતર; ગાંધીનો નહીં તેવો બાકીનો.

નથી હોતો. જ્ઞાન વસ્તુતંત્ર* હોય છે. કોઇની બુદ્ધિમાં એ અભિવ્યક્ત થાય છે અને કોઇની વાણી વાટે એ પ્રકટ થાય છે.

### ૩. વિચાર-યુગની વાદ-સમસ્યા : ઉકેલ-બૌદ્ધિક અનાગ્રહ

સર્વોદયમાં સૌથી મોટી આવશ્યકતા બૌદ્ધિક અનાગ્રહની છે. વિચારને આપણે આકાશવ્યાપી માનીએ. ગાંધીના વિચાર અંગે પણ જ્યારે આપણે બોલવું કે વિચારવું હોય, ત્યારે એને આકાશવાણી જ માનીએ. આમાં હું ગાંધીને મનુષ્ય-કોટિથી ઊંચે નથી ચડાવી દેતો, અથવા એમની કોઈ આગવી કે વિશિષ્ટ પૂજા પણ નથી કરતો. વિચારનું જે મુખ્ય લક્ષણ છે, તેને જ ફક્ત તમારી સામે રજૂ કરું છું. અને તે એટલા માટે કરું છું કે દુનિયામાં આજે જે સમસ્યા છે, તે વૈચારિક સમસ્યા છે.

આધુનિક આધ્યાત્મિક વિચાર કરનારાઓમાં દેશમાં બેત્રણ મહાપુરુષોનાં નામ ગણાવવામાં આવે છે. હું તો ગાંધી, વિનોબા વગેરેને પણ યથાર્થ આધ્યાત્મિક પુરુષ માનું છું, પરંતુ આ દેશમાં એવી કંઈક પરંપરા પડી ગઈ છે કે અમુક ખાસ પુરુષોને જ આધ્યાત્મિક ક્ષેત્રમાં અધિકારી પુરુષ માનવામાં આવે છે. રમણ મહર્ષિ, શ્રી અરવિંદ અને ત્રીજા આજકાલ કૃષ્ણમૂર્તિ—આ ત્રણેયે એક બાબતમાં એક જ મત વ્યક્ત કર્યો છે કે આ યુગની જે સમસ્યા છે, તે જેટલી વૈચારિક છે તેટલી આર્થિક કે રાજકીય નથી.

#### સંમતિ-સંપત્તિ : વિમતિ-વિપત્તિ

—અને અહીં એક વાત તમારી સામે નિવેદન કરી દેવા માંગું છું. જેને વિશે લોકોની સંમતિ હોય છે, તે ઘણુંખરું સદ્‌વિચાર હોય છે. Agreement-સંમતિ ઘણેખરે વખતે સદ્‌વિચાર કે યથાર્થ વિચારની દ્યોતક રહી છે. બધાના 'વોટ' એક થઈ જવા એ આનાથી જુદી વાત છે. હું અત્યારે 'વોટ'ની વાત નથી કરતો. બધાની મતિ એક થઈ જાય, જ્યાં agreement-સંમતિ પ્રવર્તે, સઘળા મત એક થઈ જાય, ત્યાં પછી એ વાત કોઈ એક જણની નથી રહેતી, બલ્કે એ ભગવાનનો વિચાર થઈ જાય છે. હમણાં રામાયણમાંથી કેટલીક ચોપાઈઓનો પાઠ થયો હતો. એમાં કહેવાયું હતું કે સુમતિ અને કુમતિ બધાનાં ઉરમાં

* સ્વ-તંત્ર=પોતા પર આધાર રાખનારું, પર-તંત્ર=બીજા પર આધાર રાખનારું; તેમ વસ્તુ-તંત્ર=વસ્તુ પર, જે હસ્તી ધરાવે છે તેના પર, આધાર રાખનારું, objective.

હોય છે.* હું હમેશાં એનો અર્થ એવો કરતો આવ્યો છું કે સુમતિનું પારખું સંમતિ છે અને કુમતિનું પારખું વિમતિ (અ-સંમતિ) છે. જ્યાં મારો મત 'મારો' હોય છે અને તમારો મત 'તમારો' હોય છે, ત્યાં 'મત' પ્રધાન નથી હોતો, પણ 'મારો' 'તારો' પ્રધાન થઈ જાય છે, ત્યાં વિશેષણ મુખ્ય થઈ જાય છે અને વિશેષ્ય ગૌણ બની જાય છે. 'મારો મત'માં વજન 'મારો' પર છે અને 'તારો મત'માં વજન 'તારો' પર છે. 'મારો' અને 'તારો' જ્યાં ખતમ થઈ જાય છે અને 'મત' જ ફક્ત રહી જાય છે, ત્યાં સમન્વય થાય છે. એને સંમતિ કહે છે. **जहां सुमति तहां संपति नाना** એમ રામાયણમાં કહ્યું છે. મેં એ **संपति** ઉપરથી જ **संमति** શબ્દ લીધો છે. **संपत्ति**માં પણ અર્થ એ જ છે કે જ્યાં બધી ચીજો સમ્યગ્ રૂપે સર્વને ઉપલબ્ધ થાય છે તે સંપત્તિ છે.+ સંપત્તિનો અર્થ એવો નથી કે અમને ઘણું બધું મળી જાય અને તમને કશુંય ન મળે. સંપત્તિનો એવો અર્થ નથી. સંપત્તિનો અર્થ તો એ છે કે સર્વને સર્વ વસ્તુ સરખી રીતે મળે છે. આવો અર્થ કેમ તારવ્યો? કારણ કે એથી આગળ **विपति** શબ્દ આવે છે. જ્યાં વિવિધ ઉપલબ્ધિ છે, જુદી જુદી જાતનું મળતર છે, વિપ્રતિપત્તિ છે, વિરોધ છે, ત્યાં, એ કહે છે કે, દુઃખ હોય છે. એવી સ્થિતિમાં સંકટ હોય છે, જ્યાં સંપત્તિ (સમાન મળતર) હોય છે ત્યાં સંમતિ હોય છે; જ્યાં વિપત્તિ (અસમાન મળતર) હોય છે ત્યાં વિમતિ (મતભેદ) હોય છે.

આજની દુનિયામાં સમસ્યા, જેને આર્થિક કે સાંપત્તિક કહો છો તે નથી. આજની દુનિયાની સૌથી મોટી સમસ્યા, પ્રધાન પ્રશ્ન, વિચારનો પ્રશ્ન છે, જેને લોકોએ 'વાદની સમસ્યા' એવું નામ આપ્યું છે.

વિચારમાં જ્યારે આગ્રહ આવી જાય છે, ત્યારે એ સંપ્રદાયમાં પરિણત થઈ જાય છે. અને સંપ્રદાયમાં જ્યારે આવેશ અને ઉન્માદ આવી જાય છે, ત્યારે એ વાદમાં પરિણમે છે.

તમે કદી કદી સાંભળ્યું હશે કે "વિચારોનો સંઘર્ષ ચાલી રહ્યો છે." હવે, આ 'વિચારોનો સંઘર્ષ' એ એક Contradiction in terms —વદતોવ્યાઘાત—અવળસવળ વાત છે. 'વિચાર' પણ હોય અને 'સંઘર્ષ' પણ હોય, એવું બને નહીં.

---

*सुमति कुमति सबके उर बसहि.... जहां कुमति तहां विपति निदाना ॥

+ सम् + पत् ઉપરથી संपत्ति. જે સમાન રીતે ભાગે પડતી આવે તેવી આવક— income with equitable incidence.

—જ્યારે પહેલ–વહેલા અંગ્રેજોના રાજ્યમાં કંઇક રાજકીય સુધારા દાખલ થયા, ત્યારે અમારે ત્યાં નાગપુર પ્રાંતમાં, પહેલા ગવર્નર તરીકે એક અંગ્રેજ સજ્જન આવ્યા હતા. એમનું નામ ભારે વિચિત્ર હતું–Franksly ફ્રેંકસ્લાય. લોકો કહેતા કે આ સાહેબ frank (નિખાલસ) પણ છે અને sly (લુચ્ચા) પણ છે. આવું બને કઈ રીતે? કાં તો કહો કે 'ફ્રેંક' છે અને કાં કહો કે 'સ્લાય' છે. આવું તો ન બને!

એમ જ, 'વિચાર' પણ છે અને 'સંઘર્ષ' પણ છે! એવું બને કઇ રીતે? વિચારોમાં જ્યારે સાઠમારી થવા માંડે છે ત્યારે તમામ વિચારો 'વાદ'માં ફેરવાઈ જાય છે.

### વિચારનો આગ્રહ નહીં, નિષ્ઠા

તેથી સૌથી પહેલી વિનંતી તમારા સહુના ચરણોમાં મારી એ છે કે જો આ વિચારનો શિબિર હોય, તો આપણાં મનમાં કોઈ વાતે કોઈ જાતનો આગ્રહ ન રહે. હા, નિષ્ઠા હોઈ શકે. નિષ્ઠા જુદી વસ્તુ છે, આગ્રહ બિલકુલ જુદી વસ્તુ છે. નિષ્ઠામાં વિચારોની સાઠમારી નથી થતી. વિચારોની સાઠમારી કે સંઘર્ષ જ્યાં હોય છે, ત્યાં એક વિચાર બીજા વિચારની સામે પેંતરો લઇને ઊભો થઇ જાય છે અને પછી એક વિચારનો જય અને બીજા વિચારનો પરાજય, એટલો જ આપણો ઉદ્દેશ થઈ પડે છે. એમાં તત્ત્વનિર્ણય અથવા સત્ય સુધી પહોંચવાની કોઇની પણ ઇચ્છા નથી રહેતી. મારો વિચાર 'મારો' છે અને એ 'તમારા વિચાર'ની વિરુદ્ધ ઊભો છે. એમાંથી કોનો વિચાર જીત્યો, એ જ આપણી સામેનો પ્રશ્ન બની જાય છે, મૂળ પ્રશ્ન વીસરાઈ જાય છે.

એમાંથી બીજી બૂરાઈ એ પેદા થાય છે કે આપણે મનમાં જવાબ ઘડી કાઢવામાં જ બધો સમય ગાળી નાંખીએ છીએ. તમારો સવાલ છે, મારો જવાબ છે. સવાલ પણ ખડો છે અને જવાબ પણ ખડો છે. જવાબની ઘડભાંજમાં જ મારો બધો વખત વીતી જાય છે તેથી સમસ્યા પર ધ્યાન દેવાની તો કોઇને ફુરસદ જ મળતી નથી અને એ વણઊકલી જ પડી રહે છે. જીવન બાજુ પર રહી ગયું, સમસ્યા ખોરંબે પડી અને તમારા સવાલ અને મારા જવાબની વાદાવાદીમાં જ બધો સમય વેડફાઈ ગયો. ભગવદ્ગીતામાં આવા લોકોને **वेदवादरताः** (૨:૪૨) કહ્યા છે. એ બધા વેદવાદી ઉર્ફે વેદિયા છે. એ વેદાંતી નથી. એમને સિદ્ધાંતની કાંઈ પડી હોતી નથી.

## બીજાના વિચારોને આત્મસાત્ કરીએ

તેથી આપણે જો ક્યારેક કોઈના પ્રશ્નથી નિરુત્તર થઈ જઈએ તો નમ્રતાપૂર્વક કબૂલ કરીએ કે અમારી પાસે ઉત્તર તો નથી, પરંતુ અમારી બુદ્ધિને તમારી વાત હજી ગળે પણ નથી ઊતરી, સમાધાન થયું નથી. એક દલીલથી બીજી દલીલને કાપી નાંખવી એ એક વાત છે, પણ બૌદ્ધિક સમાધાન conviction એ એનાથી તદ્દન જુદી જ વસ્તુ છે. કોઈને નિરુત્તર કરી દેવું એ તો એક જાતની સાઠમારી છે. એમાં તો જેને વધુ દાવપેચ આવડે, જે વધુ તર્કકુશળ હોય એ બીજાને ચૂપ કરી દઈ શકે.

આ શિબિરમાં તમે જે બધા કાર્યકર્તાઓ એકઠા થયા છો, તે વિચાર તો અવશ્ય કરો, પણ તેમ કરવામાં બીજાની સામે જે પ્રશ્ન ઊભા થાય છે એને પહેલાં પોતાના પ્રશ્ન બનાવી લેવાની દૃષ્ટિ રાખો. "આ પ્રશ્ન મારા પ્રશ્ન છે, હવે મારે મારી બુદ્ધિનું એ પ્રશ્નો અંગે સમાધાન કરવું છે. તો હું કઈ રીતે એ પ્રશ્નોની વિચારણા કરું, એમાં બીજાની મદદ કેવા પ્રકારે લઉં ?" આ રીતે તમે વિચાર કરજો.

–અને હું અહીં જોઉં છું કે તપસ્યામાં, જ્ઞાનમાં, અનુભવમાં અને પુરુષાર્થમાં, મારા કરતાં ઘણી વધારે શ્રેષ્ઠ વ્યક્તિઓ મારી આસપાસ બેઠેલી છે, અને તેમ છતાં હું આ રીતે અવિનયપૂર્વક બોલ્યે જાઉં છું ! આનું મુખ્ય કારણ એ છે કે હું આવ્યો છું તે માત્ર વિચાર આપવા નથી આવ્યો, વિચાર લેવા પણ આવ્યો છું. આ શિબિરમાં હું તમારી સહુની પાસેથી બીજું કશું દાન લઈને નથી જવાનો, પણ બુદ્ધિનું દાન લઈને જઈશ. હું જ્યાં જાઉં છું ત્યાં લોકો કહે છે કે "તમારા આવ્યાથી અમે બહુ સમૃદ્ધ બન્યા," ત્યારે હું એમને કહું છું: "તો શું, હું પણ કાંઈ દરિદ્ર બનીને જાઉં છું ? તો તો એનો અર્થ એવો થાય કે તમે ભારે ચતુર અને બુદ્ધિશાળી નીકળ્યા અને હું એવો બેવકૂફ છું કે જ્યાં જાઉં છું ત્યાં કંઈ ને કંઈ ગુમાવતો જ જાઉં છું, અને મેળવતો કાંઈ નથી !" એટલે મારા મનમાં તો એમ છે કે હું જ્યાં જઈશ ત્યાંથી કંઈક મેળવીને જ જઈશ. તેમાંયે ગૂજરાત પાસેથી તો હું મારું ખાલી પાત્ર ભરીને જઈશ અને અન્યત્ર જઈને, ઝારી વડે માળી છોડને પાય છે તેમ, એમાંથી થોડું થોડું છાંટીશ. ગૂજરાત આવ્યો છું તે આવા ખ્યાલથી આવ્યો છું. તેથી તમને મારા આ ભાષણોમાં જો એક જાતનો અવિનય લાગે, તો તે અવિનય નથી. હું આવ્યો છું તે એ ખ્યાલથી કે ચાલો ગૂજરાતમાં જ જવાનું છે ને ! એથી રૂડું બીજું શું ? ગૂજરાત જવું એ તો આ વિચારની ગંગોત્રીની યાત્રાએ જવા બરાબર ગણાય. એટલે મેં

વિચાર્યું કે એ ગંગોત્રીએ જઈ ને મારું આ ખાલી ઠામ ભરી લાવીશ અને પછી એ વિચારનું ગંગાજળ બીજે છાંટતો ફરીશ.

૪. "કોઈ નવા વાદનો ઉપદ્રવ કરવા હું નથી આવ્યો"–ગાંધી

સૌથી પહેલી આ વાત એટલા માટે માંડી કે આજે આ શિબિરમાં જો આપણે આપણી મનોભૂમિકા શિબિરના ઉદ્દેશને અનુકૂળ બનાવવી હોય, તો સૌથી પહેલી ચીજ આપણે એ વિચારી લેવી છે કે આજની દુનિયાની સમસ્યા વિચારની સમસ્યા છે, અને વિચારને જો દુનિયામાં પ્રસ્થાપિત કરવો હોય, તો સંપ્રદાય અને વાદનું નિરાકરણ કરવું પડશે. અને હમણાં જેમ મહારાજે કહ્યું તેમ આરંભ પ્રથમ પુરુષથી–આપણી જાતથી–કરવો પડશે. હિંદી ભાષામાં આપણે જેને પ્રથમ પુરુષ કહીએ છીએ તેને જ 'ઉત્તમ પુરુષ' કહે છે! હિંદીવાળા વળી આપણાથી વધારે અચૂક (accurate) થઈ ગયા એટલે એમણે કહી દીધું કે પ્રથમ પુરુષ–હું–એ જ 'ઉત્તમ પુરુષ' છે! ભગવદ્ગીતાના અર્થમાં કહે છે! **उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः** । (૧૫ : ૧૭). અર્થાત્ પેલા ક્ષર–અક્ષર નહીં આ પરમ આત્મા જ ઉત્તમ પુરુષ છે. આ વાત ખરી પણ પડે છે. પણ તે ક્યારે? પ્રથમ પુરુષ જ્યારે નમ્ર થઈને પોતાથી જ આરંભ કરે છે, ત્યારે એ જ ઉત્તમ પુરુષ બની જાય છે.

આપણે વિચારનો આરંભ યાને બૌદ્ધિક અનાગ્રહ અને બૌદ્ધિક નિષ્ઠાનો આરંભ આપણી જાતથી કરીએ. દુનિયામાં જે મુખ્ય મુખ્ય વાદો આપણી નજર સામે ખડા છે, તે વાદોનું આપણે નિરાકરણ નથી કરવું; એ વાદોનો સત્કાર કરવો છે.

ગૂજરાતમાં અગાઉ બે વાર હું આવી ગયો. તે વખતે મેં એક વાત વારંવાર કહી હતી. તે એ કે આપણે 'ઉત્તરમીમાંસા' કરવી છે. પણ 'ઉત્તરમીમાંસા'નો અર્થ એ છે કે બીજી બધી મીમાંસાઓમાંથી જે જ્ઞાન મળ્યું, તે જ્ઞાનનો સંગ્રહ કરીને પછી આપણે આ મીમાંસા કરીએ છીએ. ઉત્તરમીમાંસા એટલે પાછળની મીમાંસા, કોઈને જવાબ આપવા કરાયેલી મીમાંસા નહીં.

[ગાંધીજીએ આપણને જે વિચાર આપ્યો એની સૌથી મોટી વિશેષતા એ છે કે એમની વૈચારિક ભૂમિકામાં પણ અહિંસા છે. બીજાના વિચારોનું નિરાકરણ કરવું છે, બીજા વિચારોને દુનિયામાં શિકસ્ત આપવી છે અને વળતી આપણા વિચારની પ્રસ્થાપના કરવી છે, એવી ભૂમિકા ગાંધીએ કદી સ્વીકારી નથી.]

સાવલી (મધ્ય પ્રદેશ) માં ગાંધી–સેવા–સંઘનું સંમેલન મળ્યું તેમાં એક વાત એવી આવી કે ગાંધીજીના વિચારોનો પ્રચાર કરવા માટે, 'ગાંધીવાદ'ના પ્રચાર માટે, કંઈક યોજના ઘડવી જોઈએ. ત્યારે કાકાસાહેબને એ કામ સોંપવામાં આવ્યું. કાકાસાહેબે બાપુને કહ્યું કે આપના વિચારો તો હું સમજું છું, એ વિચારોનું પ્રતિપાદન પણ હું કરી શકું, પણ શબ્દ–વલ્ગના (જીભાજોડી!) હું ઝાઝી કરી શકું નહીં. એને માટે આ દાદા ઠીક છે! ત્યારે ગાંધીજીએ એક વાત અમને લોકોને કહી, જે છેવટ સુધી અમારા કાનમાં ગુંજતી રહેશે. એમણે કહ્યું, "ગાંધીવાદ જેવી કોઈ ચીજ, ઓછામાં–ઓછું મારા મગજમાં તો નથી. કોઈ નવા વાદની કે સંપ્રદાયની સ્થાપના કરવા માટે હું દુનિયામાં નથી આવ્યો. મેં એવો કોઈ ઉપદ્રવ નથી કર્યો!"

એમણે આ એક એવી વાત કહી પાડી કે જેને દુનિયાના તમામ બુદ્ધિવાદીઓએ અત્યંત નમ્રતાપૂર્વક અપનાવી લેવી જોઈએ.

### ૫. બુદ્ધિનિષ્ઠાનાં બે લક્ષણો

અહીં તમારામાંથી ઘણાખરા બુદ્ધિમાન લોકો છે. એમની સમક્ષ હું એક બીજી અરજ કરવા માંગું છું. હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં પ્રોફેસરો, વકીલો, ડૉક્ટરો, પત્રકારો, સંસ્કૃતના પંડિતો વગેરે બુદ્ધિમાન લોકો મને કહે છે કે, "તમે જો તમારી વાત બુદ્ધિથી, વિચારથી અમને સમજાવો દો તો અમે માનીએ. બીજી કોઈ રીતે અમે નહીં માનીએ." એક બુદ્ધિમાન, વિચારશીલ મિત્રે તો વાતવાતમાં મને એક દિવસ એટલે સુધી સંભળાવી દીધું હતું કે; "વિચારના ક્ષેત્રમાં આ તમારા ગાંધીનું તો untrained mind-બિનકેળવાયલું અણઘડ ભેજું કહેવાય, અર્થાત્ એ દીક્ષિત નથી, આધુનિક–વિદ્યા–સંપન્ન નથી. એની પ્રજ્ઞા અશાસ્ત્રીય છે. એટલે તમે જો બુદ્ધિયુક્ત રીતે ગાંધીની વાત અમને સમજાવી શકો તો વળી અમે માનીએ!"

ત્યારે મેં એમને કહ્યું, "આપ આ કહો છો તેને વળગી રહેશો? બુદ્ધિથી જ સમજશો ને કે પછી પાછા બદલાઈ જશો?"

કહે, "ના. અમે આ વાતને વળગી રહીશું."

"તો," મેં કહ્યું, "વાત થઈ શકે. સાવ સહેલું છે. કાં તો આપ મને સમજાવી દેશો, કાં હું આપને સમજાવી દઈશ. અને પછી જે સમજી જશે તે દુનિયાના બીજા લોકોને સમજાવવા લાગશે, કેમ ખરું ને?"

તો કહે, "ના, એ ન બને! દુનિયાની આમજનતા સમજાવી સમજે નહીં!"

મેં કહ્યું, "લો ! તમે તો બુદ્ધિનો આધાર એટલામાં જ પડતો મૂક્યો ! તમને તો બુદ્ધિ પર ભરોસો જ નથી !"

એ મને સમજાવવા મંડ્યો, "તમે હજાર વાનાં કરો, પણ આ સત્તાધારીઓ અને સંપત્તિધારીઓ સમજાવ્યા સમજે તેમ નથી."

"તો," મેં કહ્યું, "શું કરવું પડશે ?"

કહેવા લાગ્યા, "એમને તો ડંડાથી દુરસ્ત કરવા પડશે !"

"ત્યારે તો," મેં કહ્યું, "આરંભ આપનાથી જ કરવો જોઇએ ! પછી આપ એમ કેમ કહો છો કે મને બુદ્ધિથી સમજાવો ? આપ આપને માટે તો કહો છો કે મને સમજાવવું જોઇએ, અને બીજાને માટે કહો છો કે એમને તો સમજાવ્યે કામ નહીં સરે ! એમનાં તો માથાં જ ફોડવાં પડશે !"

બુદ્ધિનિષ્ઠાનું પ્રથમ લક્ષણ એ છે કે મનુષ્યને પોતાની બુદ્ધિમાં જેટલો ભરોસો હોય એટલો જ બીજાની બુદ્ધિમાં (સમજશક્તિમાં) પણ ભરોસો હોવો જોઇએ. નહીં તો આપણે એવા મનુષ્યને બુદ્ધિનિષ્ઠ કેમ કરીને માનીએ ? જેને ફક્ત પોતાની બુદ્ધિમાં ભરોસો છે, અને બીજાની સમજશક્તિ વિષે અણભરોસો છે, એને બુદ્ધિમાં ભરોસો જ નથી. એ બુદ્ધિવાદી છે, બુદ્ધિ–યોગી નથી. **ददामि बुद्धियोगं तम्** ! (૧૦–૧૦) 'હું તને બુદ્ધિયોગ આપું છું,' ભગવદ્‌ગીતામાં ભગવાને કહ્યું. 'બુદ્ધિવાદ આપું છું,' એમ ન કહ્યું.

બુદ્ધિનિષ્ઠાનું બીજું લક્ષણ હું તમને બતાવું:

અમે એકવાર એક મિત્રની મોટરમાં દિલ્હી જતા હતા. ત્યાં અધવચ એક સ્ટેશનેથી એ મોટર અમારે માલગાડીમાં ચડાવવા વારો આવ્યો ! થયું એવું કે રસ્તે નદીમાં ભારે પૂર આવ્યું હતું. અમે નિસાસો મૂકીને બેઠા. એક દોસ્તને સ્ટેશને મોકલ્યો. એ આવીને કહેવા લાગ્યો કે, "એ તો કંઈ વેગન આપતો નથી ને કહે છે કે આટલું જલદી વેગન ન મળે ! તમે ત્યાં પહોંચો તેની સાથે જ મોટર પણ પહોંચી જાય એવું ન બને !"

ત્યાં બીજા એક સજ્જન બેઠા હતા એ કહે, "તમે એને કહ્યું શું ?"

"મેં બહુએ સમજાવ્યો કે અમારે તરત ગયા વિના છૂટકો નથી, નદીમાં પૂર છે. અમે કરીએ શું ? ત્યાં પાર્લામેન્ટમાં જવાનું છે ! તોય એ કાંઇ માનતો નથી."

એટલે પેલા સજ્જન કહે, "એક લીલી નોટ સેરવી દેવી'તી ને ! તો તરત માની જાત !"

"સો રૂપિયાની નોટથી કઈ રીતે માની જાત ?" મેં પૂછ્યું. "એની

પાસે હમણાં વેગન હાથ પર છે જ નહીં તે કાંઈ સો રૂપિયાની નોટમાંથી ઊગવાનું હતું ?"

ત્યારે એ સજ્જન કહે છે, "સો રૂપિયાની નોટ લઈને પણ માને નહીં એવો કોઈ માડીજાયો દુનિયામાં પાકયો જ નથી !"

એ ધનવાન હતો. ધનવાનને ધન પર આટલો વિશ્વાસ !

બીજા એક ભાઈ હતા તે કહેવા મંડ્યા, "મને લઈ જવો'તો ને સાથે ! જરા આંખ લાલ કરત અને ડંડો દેખાડત કે ચપ કરતુંને વેગન ધરી દેત !"

જેની પાસે ડંડો છે એને ડંડામાં આટલો વિશ્વાસ !

અને જેની પાસે બુદ્ધિ છે તેને ? કૉલેજનો પ્રોફેસર હોય કે ચાહે તે બીજી જાતનો બુદ્ધિવાદી આદમી હોય, એને બે જ વાતમાં વિશ્વાસ છે. કોઈવાર કહે છે, "દામ વિના કામ નહીં થાય," તો કોઈવાર વળી કહે છે, "તલવાર વગર શકરવાર નહીં." પૂછો કે "સમજાવટથી, બુદ્ધિથી ?" તો કહેશે, "સમજાવટથી કે બુદ્ધિથી તો કદાપિ કંઈ ન વળે !"

હવે કહો, આવું હોય તો 'વિચાર–શિબિર'થી શું વળે ? જે માણસને બુદ્ધિ સિવાયની જ બધી સત્તાઓ પર ભરોસો હોય એ વિચાર શું ધૂળ કરે ? વિચારને માટે સૌથી જરૂરી વાત જો કોઈ હોય, તો તે એ છે કે આપણને આપણી બુદ્ધિમાં ભરોસો હોય તેમ જ મનુષ્ય માત્રની બુદ્ધિમાં પણ ભરોસો હોય. બુદ્ધિને જ જો આપણે મનુષ્યના લક્ષણ તરીકે સ્વીકારી હોય, તો આપણે એ વાત પણ કબૂલી લેવી પડશે કે મનુષ્યની સકળ શક્તિ એની બુદ્ધિમાં છે.

**૬. બુદ્ધિનિષ્ઠાને અભાવે, વિજ્ઞાનની સફળતાના યુગમાં સંસ્કૃતિની નિષ્ફળતા**

આજે દુનિયાની એક મોટી સમસ્યા એ છે કે યુગ તો વિજ્ઞાનનો છે, પણ સત્તા વિજ્ઞાનની નથી. વિજ્ઞાનના યુગમાં બુદ્ધિની પણ સત્તા નથી અને વિજ્ઞાનની પણ સત્તા નથી. આ સમસ્યાનું સમાધાન શી રીતે થાય ? હું એવા નિર્ણય પર આવ્યો છું કે ગાંધીજીની જે પ્રક્રિયા હતી, જેને આપણે ટેકનિક કહીએ છીએ, તેના સિવાય બીજો કોઈ જ રસ્તો નથી.

ઉપનિષદ્માં વાકય આવે છે: **बलं वाव विज्ञानाद् भूयः**–બળ વિજ્ઞાનથી મોટું છે. અને પછી કહે છે કે સેંકડો વિજ્ઞાનવાનોને એક બળવાન **आकंपयते**–કંપાવે છે ! આઈન્સ્ટીનને એવો જ અનુભવ થયો ! દુનિયાના બીજા વૈજ્ઞાનિકોને પણ એ જ અનુભવ થયો. છેવટે એ લોકોએ લખી નાંખ્યું, "We have policed our Scientists.–આપણે વૈજ્ઞાનિકોને પણ પોલીસને હવાલે કરી દીધા છે !" સત્તા પોલીસની છે, વિજ્ઞાનની નથી.

સત્તા સેનાની છે, વિજ્ઞાનની નથી. અને હવે દુનિયાના સઘળા રાજ્ય-નેતાઓ એવા નિર્ણય પર આવી પહોંચ્યા છે કે શસ્ત્રની સત્તાનો યુગ આથમી રહ્યો છે. પરિણામ એ આવ્યું છે કે વિજ્ઞાન તો સાર્વભૌમ * થઈ ગયું, પણ મનુષ્યની સંસ્કૃતિ એની સાથે કદમ મેળવી શકતી નથી. પેલા કેન્ટરબરીના ડીન હ્યુલેટ જ્હોનસને લખ્યું છે, "This is the age of the frustration of Science.–આ વિજ્ઞાનની વિફલતાનો યુગ છે." તમે મને માફ કરો તો હું નમ્રતાપૂર્વક કહેવા માંગું છું કે આ વિજ્ઞાનનો સફળતાનો યુગ છે અને સંસ્કૃતિની વિફલતાનો યુગ છે. આપણી સંસ્કૃતિઓ અને સભ્યતાઓ–હું ચાહીને બહુવચન કહું છું–વિજ્ઞાનની સાથે ડગ ભરી શકી નથી.

આ સમસ્યા આજે આપણા સહુની સામે પ્રધાન સમસ્યા છે, જેનો ઉકેલ આ શિબિરમાં તમારી સાથે બેસીને શોધવાનો પ્રયત્ન હું કરીશ. આપણે જેટલે સુધી જઈ શકીશું તેટલે સુધી જઈશું. જ્યાં નહીં પહોંચી શકીએ ત્યાં કહીશું કે નથી પહોંચી શક્યા.

### ૭. યુગસમસ્યાનું મૂળ કારણ : પરાયાપણાની ભાવનામાંથી જન્મતો ભય

આ સમસ્યાને થોડી વધારે અચૂક ચોક્કસ ભાષામાં તમારી સમક્ષ મૂકી દેવા માંગું છું–ઉપનિષદ્‌માંથી બે વાક્યો લઈને.

ઉપનિષદ્‌માં વર્ણન આવે છે કે પહેલાં આત્મા પેદા થયો....પેદા તો શેનો થયો? આત્મા હતો. 'હતો' એમ લખ્યું છે. હવે, એ હતો એકલો. એની ભારે મઝાની વાત લખી છે. એવી કે મને, તમને, સહુને એનો અનુભવ થાય છે. **एकाकी न रमते।** એને કાંઈ ગોઠતું નહોતું, કેમકે એકલો હતો. 'એકલો એકલો શું કરું?' એકલવાયાપણું કાંઈ ગમતું નથી.

આજ દિન સુધી મનુષ્યનો આ સ્વભાવ છે. જેલમાં અમને મોટામાં મોટી ધાકધમકી આપવી હોય ત્યારે સુપ્રિન્ટેન્ડન્ટ કહેતો, "solitary cellમાં –એકાંત કોટડીમાં–પૂરી દઈશ!" બીજા શબ્દોમાં, "તને એકલો પાડીશ.

---

*સાર્વભૌમ–Paramount–દેશ, અને સ્થિતિના ભેદોથી પર. દા. ત. અણુનો વિસ્ફોટ થઈ શકે છે એ અમેરિકન વૈજ્ઞાનિકે કરી બતાવ્યું, પણ અણુવિસ્ફોટ અમેરિકામાં પણ થઈ શકે અને ભારતમાં પણ થઈ શકે. વિજ્ઞાનની હાલત આવી છે. જ્યારે સંસ્કૃતિની? અણુશક્તિનો ઉપયોગ અમેરિકા પોતાના દેશમાં તો કલ્યાણ માટે જ કરે, પણ બીજા દેશના વિનાશ માટે પણ કરે, કારણ કલ્યાણ–ભાવના સાર્વભૌમ નથી બની.—સં.

ત્યાં તું કોઈને મળી શકીશ નહીં." એ વાતથી બહુ બીક લાગતી. પેટમાં ધ્રાસ્કો પડતો કે ક્યાંક એકાંતમાં રહેવું પડ્યું તો શું થશે? અર્થાત્ એકલી પોતાની જાત સાથે રહીએ તો શું થશે? માણસને મોટી બીક એ છે કે હું મારી જાત સાથે એકલો પડીશ તો મરી જઈશ! સોબતની ઇચ્છા એ એની એક ઘણી જ મોટી અપેક્ષા છે.

**एकाकी न रमते।** એકલાં એકલાં ગોઠતું નથી. બીજાની જરૂર છે. બીજું કોઈ ન હોય ત્યાં સુધી આપણને કંઈ ચેન પડતું નથી. આને મનુષ્યની સામાજિકતા કહે છે. ઉપનિષદે પોતાની ભાષામાં લખ્યું, સમાજશાસ્ત્રી પોતાની ભાષામાં લખે છે. પરંતુ મૂળે વાત એટલી જ છે કે આ મનુષ્યનો સ્વભાવ છે: એને એકલું ગમતું નથી; બીજાની જરૂર વરતાય છે. અને બીજાની સોબતની આ આકાંક્ષામાંથી મનુષ્યનું ચારિત્ર્ય, મનુષ્યની સભ્યતા અને મનુષ્યની સામાજિકતાનો આરંભ થાય છે.

બીજું વાક્ય પણ ઉપનિષદ્‌નું જ છે. વાક્ય શરૂ આ રીતે જ થાય છે કે આત્મા પહેલાં એકલો હતો એટલે બેચેન હતો. પણ હવે એને શેનો ડર લાગે છે? "હું એકલો જ છું ને? ક્યાંક કોઈ બીજું તો અહીં નથી ને?" કેમ એમ? **द्वितीयाद् वै भयं भवति**–બીજું હોય તો બીક લાગે છે!

છોકરાને કહ્યું, "અંધારામાં એકલો જા!"

કહે છે, "એકલો નહીં જાઉં."

"કેમ વારુ?"

તો કહે છે, "ત્યાં કોઈ હોય તો?"

હવે એને ડર એ વાતનો છે કે ત્યાં બીજું કોઈ હશે! પહેલાં તો બીજું કોઈ નહોતું, એકલો હતો, માટે જીવ ગોઠતો નહોતો અને હવે એટલા માટે બીએ છે કે કદાચ બીજું કોઈ હોય તો! બે જાતની પ્રવૃત્તિ મનુષ્યના મનમાં છે; પહેલી આકાંક્ષા કે "બીજું કોઈ હોય, એકલો હોઉં એ ઠીક નહીં," બીજી એ બીક કે "બીજું કોઈ હશે તો શું થશે, ભગવાન?"

### હથિયારબંધ કાયરતા: ગદાધારી અહિંસા

આજે જે આંતરરાષ્ટ્રીય સમસ્યા છે, તે આ બીજા પ્રકારની છે. એનું વર્ણન આપણે ત્યાંના દાર્શનિક રાષ્ટ્ર–ઉપાધ્યક્ષ ડૉ. રાધાકૃષ્ણને કર્યું છે. એમણે એમ કહ્યું છે કે આજનો જમાનો હથિયારબંધ કાયરતાનો જમાનો છે. કાયરતાના હાથમાં હથિયાર છે. કાયરતા નખશિખ હથિયારથી લદાયલી છે!

એક આશ્રમ છે. એમાં સત્ય અને અહિંસાની મૂર્તિઓ જોડાજોડ

બેસાડેલી છે, રાધાકૃષ્ણની હોય છે તેમ! એમાં અહિંસાના હાથમાં એક ગદા આપેલી છે! મેં પૂછ્યું, "અહિંસાના હાથમાં ગદા શા માટે?

તો કહે, "શસ્ત્રોનો ઉપયોગ શાંતિ માટે થવો જોઈએ, એનું આ પ્રતીક છે."

મેં કહ્યું, "શાંતિ જો શસ્ત્રોને શરણે જાય તો શાંતિ શાંતિ રહે ખરી? એથી તો શસ્ત્રની સત્તા થાય, શાંતિની સત્તા ન થઇ શકે."

શાંતિને પણ જો શસ્ત્રનું શરણ લેવું પડે, અહિંસાને પણ જો ગદાનો આશરો લેવો પડે, તો તો પછી જેની ગદા મોટી હશે તેની 'અહિંસા' પણ શ્રેષ્ઠ લેખાશે! એમાં પછી અહિંસા તો કયાંય રહે જ નહીં. એ તો ગદાયુદ્ધ જ થઈ જાય! 'ગદાધારી અહિંસા'માં અહિંસાનું કાંઈ સ્થાન જ નહીં રહે, એકલી ગદા જ ગદા રહેશે.

આજે આખી દુનિયામાં આ બીજી વસ્તુ જોવા મળે છે-**द्वितीयाद् वै भयं भवति।**

પરંતુ એક વાત સમજી લેવા જેવી છે. જેની ગેરહાજરીને લીધે મન બેચેન રહે અને જેની હાજરીની આશંકાથી દિલ ફફડે એ બે વ્યક્તિ અનિવાર્ય રૂપે હમેશાં અલગ અલગ જ હોય છે એવું નથી. હું કહું છું કે નારાયણ દેસાઇ નથી એટલે મારા જીવને કાંઈ ગોઠતું નથી. પછી ધારો કે નારાયણ દેસાઇ સાથે મારો ઝઘડો પડયો. ત્યારે નારાયણ દેસાઈ નજીક છે એ જ કારણે મારું દિલ ફફડ્યા કરશે. એક જ વ્યક્તિ અંગે બેય વાત થઇને? નારાયણ દેસાઈ તો એનો એ છે, પણ એના તરફનું મારું જે વલણ હતું તે બદલાઈ ગયું.

### પરાયાપણું જાય તો જીવન સંપન્ન બને

તો અહીં ઉપનિષદ્‌ના ઋષિએ એ વસ્તુનો ઈશારો કર્યો છે કે પરાયાપણાની-દ્વિતીયતાની-ભાવના જ્યાં હોય છે, ત્યાં ભય ઉત્પન્ન થાય છે. જ્યાં પરાયાપણાની ભાવના ન હોય, ત્યાં પારકું માણસ પોતીકું બની જાય છે અને ત્યારે જીવન દ્વિગુણિત થઈ જાય છે, સંપન્ન (સંપત્તિવાળું) થઈ જાય છે. અને જ્યાં બીજું માણસ પોતીકું ન હોય, પારકું હોય, પરાયાપણાની ભાવના જ્યાં હોય, ત્યાં એ બીજું માણસ આપણે માટે દુઃખદાયી થઈ પડે છે અને જીવન વિપન્ન (વિપત્તિવાળું) થઈ જાય છે.

સંપત્તિ અને વિપત્તિનું એક લક્ષણ મેં આરંભમાં તમારી સામે મૂક્યું હતું. તે વખતે એને વધારે વિશદ નહોતું કર્યું. હમણાં મેં એની

વ્યાખ્યા જ તમારી સામે મૂકી દીધી. તે એ કે જ્યારે મનુષ્યમાં પરાયા-પણાની ભાવના ઓછી થાય છે, અથવા બિલકુલ નથી રહેતી, ત્યારે જીવન સંપન્ન થાય છે; જ્યારે પરાયાપણાની ભાવના વધારે હોય છે અથવા તીવ્ર બને છે, ત્યારે જીવન વિપન્ન થઈ જાય છે.

## ૮. પરાયાપણાની ભાવનાનો ઉપાય : હૃદયપરિવર્તન

તો હવે આપણો સવાલ શો થયો? આપણે પરાયાપણાની-બીજા-પણાની-ભાવનાનું નિરાકરણ કરવું છેઃ પરિસ્થિતિમાંથી, સંસ્થાઓમાંથી, સમાજરચનામાંથી અને મનુષ્યની પોતાની મનોવૃત્તિમાંથી પણ. એટલા માટે ગાંધીએ આ પ્રક્રિયાને ઘણું જ અન્વર્થક, યથાર્થ, નામ આપ્યું હતું. એમણે એને હૃદયપરિવર્તનની પ્રક્રિયા કહી હતી. લોકોએ પુષ્કળ મશ્કરી કરી કે આ હૃદયપરિવર્તન એ વળી શું તૂત કાઢ્યું? કેટલાકે તો ત્યાં સુધી કહી પાડ્યું કે હૃદય જ નથી ત્યાં વળી પરિવર્તન શેનું?

વિજ્ઞાન આટલી હદે પહોંચ્યું હતું. આ હું મારા ખિસ્સાની વાત નથી કરતો. તમને કદાચ ખબર નહીં હોય, પણ હું વૈજ્ઞાનિકોની કહેલી વાત જ કહું છું. એક જણે લખ્યું હતું, "'Darwinism banished Mind from the Universe and Neo-Darwinism is banishing Life from the Universe." અર્થાત્ પેલો ડાર્વિન આવ્યો એણે તો આપણા જીવનમાંથી મનને દેશનિકાલ કર્યું, અને હવે આ નૂતન-ડાર્વિનવાદીઓ આવ્યા છે, એ તો જીવનને જ વિશ્વમાંથી દેશનિકાલ કરવા મંડયા છે! એટલે કે એ લોકો કહે છે કે દુનિયામાં બીજું બધું રહેશે, માત્ર જીવનને માટે અહીં જગ્યા નથી! આમેય હૃદય અને મનને કોઈ શાસ્ત્રમાં સ્થાન મળતું જ નહોતું અને માનસશાસ્ત્રીઓને તો કોઈ શાસ્ત્રી માનવા જ તૈયાર નહોતા! આજ દિન સુધી પણ માનસશાસ્ત્રને એક નક્કર શાસ્ત્ર તરીકે માન્ય કરનારા ગણ્યાંગાંઠ્યા જ છે. કહે છે કે "આખરે, પોતાના મનનું જ માનેલું શાસ્ત્ર છે ને!" લેબોરેટરીમાં-પ્રયોગશાળામાં-જે વિજ્ઞાન છે તેને જ જેમણે સમસ્ત વિજ્ઞાન માન્યું, એમણે ગાંધી પર એવો આરોપ મૂક્યો કે આ માણસ અવૈજ્ઞાનિક વાતો કરે છે; કારણ કે મનુષ્યના હૃદયથી વધારે અવૈજ્ઞાનિક બીજું શું હોઈ શકે?—'What can be more unscientific than your heart?' મનુષ્યનું હૃદય સૌથી વધુ અવૈજ્ઞાનિક છે. તેથી આ ગાંધી જ્યારે હૃદયપરિવર્તનની વાત કરે છે ત્યારે તદ્દન અવૈજ્ઞાનિક વાત કરે છે.

## ૯. હૃદયપરિવર્તન માટે ગાંધી–પ્રણીત સત્યાગ્રહ

મેં, આજની સમસ્યાનું આ સ્વરૂપ તમારા લોકોની સમક્ષ, એ હેતુથી રજૂ કર્યું છે કે એનાથી તમને ખ્યાલ આવે કે આજની સમસ્યા વૈચારિક સમસ્યા છે. અને વૈચારિક સમસ્યાના નિરાકરણની પ્રક્રિયા મત-પરિવર્તનની તથા હૃદયપરિવર્તનની પ્રક્રિયા જ હોઇ શકે. આજે માનવીય મૂલ્યોની સ્થાપનાનો યુગ ચાલે છે. માનવીય મૂલ્યોની સ્થાપના મનુષ્યની બુદ્ધિ અને મનુષ્યના હૃદયની મારફતે જ થઇ શકે છે. માનવીય મૂલ્યોની સ્થાપનાનું બીજું કોઈ માધ્યમ હવે દુનિયામાં કયાંય રહ્યું નથી.

અંતે, પ્રત્યક્ષ જીવનમાંથી, આજના આંતરરાષ્ટ્રીય જીવનમાંથી, એકાદ ઉદાહરણ રજૂ કરીને આ ભાષણ પૂરું કરીશ.

ગાંધીએ ૧૯૩૯ માં હિટલરને એક પત્ર લખ્યો કે, "તું લડાઇ ન કર!" અને ચર્ચિલને પણ એક પત્ર લખ્યો કે, "દુનિયામાં તારું રાષ્ટ્ર મુખ્ય છે, શસ્ત્રશક્તિમાં આખી દુનિયા તારી આણ માને છે, તો તું શસ્ત્ર ફગાવી દે."

તે દિવસોમાં અમે લોકો ત્યાં જ એમની આસપાસ રહેતા હતા, એટલે લોકોએ અમને સંભળાવી કે, "બસ, ખલાસ! અત્યાર સુધી તો અમે કંઈક ધારતા કે આ આદમી થોડોક વિચાર કરી શકે છે, એનામાં પણ ભેજું છે! પણ લ્યો, હવે તો એ હિટલરને પત્ર લખે છે! હવે તો હદ થઇ ગઇ! આથી વધારે મોટો અવિવેક બીજો કાંઇ હોઇ શકે ખરો?"

લોકોએ કહ્યું કે, "દરેક મોટા માણસોને આવું કંઇક થતું જ હોય છે. એક એકને માથે કંઇ ને કંઇ ધૂન સવાર થઈ જાય છે અને એટલે એમના દિમાગનું સમતોલપણું ખોરવાઇ જાય છે."

હવે આ રહ્યા ગાંધી, એટલે આથી વધારે કહેવાની તો હિંમત ચાલતી નહોતી કોઇની, પણ તોયે એટલે સુધી તો કહી જ દીધું કે, "એમનું mental balance–મગજનું સમતોલપણું હવે કંઇ રહ્યું નથી. This is an index of a mental unbalance not amounting to insanity,–છેક ગાંડપણની હદે નહીં પહોંચેલી છતાં જેને માનસિક અસ્થિરતા જ કહી શકાય તેનું આ ચિહ્ન છે."

તે દિવસોમાં અમારા એક મિત્રે અમને આવું કહ્યું હતું. બહુ મોટા મુત્સદ્દી હતા એ, અને અમારે ત્યાં વારંવાર આવતા જતા.

આજે જવાહરલાલ શું કહી રહ્યા છે? જવા દો બિચારા ગાંધીને! એણે જે

કાંઈ કહ્યું તેનેય મૂકો પડતું. લોકોને મોંએ એણે તો આપડે 'પાગલ'નું બિરુદ કમાઈ લીધું. પણ તે પછી અખિલ ભારત કોંગ્રેસ મહાસમિતિની બેઠક થઈ. જવાહરલાલજી એમાં હતા. વ્યવહારની રીત આમ આમ છે, રાજનીતિ આ પ્રકારની છે, આંતરરાષ્ટ્રીય રાજકારણના રંગઢંગ આવા છે, ઇત્યાદિ વાતો એમણે કહી. ત્યારે બાપુએ એવો જવાબ આપ્યો હતો કે, "લોકો કહે છે કે હું તો હવાઇ કિલ્લા બાંધ્યા કરું છું, પણ હું તો આજસુધી એકે વાર હવાઇ જહાજ (વિમાન)માં નથી બેઠો! આ નક્કર ભોંય ઉપર જ રહું છું ને એના ઉપર જ પગ માંડું છું. એવો હું તમને આજે કહી દેવા માંગું છું કે આ જવાહરલાલ મારો વારસ થવાનો છે અને હવે એવો જમાનો આવવાનો છે જ્યારે મારી વાત એ જ પોતે કહેશે. આજે જે વાત હું કહું છું અને જેને માટે લોકો મને પાગલ કહે છે, તે જ મારી વાત એ આગળ જતાં કહેશે."

આજની આંતરરાષ્ટ્રીય સભાઓમાં જવાહરલાલનું આટલું બધું બહુમાન થાય છે, તે એમણે એવું તે શું કહ્યું ત્યાં જઇને? એ જ ને કે, "ભાઇ, હથિયાર ન ઉગામો." અમેરિકાને કહ્યું, રશિયાને કહ્યું, ચીનને કહ્યું. તે વખતે ગાંધીની વાત માનવા તૈયાર નહોતા. આજે આ બધા લોકો જવાહરલાલજીને એવા તો પૂજે છે અને એમનું એવું તો સ્વાગત કરે છે કે ભલભલા બાદશાહનુંય એવું સ્વાગત દુનિયામાં કદી નહીં થયું હોય! કોઇ સંતનુંય નહીં થયું હોય! એમની શેરવાનીની કિનાર ચૂમવા માટે લોકો ધસારો કરે છે અને કહે છે કે ભાઈ, શ્રીકૃષ્ણ પછી આવો ખૂબસૂરત આદમી તો આ જ એક જોયો!

દુનિયામાં આ જે બધું થઈ રહ્યું છે, તે ગાંધીની વિભૂતિનું ગૌરવ છે, પછી ભલે એ ગમે તેના શરીરને નિમિત્ત બનાવીને પ્રગટ થતું હોય. જે વિભૂતિ આજના યુગ સાથે સમરસ થઈ ગઈ છે, એકરૂપ થઇ ગઇ છે, એ વિભૂતિનું આ ગૌરવ છે. એ ગૌરવ આજે જવાહરલાલને મળતા બહુમાનમાં વ્યક્ત થાય છે. આજે સમાજમાં અને પરિસ્થિતિમાં જ એવી આકાંક્ષા છે, કે જેથી ફોર્મોસા વિશે જ્યારે આ માણસ ચીન જઇને એમ કહી આવે છે કે "ફોર્મોસા તમારા જ દેશનું અવિભાજ્ય અંગ છે, પરંતુ તમે શસ્ત્રથી એનો કબજો ન લેશો," ત્યારે માઓ પણ એની વાત માની જાય છે. ઓછામાં ઓછું એટલું તો સમજે જ છે કે આ માણસ જે વાત કહે છે તે વિચારવા જેવી છે.

એ જ જવાહરલાલ જ્યારે આપણા દેશમાં આવે છે અને ગોવાનો પ્રશ્ન ખડો થતાં કહે છે કે હું હથિયાર નહીં ઉપાડું, ત્યારે લોક એને પૂછે છે, "ફોજ રાખે છે અને તોયે હથિયાર નથી ઉપાડતો ?"

"અરે, ફોજ જ ન રાખતો હોત અને હથિયાર ન ઉગામત, તો તો તમે કહેત કે એમાં શું, એ તો તારી લાચારી છે! મારી પાસે ફોજ છે, મારી પાસે હથિયાર છે, અને તેમ છતાં હું હથિયાર નથી ઉગામતો, ત્યારે હું લાચારીની દશાથી ઊંચે ચઢું છું. તમે મને બેવકૂફ કહી શકો પણ કાયર નહીં કહી શકો! હા, હું જો એમ કહેત કે હું અમેરિકાની સામે હથિયાર નથી ઉગામતો, હું રશિયાની સામે હથિયાર નથી ઉગામતો, તો તમે કહેત કે 'ઉગામી જ નથી શકતો એટલે એમ કહે છે, making virtue of a necessity–તું તો લાચારીને સદ્‌ગુણ તરીકે ખપાવે છે. લાચારી એ કાંઈ તારી શક્તિ ન કહેવાય. એમની સામે બીજું તું કરી શું શકે તેમ છે જ તે?' પણ હું તો આ ગોવા વિશે કહું છું."

તો, હું એમ માનું છું કે હાથમાં સત્તા હોય, રાજ્યનેતાનું પદ હોય, આટલું સામર્થ્ય ધરાવતો હોય, છતાં પણ જેણે હથિયાર ઉપાડવાનો ઈન્કાર કર્યો હોય, એવો દાખલો તો હું માનું છું કે અશોક પછી આ જ એક જોવા મળ્યો! ઈતિહાસમાં બીજા આવા દાખલા તો સાધુ સંતોના જોયા છે. ભીષ્મનું ઉદાહરણ છે, પણ એની ભૂમિકા બિલકુલ ભિન્ન છે. આજના આંતરરાષ્ટ્રીય સંદર્ભમાં, તમે જો આ વસ્તુને મૂકીને જોશો, તો તમે મારી સાથે એ વિશે સહમત થઈ જશો કે આવી એક આકાંક્ષા આજના યુગમાં જ છે.

બીજી બાજુ ગોવામાં આપણા કેટલાક ભાઇ, જેમની વીરતા, ત્યાગ અને દેશભક્તિને જોઈ ને તમે, હું, બધા જરૂર મસ્તક જ નમાવીએ, એ લોકો સત્યાગ્રહ કરી રહ્યા છે. સત્યાગ્રહનું શાસ્ત્ર શું છે, સત્યાગ્રહનું તંત્ર શું છે, સત્યાગ્રહની વૃત્તિ કેવી હોય, એ બધી બાબતો આજે મારે ચર્ચવી નથી; હું તમારા બધાં વતી મારી શ્રદ્ધાંજલિ અને આદરાંજલિ એ લોકોના ચરણે ચડાવું છું.

### ૧૦. ક્રાંતિની આંખથી સત્યાગ્રહને યુગના પદચિહ્ન રૂપે ઓળખીએ

પરંતુ સવાલ એ છે કે છેવટે, આ બધાને રહી રહીને એક માત્ર સત્યાગ્રહનો રસ્તો જ કેમ સૂઝ્યો? કેમ ફોર્મોસામાં કોઇ સત્યાગ્રહ કરવા ન ગયું? કેમ કોરિયામાં કોઇએ સત્યાગ્રહનું નામ ન લીધું? કારણ એ છે કે ત્યાંની હવામાં અને ત્યાંની માટીમાં જ સત્યાગ્રહ નહોતો. હવે આ સત્યાગ્રહ સેળભેળ સત્યાગ્રહ છે કે શુદ્ધ સત્યાગ્રહ છે, એવા બધા વિચાર થોડી વાર માટે તમે એક કોરાણે મૂકી દો અને તટસ્થ વૃત્તિથી વિચારો; objectively–વસ્તુસ્થિતિનો વિચાર કરો. તો તમારે કબૂલ કરવું પડશે

કે આ દેશમાં જ્યારે પણ અંતિમ ઉપાય લેવાનો ખ્યાલ મનુષ્યના મનમાં આવે છે ત્યારે એના મનમાં સત્યાગ્રહનો વિચાર આવે છે.

તેથી મેં તમને કહ્યું કે આ યુગમાં હું જ્યાં જોઉં છું ત્યાં, તમામ સમસ્યાઓમાંથી, મને ગાંધીની વિભૂતિનાં જ દર્શન થાય છે. દરેક સ્થળે એમની સત્તાનું ભાન થાય છે. સમસ્યાઓ કેમ જાણે એક અવનવે સ્વરૂપે આપણી સામે રજૂ થાય છે.

આજે, તમે વિચારો તો ખરા, સત્યાગ્રહની વૈચારિક પકડ આ દેશ પર કેટલી બધી જામી ગઈ છે! આપણે જ્યાં શસ્ત્રનો ઉપયોગ કરી શકીએ તેમ છીએ, ત્યાં પણ શસ્ત્રનો ઉપયોગ નથી કરતા! ત્યાં શસ્ત્રનો ઉપયોગ થાય છે તે પણ નિઃશસ્ત્ર પ્રતિકારીઓની સામે (પોર્ટુગીઝો દ્વારા) થઈ રહ્યો છે. શાંતિમય શૌર્ય દાખવનારા લોકો પર આસુરી અત્યાચાર થાય છે, એવું દૃશ્ય દુનિયાની સામે ઉપસ્થિત થયું છે.

બે અલગ અલગ ઉદાહરણો આપણે જોયાં. એક તો થયું, ફોર્મોસાનું, જ્યાં જવાહરલાલની શાંતિ અને સમજૂતીથી કામ લેવાની વાત સ્વીકારી લેવાઇ. બીજું અહીં ગોવાના મામલાએ આ જાતનું સ્વરૂપ ધારણ કર્યું. તો, જવાહરલાલનો આમાં આશય શો ?

દુનિયામાં આજે આકાંક્ષા એ છે કે યુદ્ધથી આંતરરાષ્ટ્રીય સમસ્યાઓનું સમાધાન શોધવામાં ન આવે, સમાધાન માટે શસ્ત્રપ્રયોગ કરવામાં ન આવે, પણ વિવેકથી અને એકમેકને મનાવી-સમજાવીને જ સમસ્યાઓનું સમાધાન સાધવાનો પ્રયત્ન કરવામાં આવે. આ ભૂમિકા પર આંતરરાષ્ટ્રીય રાજપુરુષો આરૂઢ થઈ ચૂકયા છે. બીજી બાજુ, જે લોકોને શસ્ત્ર ઉપર જ વિશ્વાસ હતો, ગાંધી ઉપર કદીયે નહોતો, ગાંધીની સત્યાગ્રહની નીતિ વિશે જેમને કદી પણ શ્રદ્ધા નહોતી, એવા લોકોને પણ આજે સત્યાગ્રહ સિવાય, પ્રતીકારને માટે બીજા એકેય તંત્રનો, ખ્યાલ સુદ્ધાં નથી આવતો !

મારે–તમારે માટે જીવનની તેમ જ સમસ્યાઓની દૃષ્ટિએ આ એક વિચારણીય વિષય છે. આવા તમામ વિષયોમાં મારી પોતાની દૃષ્ટિ કાયમ વિધાયક (રચનાત્મક) રહી છે. દોષ તો જેમ પોતાના જોઈ શકીએ, તેમ પારકાના પણ ખુશીથી જોઈ શકીએ. પણ આપણા સૌના દિમાગમાં પરિસ્થિતિનું વિધાયક દર્શન થવું જોઇએ, પરિસ્થિતિનો વિધાયક વિચાર ઉત્પન્ન થવો જોઇએ, એવી દૃષ્ટિથી આ સમસ્યાઓનો મેં હમણાં ઉલ્લેખ માત્ર કર્યો છે.

—અગાઉ બે–ચારવાર મેં એક ઉદાહરણ કહ્યું હતું. મુંબઇમાં દારુના એક પીઠામાં બેઠો બેઠો અમારો એક ખાદીધારી ભાઇ દારુ પીતો હતો!

હવે મારા એક મિત્ર ખાદી–વિરોધી હતા. હંમેશાં કહેતા: "ખાદીમાં શું બળ્યું છે?" ખાદીની વિરુદ્ધ જે બધી stock arguments, ચવાઇ ચવાઇને કૂચો થઈ ગયેલી દલીલો કાયમ થયા કરતી તે જ તેઓ પણ કરતા. અધૂરામાં પૂરું એમણે ખાદીધારીને દારુ પીતો જોયો, એટલે એમને તો મજબૂત પુરાવો મળી ગયો! મને કહેવા મંડયા : "જો, આ તારો ખાદીવાળો! દારુ ઢીંચે છે ને!

મેં કહ્યું, "હા... ખાદી તો પહેરી છે. અને દારુ પણ પીએ છે, એટલું તો કબૂલ કરું જ છું"

એ મિત્ર કહે, "હવે, શેનો કબૂલ ન કરે? આના કરતાં તો અમે સારા ને, ખાદી નહીં પહેરનારા? ઓછામાં ઓછું દારુ તો નથી ઢીંચતા?"

મેં કહ્યું, "દારુ નથી પીતા એ તો યોગ્ય કરો છો, પણ તેથી ખાદી નથી પહેરતા એ કઇ રીતે સારું થઈ ગયું?"

કહે, "અરે, આ ખાદીવાળો દારુ ઢીંચે છે, તોય તું આમ કહે છે?"

મેં એમને જવાબ આપ્યો, "તમારી દૃષ્ટિ ક્રાંતિકારીની દૃષ્ટિ નથી. મેં આ દૃષ્ટિ ગાંધી પાસેથી ઉધાર લીધેલી નથી. તમે એને ગાંધીની દૃષ્ટિ જરાયે ન માનતા હું એક ક્રાંતિકારીની દૃષ્ટિએ જ જોવાનો પ્રયત્ન કરું છું. આ ખાદીધારી દારુ નથી પીતો, આ તો દારુડિયો ખાદી પહેરવા મંડયો છે!... તમારી અને મારી દૃષ્ટિમાં આ ફેર છે. ખાદીનાં કપડાંને જે સામાજિક પ્રતિષ્ઠા સાંપડી છે, તેનો એ ફાયદો લેવા માંગે છે."

એટલે એમણે બીજું ચલાવ્યું, "ખરું ને! એ ખાદીને exploit કરે છે–ખાદીનો દુરુપયોગ કરે છે!"

મેં કહ્યું, "હા, દુનિયામાં સારી વસ્તુનો જ દુરુપયોગ (exploitation) થાય છે, ખરાબ વસ્તુનો કદી દુરુપયોગ નથી થતો!"

દુર્ગુણનો કદી દુરુપયોગ થયો છે? અરે ભાઈ! ભગવાનના નામનો દુરુપયોગ થાય છે કે શેતાનના નામનો? કદી કોઈએ સ્વાર્થ માટે શેતાનનું નામ વટાવ્યું જાણ્યું છે? તમે કહો છો કે, "તમારા ભગવાનનું નામ વટાવાય છે તેથી ભગવાન જ ન જોઇએ! આ તે કયાંની વાત? દુનિયામાં જેટલી સારી ચીજો હોય છે, જેટલાં પ્રગતિશીલ અને ઉન્નતિકારી તત્ત્વો હોય છે, એમનું જ નામ વટાવાય છે, એમનો જ દુરુપયોગ થઈ શકે છે. અંગ્રેજીમાં કહે છે ને કે, "Hypocrisy is the tribute that Vice pays to Virtue" દુર્ગુણને જ્યારે સદ્‌ગુણનું બહુમાન

કરવું હોય છે, ત્યારે દુર્ગુણ સદ્‌ગુણનો સ્વાંગ ધારણ કરે છે! દંભ, ઢોંગ એ દુર્ગુણની સદ્‌ગુણને ચરણે વ્યક્ત કરાયેલી નિષ્ઠા છે.

એટલે જ જ્યારે લોકો એમ કહે છે કે, 'આ તો જૂઠો સત્યાગ્રહ છે, દંભ છે...' ઇત્યાદિ, ત્યારે હું એની ઝાઝી ચર્ચામાં નથી પડતો. હું એક લક્ષણ પકડીને તપાસી લઉં છું. અને એ આ યુગનું લક્ષણ છે, યુગનું એ પદચિહ્ન છે. તે એ કે આજે સત્યાગ્રહની નીતિ સમાજમાં સુપ્રતિષ્ઠિત થઈ ગઈ છે અને ક્રાંતિની પ્રક્રિયામાં એનું સ્થાન હવે અવિચળ થઈ ગયું છે. હવે પછી જે ક્રાંતિની પ્રક્રિયા આવશે તે સત્યાગ્રહને અનુરૂપ હશે. જો એ સત્યાગ્રહની જ પ્રક્રિયા હશે તો જ એ સૌથી ઉત્તમ હશે. આજના જમાનાનો આ ઇશારો છે, યુગનો આ સંકેત છે.

## ૧૧. પુનરાવર્તન, પૂર્તિ અને પર્વભૂમિકા

મેં આજના આ પ્રારંભિક ભાષણમાં તમારી સામે જગતની સમસ્યાનું સ્વરૂપ, વૈચારિક ભૂમિકાએથી, રજૂ કરી દીધું છે.

આજની આખીયે સમસ્યા વૈચારિક સમસ્યા શા માટે છે? વાદ અને વિચાર વચ્ચે અંતર ક્યાં પડે છે? વાદ, વિચાર અને સંપ્રદાયમાં શો ભેદ છે?

વિચાર નિત્ય પ્રવાહશીલ હોય છે, ઝરણાની જેમ. વહેતું ઝરણું જેમ પ્રવાહશીલ હોય છે, તેમ વિચારમાં નિત્ય પ્રવાહ હોય છે.

ગાંધીએ કહ્યું: "મારો વાદ કે સંપ્રદાય રચી જ ન શકાય, મારો તો પ્રવાહ છે."

વિચારમાં પ્રવાહ હોય છે તેમ એમાં વિકાસ પણ હોય છે. પાણી જેમ જામી જઈને કઠોર બરફ બને છે, તેમ વિચાર પણ જ્યારે જામી જાય છે ત્યારે એ સંપ્રદાય અને વાદ બની જાય છે અને એમ એમાં કઠોરતા આવી જાય છે. બરફના ગાંગડાની જેમ પાણીને ફેંકીને મારી શકાતું નથી. બરફ ફેંકીએ તો વાગે, ઘાયલ કરે.

તેથી અહીં આપણે જે વિચાર કરીશું તે નમ્રતાપૂર્વક, કોઈ પણ પ્રકારનો આગ્રહ રાખ્યા વિના કરીશું. વિચારમાં પહેલાં આગ્રહ આવે છે અને આગ્રહને પગલેપગલે આક્રમણ આવે છે. આક્રમણમાં હાર અને જીતની, જય-પરાજયની, મનોવૃત્તિ હોય છે. આપણે કોઈનાય વિચારનો પરાજય નથી કરવો, તેમ જ આપણા વિચારની સ્થાપના પણ નથી કરવી. આપણે તો સત્ય સુધી પહોંચવું છે. માનવીય જીવનનું જે સત્ય હોઈ શકે

ત્યાં સુધી આપણે પહોંચવું છે. આપણે નમ્રતાપૂર્વક બુદ્ધિથી કામ કાઢી લઇશું.

બુદ્ધિથી કામ કાઢવામાં 'વાદનો બાધ' અટકાયત કરે છે.

વળી મેં તમને કહ્યું કે બીજી નડતર આપણા માર્ગમાં એ છે કે મનુષ્યને બુદ્ધિનું અભિમાન છે અને અભિમાન પાછું એટલું બધું છે કે એ બુદ્ધિને કામે લગાડવા જ નથી માંગતો! ભગવાને મનુષ્યને બુદ્ધિ આપી છે અને મનુષ્યને ભગવાન સામે ફરિયાદ જ એ છે કે "તેં અમને બુદ્ધિ આપી શા માટે? હવે અમે એનું વેર વાળીશું એનો ઉપયોગ જ અમે કદી નહીં કરીએ!" આમ એ ભગવાનની સામો પડયો છે, બુદ્ધિની વિરુદ્ધ બળવો કરવા માટે!

હું જ્યાં જ્યાં બુદ્ધિવાદીઓની વચ્ચે જાઉં છું, ત્યાં ત્યાં જોઉં છું કે બુદ્ધિશાળીઓને કાં તો સત્તામાં ભરોસો છે, કાં શસ્ત્રોમાં છે, કાં સંપત્તિમાં છે; પણ બુદ્ધિવાદીઓને બુદ્ધિનો ભરોસો જરાયે નથી પડતો! તેથી કહે છે કે અમને તો બુદ્ધિથી સમજાવો, પણ દુનિયાને તો મારીઠોકીને જ સમજાવવી પડે!

આ કાંઈ વાસ્તવિક અને યથાર્થ બુદ્ધિનિષ્ઠા ન કહેવાય. આ તો બૌદ્ધિકતામાં ઉત્પન્ન થયેલો એક આંતરૂવિરોધ છે.

આપણા વ્યક્તિત્વમાં આ જ આંતરૂવિરોધ એક બીજે સ્વરૂપે પણ દેખા દે છે: બે આકાંક્ષાઓને સ્વરૂપે. એક તો **एकाकी न रमते** અને બીજી: **द्वितीयाद्वै भयं भवति**। આની છાયા સામાજિક પરિસ્થિતિ ઉપર મનુષ્યોના: પરસ્પરના અવિશ્વાસ અને હિતવિરોધને સ્વરૂપે પડી છે. વળી એ જ છાયા આંતર્રાષ્ટ્રીય પરિસ્થિતિમાં હથિયારબંધ કાયરતાને રૂપે જોવા મળે છે.

પરિણામે વિજ્ઞાન તો સાર્વભૌમ આંતર્રાષ્ટ્રીય થઈ ગયું છે, પણ મનુષ્યોની સભ્યતાઓ અને સંસ્કૃતિઓ એની સાથે કદમ મિલાવી શકતી નથી.

સંસ્કૃતિઓ અને સભ્યતાઓને મનુષ્યના આપસના સંબંધો સાથે લાગેવળગે છે. મનુષ્યોના આપસના સંબંધોના બે આધાર છે:—
(૧) પરિસ્થિતિ, અને (૨) મનુષ્યોની વૃત્તિઓ.

[તેથી ક્રાંતિનું કાર્ય દ્વિવિધ થઇ પડે છે. એક તરફથી પરિસ્થિતિનું પરિવર્તન અને બીજી તરફથી આપણી મનોવૃત્તિનું પરિવર્તન. આવું દ્વિવિધ પરિવર્તન કરવા માટે જે લોકો બહાર પડે છે એમને જ ક્રાંતિકારી કહે છે.

એમનું પોતાનું મનઃપરિવર્તન જો નહીં થયું હોય, તો એમનામાં પરિસ્થિતિનું પરિવર્તન કરવાની યોગ્યતા અને કાર્યક્ષમતા નહીં આવે.

તેથી આરંભ હૃદયપરિવર્તનથી થાય છે. હૃદયપરિવર્તનની પ્રક્રિયા જ પ્રધાન પ્રક્રિયા છે. આ હૃદયપરિવર્તન એ ગાંધીજીએ ક્રાંતિની પ્રક્રિયાને આપેલી એક મહાન ભેટ છે.

તેથી મેં કહ્યું કે હવે જે જમાનો આવી રહ્યો છે, તેમાં સમસ્યાઓનું નિરાકરણ ગાંધીની રીત સિવાય નહીં થઇ શકે. કોઈ કહે છે કે એ જમાનો એક વરસમાં આવી જશે, તો કોઈ કહે છે કે બે વરસમાં આવી જશે. મહારાજને લોકો પૂછે છે કે સત્તાવન સુધીમાં આ કામ થઇ જશે? ગાંધીને પણ એ લોકો એમ પૂછયા કરતા કે શું એક–બે વરસમાં થઈ જશે? તો આ કંઇ ટાઈમટેબલ નથી કે કોઈ ફળજ્યોતિષનો વર્તારો નથી. આ તો ગણિત–જ્યોતિષ છે. એમાં તારીખ છે તે વર્તારાની તારીખ જેવી નથી. એનો અર્થ તો એટલો જ છે કે જમાનાની રુખ હવે આ તરફ છે. સમસ્યાઓનું સમાધાન હવે ગાંધીની પ્રક્રિયા સિવાય બીજી કોઈ પ્રક્રિયાથી થવાનું નથી.

આ અર્થમાં મેં એમ કહ્યું કે આ યુગની વિભૂતિ ગાંધી છે અને આ ગાંધીનો યુગ છે.

**શસ્ત્ર, રાજ્ય ને ધનની સત્તાઓને સ્થાને કોઈ માનવીય શક્તિની જરૂર વરતાય છે**

ગાંધી આપણા દેશનો હતો, આપણો પિતા હતો, ગાંધી આપણો સગો–વહાલો હતો, એવું વિશેષ પ્રેમને કારણે લાગે; પણ આપણે જ્યારે એમ કહીએ છીએ કે "ગાંધી જ આ યુગનો યુગપુરુષ હતો, ગાંધી પછી સમસ્યાઓનું સ્વરૂપ પણ કંઇક નવા જ રંગઢંગથી આપણી સામે ખડું થાય છે, ત્યારે કહેવાનો આશય એટલો જ છે કે હવે મનુષ્ય શસ્ત્ર–સત્તા, રાજ્યસત્તા અને ધનસત્તા–આ ત્રણેય સત્તાઓથી થોડાક ઊંચે ચઢી ગયો છે.

મનુષ્ય રાજ્યસત્તાથી કેમ ઉપર ગયો છે? સાત દિવસ દરમ્યાન જ્યારે એ વાત સૂઝશે ત્યારે તમારી સમક્ષ મૂકીશ, પણ અત્યારે આટલું કહી દઉં:

લોકોએ એવો સવાલ પૂછયો હતો: Why has the League of Nations failed? Why has the United Nations Organisation failed?" (લીગ ઓફ નેશન્સ અને યુનો કેમ નિષ્ફળ ગયાં છે?) ત્યારે એ લોકોએ શો જવાબ આપ્યો હતો?

"Because they are not a Government." કારણ કે એ સરકારો નથી. એ કેવળ સંસ્થાઓ છે. એ જો સરકારો બની ગઇ હોત તો એ નિષ્ફળ ન જાત. સવાલ એ પેદા થયો કે "એમને સરકારો બનાવવા માટે શું કરવું જોઇએ?" તો કહેવામાં આવ્યું કે "એમને ફોજ આપવી જોઇએ." "ફોજ કોણ આપશે?" "અમેરિકા અને રશિયા."

તો આ તો ઘટોત્કચનાં હાડકાં થયાં! આ તરફથી ભીમ ધમકાવે અને પેલી તરફથી શકુનિ ચાલબાજી કરે. એ લોકો આમ ને આમ પાસા અવળસવળ કર્યા કરશે!

તેથી જવાહરલાલજીએ ત્યાં કહ્યું કે શસ્ત્રશક્તિ હવે આપણી વ્યવહારનીતિ થઇ જ ન શકે. It is obsolete as a matter of policy–હવે એ નીતિ વ્યવહારનીતિ થવા માટે બહુ જરીપુરાણી થઇ ગઇ કહેવાય.

શસ્ત્રશક્તિ, રાજ્યશક્તિ અને ધનશક્તિમાં જે લોકોને ભરોસો હતો, એ તમામ લોકો હવે કોઇ બીજી માનવીય શક્તિની શોધમાં છે, કારણ કે હવે માનવીય મૂલ્યોની સ્થાપના કરવી છે.

માનવીય મૂલ્યોની સ્થાપનાનું માધ્યમ પણ અવાંતર (માનવીય નહીં તેવું) ન હોઇ શકે. મનુષ્યની અંદર જે ન હોય તેનાથી માનવીય મૂલ્ય સ્થાપી શકાય નહીં.

આ દૃષ્ટિએ મેં તમારી સૌની સેવામાં આ આખી સમસ્યાની માંડણી કરી દીધી છે.

હવે આના પછી, 'સર્વોદયનું સ્વરૂપ શું છે?' 'એને સમસ્ત સમાજને માટે કઇ રીતે લાગુ પાડી શકાય તેમ છે?' 'વિજ્ઞાનની સાથે આપણી સંસ્કૃતિનો મેળ પડી શકે તેવી સાર્વભૌમ નીતિ સર્વોદય જ કઇ રીતે બની શકે તેમ છે?'–આ બધી બાબતોનો વિચાર, આપણે લોકો જેમ જેમ સાથે બેસતાં જઇશું, તેમ તેમ તમારી સેવામાં રજૂ કરતો જઇશ, અને તમે લોકો જે વિચાર આપશો તે ગાંઠે બાંધતો જઇશ.

★

વાચકના સ્વાધ્યાય-ટિપ્પણ માટે:

२

# સર્વોદય-સિદ્ધાંત

★


૧૨. સર્વનો ઉદય કેવળ આદર્શ નથી, વ્યવહાર પણ છે
૧૩. આદર્શ પૂર્ણ જ હોઇ શકે, તેથી સર્વનો ઉદય
૧૪. સભ્ય વ્યવહારે સર્વોદયનું સાર્વભૌમત્વ સ્વીકારેલું જ છે
૧૫. સર્વોદયનું સાધ્ય છે અદ્વૈત : સાધન છે સમન્વય
૧૬. વસ્તુનિષ્ઠ ડાર્વિનવાદનો મત્સ્યન્યાય; સમાજનિષ્ઠ હક્સ્લેનો અધૂરો સુધારો: "જીવો અને જીવવા દો", માનવનિષ્ઠ સર્વોદયનું ક્રાંતિસૂત્ર "જિવાડવા માટે જીવો"
૧૭. માનવનિષ્ઠાનો વૈજ્ઞાનિક આધાર
૧૮. માનવનિષ્ઠ સર્વોદય સમાજમાં અસમર્થોને સમર્થ બનાવી વ્યક્તિ પોતાની સમર્થતાનો વિકાસ કરશે
૧૯. સર્વોદય સમાજનું મહામૂલ્ય પ્રેમ અથવા અહિંસા, એ પણ માનવનો સ્વભાવ જ છે
૨૦. સર્વોદયનું પ્રથમ પ્રમેય : "માનવસ્વભાવ પ્રેમમૂલક છે, સંઘર્ષમૂલક નથી" —એનાં પ્રમાણો
૨૧. પ્રેમ શાશ્વત નિરપેક્ષ મૂલ્ય છે–શાશ્વત મૂલ્યનાં લક્ષણો
૨૨. નિષ્કર્ષ અને 'ધર્મ-વિજ્ઞાન'ની પૂર્વભૂમિકા

સવારે (પહેલા પ્રવચનમાં) જે મુદ્દાઓ રજૂ કર્યા હતા તે બધામાં સૌથી મહત્ત્વનો મુદ્દો એ હતો કે આજે આખા જમાનામાં જે આકાંક્ષા છે તેનાથી સર્વોદયના સિદ્ધાંતને માટે અનુકૂળ વાતાવરણ પેદા થયું છે. આપણો હેતુ આપણા સિદ્ધાંતની સ્થાપના કરવાને બદલે પરિસ્થિતિનું નિરપેક્ષ ભાવે અધ્યયન કરવાનો અને સમસ્યાનું સમાધાન કઈ રીતે થાય એ શોધવાનો હોવો જોઇએ. આજના યુગની આકાંક્ષાની પૂર્તિને માટે સર્વોદયના સિદ્ધાંત અને નીતિ સિવાય બીજો કશો ઉપાય નથી રહ્યો.

## ૧૨. સર્વનો ઉદય કેવળ આદર્શ નથી, વ્યવહાર પણ છે

તો સર્વોદયનું દર્શન સમગ્ર જીવનને માટે હોવું જોઇએ, સાર્વભૌમ હોવું જોઇએ, જેને દેશ–કાળની મર્યાદાઓ નડે નહીં એવું હોવું જોઇએ. લોકો Chronology–કાલક્રમ અને ઇતિહાસના સિદ્ધાંતોમાં માને છે, પણ હું કાલક્રમ અને ઇતિહાસની વાત નથી કરતો. કાલાતીત સિદ્ધાંતનો અર્થ એ છે કે સિદ્ધાંતનો વિનિયોગ–ઉપયોગ–બદલાતો રહેશે, એને લાગુ પાડવાની પદ્ધતિમાં ફેરફાર થતા રહેશે, પરંતુ સિદ્ધાંત નહીં બદલાય. પ્રાચીન ભાષામાં કહું તો સિદ્ધાંત પારમાર્થિક હોવો જોઇએ, આર્થિક નહીં. સમાજનાં મૂલ્ય આર્થિક ન હોવાં જોઇએ. આ વિજ્ઞાનના યુગમાં આ વાત કાંઈક અટપટી લાગશે. વિજ્ઞાન પ્રયોગો કરે છે, શોધખોળો થતી રહે છે, પણ એમાંથી અંતિમ સિદ્ધાંત નથી મળતા. તેથી સમાજનાં મૂલ્ય આર્થિકની જેમ વૈજ્ઞાનિક પણ ન હોવાં જોઇએ, બલ્કે પારમાર્થિક હોવાં જોઇએ.

બર્ટ્રાન્ડ રસેલ આજના એક મોટા વિચારક છે. વૈજ્ઞાનિકો ગણિતશાસ્ત્રીઓ અને બુદ્ધિવાદીઓના અગ્રણી છે. રાજશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર અંગે તેઓએ એક પુસ્તક લખ્યું છે. નામ તો મને યાદ નથી, પણ એને બધા વખાણી વખાણીને વાંચે છે. એના છેલ્લા પ્રકરણમાં એમણે એવું પ્રતિપાદન કર્યું છે કે આજની દુનિયાની બધી સમસ્યાઓનો ઉકેલ કરવાને માટે ભારતવર્ષે જ આગળ આવવું જોઇએ. પુસ્તકમાં એમણે જે વિવેચન કર્યું છે એમાં એવું સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે કે આદર્શ અને ઉદ્દેશ નૈતિક હોવા જોઇએ. બર્ટ્રાન્ડ રસેલ જેને **'નૈતિક'** કહે છે, એને જ આપણે ત્યાંનાં શાસ્ત્રોએ **પારમાર્થિક** કહ્યા છે.

શંકરાચાર્યે **પરમાર્થની** વ્યાખ્યા કરી છે, એનાં પદાર્થ–લક્ષણ

બતાવ્યાં છે: **एकरूपेण अवस्थितः यः अर्थः स परमार्थः । अर्थ** કહેતાં પ્રાપ્તવ્ય-જે મેળવવું છે તે. પુરુષાર્થ એટલે કે પુરુષને માટે જે પ્રાપ્તવ્ય છે તે-objective. **परम अर्थ** એટલે એવી પ્રાપ્ય વસ્તુ જે એક રૂપમાં અવસ્થિત રહે છે, જેમાં પરિવર્તન નથી થતું. (અર્થાત્ પરમાર્થ એટલે મેળવવાની એવી વસ્તુ જે ગમે ત્યારે ગમે ત્યાં મેળવવાની જ રહે. આજે અહીં મેળવવા જેવી લાગે, કાલે ત્યાં ન લાગે, એને પરમાર્થ ન કહેવાય-સં.)

વાદોમાં જકડાયેલા સિદ્ધાંતોની વાત જવા દો, પ્રત્યક્ષ સમાજના સિદ્ધાંતો ત્રિકાલાબાધિત, સાર્વભૌમ અને સાર્વકાલિક (બધા સ્થળ અને બધા કાળ માટેના) હોય છે, તેથી પારમાર્થિક જ હોય છે.

'સર્વોદય' એ નામ ભલે નવું હોય, પણ એનો અર્થ બધાનું જીવન સંપન્ન થાય એટલો જ છે. અને જીવનનો અર્થ જ એ છે કે વિકાસ થાય, અભ્યુદય થાય, ઉન્નતિ થાય. વિકાસ કરવો છે માટે તો સર્વનો ઉદય કહ્યો છે. પુરાણા કાળમાં 'અભ્યુદય' શબ્દનો પ્રયોગ 'ઐહિક વૈભવ' એટલા જ અર્થ પૂરતો મર્યાદિત હતો. તેથી ગાંધીજીએ કેવળ 'ઉદય' શબ્દનો પ્રયોગ કર્યો. એકી સાથે સમાનરૂપે સર્વનો ઉદય થાય એ જ સર્વોદયનો ઉદ્દેશ છે.

બધા લોકો જીવે અને તે પણ એકબીજાની સાથે જીવે. શાસ્ત્રીય પરિભાષામાં કહું તો જીવનનો વિકાસ અને જીવનનો અધિકતમ વિસ્તાર. આપણે જીવનને પરમ મૂલ્ય Supreme Value માન્યું છે. એ વિશે કોઇને વાંધો નથી. ગમે તે વાદ હોય, આ એનું પરમ મૂલ્ય છે. નાસ્તિક હોય કે આસ્તિક હોય, અર્થવાદી હોય, વિજ્ઞાનવાદી હોય કે પછી ભલે રાજનીતિજ્ઞ હોય, કોઇને પણ 'દુનિયામાં જીવનનો વિકાસ અને વિસ્તાર કરવો છે' એ સામે કશો વાંધો નહીં હોય. બધા એ વાત માનશે.

હવે, આપણે એવું કરવા માંગીએ છીએ કે બધાનું જીવન સંપન્ન થાય, સોએ સો ટકા લોકોનું જીવન સંપન્ન થાય. અત્યાર સુધીના સિદ્ધાંતવાદીઓ અને સર્વોદયના વિચાર વચ્ચે અહીં મૂળભૂત અંતર પડશે. બીજા સિદ્ધાંતવાદીઓ કહે છે કે સો ટકાનું ભલું થવું તો જોઇએ, પણ એ વહેવારમાં બને તેમ નથી. તેથી તમારો સર્વોદય ઇચ્છા કે આકાંક્ષા તરીકે ઠીક છે, પણ વ્યવહારમાં એનો અમલ કરવો અશક્ય છે.

હવે, આપણો એવો દાવો છે કે સર્વોદય કેવળ જીવનનું એક દર્શન કે વૃત્તિ માત્ર નથી, પણ એ વ્યવહારની એક નીતિ પણ છે. Outlook

on life તો એ છે જ, પણ સાથે સાથે એ કેવળ રાજકીય નીતિ કે આર્થિક સિદ્ધાંત માત્ર નથી; પરંતુ એ એક દર્શન છે, મનોવૃત્તિ છે અને વ્યવહારની નીતિ પણ છે.

તેથી જ્યારે એવો આક્ષેપ કરવામાં આવે છે કે સૌનું સમાનભાવે સુખી થવું એ અશકય છે, ત્યારે એનો ગંભીરતાપૂર્વક વિચાર કરવો જોઇએ.

## ૧૩. આદર્શ પૂર્ણ જ હોઈ શકે, તેથી સર્વનો ઉદય

અહીં હું એટલું નિવેદન કરી દેવા માંગું છું કે મનુષ્યના આદર્શ અંગેનો સંકલ્પ સૌને માટે સમાન હોવો જોઇએ, સર્વ–સામાન્ય હોવો જોઈએ. સંકલ્પ આંશિક કે નાનો ન હોઈ શકે, સમગ્ર જ હોઈ શકે. સૌનું કલ્યાણ થાવ; ૧૦૦ માંથી ૯૯ કે ૯૮ નું નહીં; **સર્વેઽત્ર સુખિનઃ સન્તુ**—સંકલ્પ તો આવો જ હોવો જોઇએ. આને જ આદર્શ કહ્યો છે.

મનુષ્યનો આદર્શ એની પહોંચમાં હોય છે, એની પકડમાં નહીં. આમાં જ પ્રગતિ માટેની તક રહેલી છે.

આ શિબિરમાં તમે જે વિવિધ ટુકડીઓ પાડી નાંખી છે, તેમાં એકનું નામ 'સોક્રેટિસ પથક' પાડયું છે. આ સોક્રેટિસ કોઇપણ શબ્દનો પ્રયોગ સમજ્યા વિના કદી પણ કરતો નહીં. આજે આપણને એના કરતાં જુદી જ આદત પડી ગઇ છે. કેટલાક શબ્દો જીવનમાં એટલા સામાન્ય થઇ પડયા છે, સેળભેળ થઇ ગયા છે કે એમના અર્થ વિશે આપણને કાંઇ વિચારવાપણું જ નથી લાગતું. કહે છે, "સાચું બોલો." બધા જ હંમેશાં આમ કહે છે. ત્યારે હું પૂછું છું "કે, સાચું એટલે શું ?" આવું પૂછું છું ત્યારે એમને લાગે છે કે આ તો ભારે અટપટી વાત કરે છે, અને કહે છે, "સાચું એટલે સાચું; બીજું શું વળી ?"

લોકો તો આવું કહી દે છે, પણ આપણે 'તો સોક્રેટીસ પથક' વાળા છીએ ને ? એટલે આપણે તો શબ્દો સમજીને વાપરવા રહ્યા. આપણે સાધારણ રીતે શબ્દો વિશે વિચાર કરતા નથી, તેથી મેં શબ્દોના અર્થ વિશે આટલું ભારપૂર્વક કહ્યું.

આખરે 'પ્રગતિ' એ શું છે ? કેવળ ગતિ, motion, એ કાંઈ પ્રગતિ નથી. અમુક ચોક્કસ દિશામાં પગલાં ભરવાં, આપણા મુકામ તરફ આગળ વધે જવું, એનું નામ પ્રગતિ. જવું હોય સ્ટેશન તરફ અને ડગલાં દઇએ જેલ ભણી, તો એને પ્રગતિ નહીં કહેવાય. વ્યવહારનું આદર્શ

પ્રત્યે આગળ વધવું, એનું નામ પ્રગતિ. આદર્શથી વિરુદ્ધ ગતિ થાય છે ત્યારે એને પ્રતિગતિ કહે છે. Radical અને Reactionary એ શબ્દો વારંવાર આવશે. તેથી પ્રગતિશીલ અને પ્રતિગામી એ શું છે તે સમજી લો.

આપણે પૂછીએ છીએ કે 'પ્રગતિશીલ' તો કહી દીધું, પણ એની પરીક્ષા શી? તો દરેક વાદવાળા કહે છે કે અમારા ગ્રંથોમાં જે લખ્યું છે એને જે અનુકૂલ હોય તે પ્રગતિશીલ અને એને જે પ્રતિકૂલ હોય તે પ્રતિગામી. "Orthodoxy is my doxy, heterodoxy is another man's doxy-હું કહું તે ધર્મ અને બીજો કહે તે ધતિંગ!"

તો ભાષામાંથી **अस्मत्-युष्मत्** (અમે-તમે) શબ્દો કાઢી નાંખો. મેં આ શબ્દો શંકરાચાર્યના ભાષ્યમાંથી લીધા છે. **એમણે** લખ્યું છે કે, "આ **अस्मत् युष्मत्** પ્રત્યય જ પરમાર્થ ભાવને ખતમ કરી નાંખે છે. તેથી હું એને મારી ભાષામાંથી કાઢી નાખું છું."

આદર્શ શું છે?-કે દુઃખી કોઇ ન હોય, સૌ સુખી થાય! આ વસ્તુ અશકય નથી, અસાધ્ય નથી; પણ પ્રયત્નસાધ્ય છે, અર્થાત્ પ્રયત્નથી સિદ્ધ થઇ શકે તેવી છે. એ પ્રયત્નસાધ્ય છે તેથી તો આચરણની જરૂર છે. એવો પ્રયત્ન તે જ સદાચાર છે. સ્વર્ગ-નરક, પુણ્ય-પાપ એ બધું નેવે મૂકીને એનો વિચાર કરીએ. કેવળ એટલું જ ધ્યાનમાં રાખીએ કે મનુષ્યમાત્રને સુખી બનાવવાનો આપણો સંકલ્પ છે. જે નિયમ એ દિશામાં લઇ જાય છે તે સદાચાર છે અને જે એની વિરુદ્ધ લઇ જાય છે તે દુરાચાર છે.

આદર્શ વિશે આગળ કહ્યું તેમ "It will be within our reach but not within our grasp-એ આપણી પહોંચમાં હશે, પકડમાં નહીં. આદર્શની આવી ઊંચાઈ છે તેથી તો પ્રગતિને માટે નિરંતર અવસર રહે છે. મનુષ્યનો આદર્શ એટલો ઊંચો હોવો જોઇએ કે જેથી એનું આખું જીવન પ્રગતિમય જ રહે.

—ગાંધીને કોઇએ પૂછયું કે તમારી અહિંસાની વ્યાખ્યા શું? હવે ગાંધી તો બિચારો કાંઈ શબ્દો અને પરિભાષાઓનો સ્વામી નહોતો. એટલે એણે કહ્યું કે, "હું વ્યાખ્યા તો ન કરી શકું, પણ સરખામણી કરી શકું. અહિંસા યુકિલડની ભૂમિતિના બિન્દુ જેવી છે. બિન્દુને સ્થિતિ હોય છે, પણ લંબાઈ કે પહોળાઈ નથી હોતાં. વ્યાખ્યા પ્રમાણેનું બિન્દુ તો કોઈ બનાવી શકે નહીં, પણ વ્યાખ્યા વિના તો બિન્દુ જ ન બનત."

—ગાંધીએ આવું કહ્યું ત્યારે લોકોએ મને કહ્યું કે આ વાતને જરા ચોકખી કરીને સમજાવો. હવે, સમજાવવાની દરેકની પોતપોતાની રીત હોય છે. તો હું પણ મારી મતિ મુજબ સમજાવવાનો પ્રયત્ન કરીશ. વિનોબા કહે છે કે જે છોકરો નિશાળમાં સાવ 'ઢ' હોય છે તે પાછળથી સારો શિક્ષક થઈ શકે છે. કારણ કે એને પોતાને સમજતાં વાર લાગેલી, એટલે સૌથી ઓછી સમજશક્તિવાળા વિદ્યાર્થીને પણ સમજ પડે એ રીતે એ શીખવતો હોય છે.

—એક વાર માસ્તરે એક છોકરાને કહ્યું કે ઓછામાં ઓછી લંબાઈ–પહોળાઈવાળું બિન્દુ બનાવ. એટલે એણે તો ચાકથી ટપકું કર્યું. માસ્તર સાહેબ કહે, "આવું કેમ બનાવ્યું ? આ તો લાંબુ પણ છે અને પહોળું પણ છે!" એમ કહીને એમણે હાથમાંની આંકણીના છેડાથી ડાઘો પાડયો. એ જોઇને પેલો છોકરો કહે, "આના કરતાં તો મારું સારું હતું." એટલે માસ્તર કહે, "જોતો નથી ? મારા હાથમાં આંકણી છે તોયે મારી સામું બોલે છે?!" એટલામાં બીજા એકે કહ્યું, "મારી પેન્સીલની અણી ચાક કરતાં બારીક છે." ત્યાં ત્રીજો એક કહે, "સોયથી કરો સોયથી!" તોયે લંબાઈ–પહોળાઈ થોડીક તો રહી જ!

આમ જેની જેવી ભૂમિકા હશે, જેનું જેવું સાધન હશે, તેવું તેનુ બિન્દુ બનશે. પણ વ્યાખ્યા કરતી વખતે તો પૂર્ણ વાત જ કરવી પડશે; એમાં ઓછામાં ઓછું આટલું લાંબું ને આટલું પહોળું, એમ નહીં કહેવાય. વ્યાખ્યામાં અધૂરું ન કહેવાય, પૂરું જ કહેવું પડે.

તેથી સર્વોદયનો સંકલ્પ અલ્પ નહીં, મહાન છે; કેવળ મહાન જ નથી, સમગ્ર છે.

જે કાંઈ જીવન છે તે સમસ્ત ઈશ્વરથી ભરેલું છે. **ईशावास्यं इदं सर्वम्**. તેથી જે કાંઈ જીવન છે તે સમસ્ત જીવનને સંપન્ન કરવું એ આપણું મુખ્ય કાર્ય થઈ પડશે.

આ મેં દાર્શનિક દૃષ્ટિએ, ફિલસૂફની દૃષ્ટિએ કહ્યું. આદર્શ અપ્રાપ્ય નથી, અપ્રાપ્ત છે. અર્થાત્ મળે નહીં તેવો નથી; પણ હા, મળેલો નથી. અપ્રાપ્ત શા માટે ? કારણ કે એનાથી નિરંતર પ્રગતિ થાય છે. એ એટલો ઉચ્ચ છે કે સૌને સમાન રીતે લાગુ પડી શકે છે.

## ૧૪. સભ્ય વ્યવહારે સર્વોદયનું સાર્વભૌમત્વ સ્વીકારેલું જ છે

હવે જરા બીજી રીતે વિચારીએ.

અમુક સમાજ સંસ્કારી છે કે અસંસ્કારી એની કસોટી શી? આપણો દેશ છે માટે પક્ષપાત કરું છું એવું નથી, પરંતુ એક ઉદાહરણ તરીકે ટાંકું છું. હિંદુસ્તાન અને પાકિસ્તાનમાં જે રાજ્ય-વ્યવસ્થાઓ છે તે સારી છે કે ખોટી એ કઈ કસોટીથી નક્કી થઇ શકે? હિંદુઓ સાથે કેવું વર્તન કરવામાં આવે છે એના પરથી પાકિસ્તાનનું પારખું થશે અને મુસલમાનો સાથે કેવું વર્તન કરવામાં આવે છે, તેના પરથી હિંદુસ્તાનનું પારખું થશે. એટલે કે સારી રાજ્યવ્યવસ્થાની એક કસોટી તમે એ ઠસાવી કે જે રાજ્યવ્યવસ્થામાં લઘુમતી સુખી હોય તે રાજ્યવ્યવસ્થા સારી. જેમાંથી બહુ-સંખ્યાવાદ અને અધિકતમ-સંખ્યાવાદ પણ ગયો હોય તે સમાજવ્યવસ્થા ઉત્તમ.

સો ઘરનું એક ગામ છે. એમાં ૯૮ ઘર ઉજળિયાતનાં છે અને બે હરિજનોનાં. હવે કહો, એ ગામને માટે સભ્યતા–અસભ્યતાની શી કસોટી? એક જ, અને તે એ કે પેલાં બે હરિજન ઘર સુખી, સુરક્ષિત અને સ્વતંત્ર રહી શકે છે કે નહીં. બે દુઃખી રહે અને ૯૮ સુખી રહેતાં હોય તો વાંધો શો છે? એવા સુખમાં બહુસંખ્યા તો છે, પણ વ્યાપકતા નથી.

વ્યાપકતા અને વિશાળતામાં ફેર છે. વિશાળતાનો અર્થ પ્રચંડતા છે. કેવળ પ્રચંડતા અને અજસ્રતા (યંત્રવત્ સતત એકધારું ચાલવું તે) mass scaleનાં લક્ષણો છે. પણ આકારની વિશાળતા એ જુદી વસ્તુ છે અને વ્યાપકતા એ જુદી વસ્તુ છે. સર્વોદયમાં વ્યાપકતાને સ્થાન છે. સૌનો ઉદય થવો જોઇએ. સૌનું કરવાથી વ્યાપકતાનો ભાવ આવે છે. વ્યાપકતાનો અર્થ જ એ છે કે એમાં સૌનો સમાવેશ હોય, માત્ર બહુસંખ્યા–બહુમતી–નો નહીં.

ત્રીજી કસોટી : આપણે ઘણીવાર પૂછીએ છીએ કે ફલાણા સમાજમાં સ્ત્રીઓ અને બાળકો અંગે કેવી વ્યવસ્થા છે?–(આમ કહેવામાં પરંપરા પણ કંઈક અંશે કારણભૂત છે. હું તો ઇચ્છું છું કે સ્ત્રીઓ વિશે આજે આવો સવાલ પૂછવાપણું જ ન રહેવું જોઇએ. આપણે તો એવો જમાનો માંગીએ છીએ. પણ સ્ત્રી પરંપરાથી કમજોર મનાતી આવી છે અને એને માટે ખાસ વ્યવસ્થા કરવાની જરૂર મનાય છે. તેથી સ્ત્રી–બાળક એમ કહ્યું, ભગવદ્ગીતાએ પણ **स्त्री-वैश्य-शूद्र**નો એક વર્ગ માન્યો છે અને ભાષ્યકારો તો એક કદમ એથીયે આગળ જઇને કહે છે "**स्त्री-पशु-शूद्रादिकानाम्**"!) હવે સ્ત્રી–

બાળકોની વ્યવસ્થાની વાત પૂછીએ છીએ એમાં સ્ત્રીની સંખ્યા કેટલી એ વિચાર નથી કરતા. સર્વોદય શબ્દને ભૂલી જાવ. ગમે તે વાદવાળો હોય તોયે એ એવું કદી નહીં વિચારે કે બાળકોની સંખ્યા ઓછી છે માટે એમનો વિચાર કરવો જરૂરી નથી. બાળકોનું કલ્યાણ એ સંસ્કૃતિનું એક સર્વસાધારણ લક્ષણ છે.

હું તમારી સમક્ષ સર્વોદય–વિચાર આપણા સભ્ય વ્યવહારમાં કેટલો સાર્વભૌમ છે એની સાબિતીઓ રજૂ કરી રહ્યો છું.

સૌનું કલ્યાણ શા માટે? સો ટકાનું ભલું કરવું એ અવહેવારુ વાત છે એવું તમને કહેવામાં આવે છે ને? તો હું તમને કહું છું કે તમે એમ કહેનારાઓને પૂછો કે,

૧. હરિજનોનું પણ ભલું થવું જોઈએ એવું તમે નથી માનતા?

૨. બાળકોની સંખ્યા ઓછી હોય છતાં સભ્ય સમાજમાં એમનો ખાસ ખ્યાલ રાખવો પડે છે કે નહીં?

અને ૩. એમને એ ચીંધી બતાવો કે સમાજમાં આટઆટલાં દવાખાનાં છે, વિદ્યાલયો છે! અપરાધીઓની સાથે કેવું વર્તન કરવામાં આવે છે? જો તમારે ફક્ત બહુમતીનો જ ખ્યાલ રાખવો છે તો બીમારોનો તો વિચાર જ ન કરવો જોઈએ ને! એમની સંખ્યા તો સાવ ઓછી હોય છે. તો પછી શા માટે દવાખાનાં ખોલો છો? નિશાળો કેમ ઉઘાડો છો? અભણને ભણાવવા માટે ને? તે શું અભણ બાળકોની બહુમતી છે? ગુનેગારોની સંખ્યા તો સૌથી ઓછી હોય છે. તો પછી એમની સુધારણા વિશે કેમ આટલી કાળજી લ્યો છો?

કારણ કે સભ્ય સમાજનું એ એક લક્ષણ છે કે એ અસમર્થને સમર્થ બનાવવાની યોજના કરતો હોય. આ થઈ ત્રીજી કસોટી.

ત્રીજીમાંથી જ પેદા થનારી એક ચોથી કસોટી પણ છે. સભ્યતાની પરીક્ષા કરતાં કરતાં તમે પૂછો છો કે આ સમાજમાં આંધળા, બહેરા અને મૂંગાને માટે કશી સગવડ છે કે નહીં? હવે, આ લોકોની સંખ્યા શી હોય છે? એમની વ્યવસ્થા કરવાની શી જરૂર?

કહો, આ બધા પ્રશ્નો પૂછ્યા તેમાંથી એકેય પ્રશ્ન આર્થિક છે? તમામ પ્રશ્ન પારમાર્થિક છે. પરમાર્થનું નામ લઈએ, ન લઈએ એ વળી જુદી વાત થઈ; પણ એટલું નક્કી કે આપણે જ્યારે સમાજમાં માનવીય મૂલ્યોની સ્થાપના કરવાની વાતો કરીએ છીએ, ત્યારે ગાંધી–વિનોબા જેવા

કોઇ એમ કહે કે અમારે પારમાર્થિક મૂલ્યોની સ્થાપના કરવી છે, તો એમની સાથે તકરાર ન કરવી જોઇએ.

### ૧૫. સર્વોદયનું સાધ્ય છે અદ્વૈત, સાધન છે સમન્વય

આ જ સર્વમાન્ય મૂલ્યોની સ્થાપના માટે સર્વોદય છે. આપણા પ્રાચીન લોકોએ કહ્યું હતું, તેમ જો એક જ શબ્દમાં કહેવું હોય તો કહેવાય કે અદ્વૈતની સ્થાપના એ આપણો ઉદ્દેશ છે. અદ્વૈત એ આપણો આદર્શ છે. સમન્વય એ આપણી નીતિ છે. સમન્વય સાધન છે અને અદ્વૈત સાધ્ય છે.

#### સમન્વયનો અર્થ : વિરોધોનો પરિહાર

સમન્વયનો અર્થ કરવામાં આવ્યો છે—વિરોધોનો પરિહાર, વિરોધોનું નિરાકરણ. અવિરોધ અર્થાત્ અદ્વૈતની સ્થાપના એ પોતે કોઈ સ્વતંત્ર વસ્તુ નથી. વિરોધનાં કારણોનું નિરાકરણ, વિરોધ-પરિહાર, એ કોઇ સ્વતંત્ર વસ્તુ નથી. [આંતરૂવિરોધોનું નિરાકરણ કરવું એ જ ક્રાંતિ કહેવાય છે. સમાજમાં પ્રવર્તનારા વિરોધોને દૂર કરવા એ જ ક્રાંતિનો ઉદ્દેશ છે.] ભગવદ્ગીતાએ અવિરોધની સ્થાપનાને સમત્વયોગ કહ્યો છે અને એને જ વિનોબાએ 'સામ્યયોગ' એવું નામ આપ્યું છે. બંનેનો અર્થ છે : Science and Art of Equanimity. આ જેમ એક વિજ્ઞાન છે, તેમ જ એ દિશામાં જવાની એક વિદ્યા પણ છે, અને યોગ પણ છે.

તો આજની પરિભાષામાં સમાજમાં જેટલા contradictions—આંતરૂવિરોધ-હોય એનું નિરાકરણ કરવું એને ક્રાંતિ કહે છે. અને તે પછી સર્વોદયની સ્થાપના થાય છે.

તો મેં ત્રણ વાતો કહી : તે એ કે (૧) સંકલ્પ આપણો સમગ્ર છે. આપણે સૌનો સમાવેશ કરીએ છીએ, કોઇને બાકાત રાખતા નથી. બહુસંખ્યા-અલ્પસંખ્યા એવા ભેદ પણ પાડતા નથી. આપણી વાતમાં સંખ્યાનો વિચાર જ નથી. સંકલ્પ વ્યાપક છે. (૨) તે એ કારણે કે આદર્શ ઊંચો છે; અપ્રાપ્ત છે પણ પ્રયત્નસાધ્ય છે, અસાધ્ય નથી. અને (૩) આ જ હકીકત આપણે માટે નિરંતર પ્રગતિની તક પૂરી પાડે છે. આદર્શ પ્રત્યે વ્યવહાર આગળ વધે એ જ પ્રગતિ છે.

આ કેવી રીતે? તો સમજાવ્યું કે સભ્યતાની પણ ત્રણ કસોટીઓ મનાય છે :—

૧. રાજકીય લઘુમતીઓનો દરજ્જો કેવો છે? જ્યાં લઘુમતી સુખી છે તે સમાજ સભ્ય છે.

૨. પરંપરાથી કમજોર ગણાતાં સ્ત્રી–બાળકોનું સ્થાન સમાજમાં કેવું છે?

૩. સમાજમાં જે અસમર્થ, બીમાર અને અપરાધી છે એમને માટે કેવી વ્યવસ્થા છે? અસમર્થમાં અપંગોનો અને અનાથોનો પણ સમાવેશ થઈ ગયો.

આનો અર્થ એ કે આપણે મનુષ્યકૃત વિષમતાઓનું નિરાકરણ કરીશું અને પ્રાકૃતિક વિષમતાની ઉગ્રતાને બને તેટલી ઘટાડી નાખીશું. આને જ વિરોધ–પરિહાર કહે છે.

### ૧૬. વસ્તુનિષ્ઠ ડાર્વિનવાદનો મત્સ્યન્યાય; સમાજનિષ્ઠ હક્સ્લેનો અધૂરો સુધારો: "જીવો ને જીવવા દો!" માનવનિષ્ઠ સર્વોદયનું ક્રાંતિસૂત્ર: "જિવાડવા માટે જીવો."

હવે એ જોઈએ કે આમાં મનુષ્ય ક્યાં આવે છે?

ડાર્વિન બિચારો પુષ્કળ બદનામ થયો છે. એણે એવું કહ્યું હતું કે નહીં તે તો ખબર નથી, પણ લોકો કહે છે કે એણે એવું કહ્યું છે. મેં તો એની ચોપડી વાંચી, પણ એવું કશું મારી નજરે ચઢ્યું નહીં. લોકોએ મને કહ્યું કે, "એ તો તને એમાં સમજ ન પડે!" એટલે મેં કબૂલ કરી લીધું કે, "ચાલો ભાઈ, કબૂલ! એણે એમ કહ્યું છે."

"શું કહ્યું છે ડાર્વિને?"

તો કહે છે, "Survival of the fittest. જે જીવવા માટે સૌથી વધારે લાયક હશે તે જ જીવશે. અને Fittest–લાયકમાં લાયક–તે કહેવાય જે સૌથી તગડો હોય."

આને જ મત્સ્યન્યાય કહેવામાં આવે છે. આપણે ત્યાં ઉદાહરણો આપી આપીને કહેવામાં આવ્યું છે કે જુઓ, નાની માછલીને મોટી માછલી ખાઈ જાય છે.

હવે આપણે અહીં જરા સમજી લઈએ કે Fact અને Principle–વસ્તુસ્થિતિ અને સિદ્ધાંતની વચ્ચે ફરક હોય છે. વસ્તુસ્થિતિ જીવનનો સિદ્ધાંત નથી બની શકતી. વસ્તુસ્થિતિ સિદ્ધાંતની દિશામાં પ્રગતિ કરે એ જ સંસ્કૃતિ છે.

તો ડાર્વિનને દાદા ધર્માધિકારી નમ્રતાથી પ્રશ્ન પૂછે છે, "જો સૌથી તગડું હોય તે જ જીવી શકે, તો તો હાથી જ જીવે. જીવવા માટે મનુષ્ય કરતાં વધુ નાલાયક પ્રાણી બીજું કયું છે?"

—પશુઓમાં એકવાર મનુષ્યને માટે અનુકંપા પ્રગટ કરવા માટે એક સભા ભરાઇ. 'પશુનગરની માનવ-દયા-મંડળી'ની સભા !

વાઘે કહ્યું, "નથી બિચારા પાસે નખ કે નથી ધારદાર દાંતવાળું જડબું ! ભગવાને બિચારાને તદ્દન હથિયારવિહોણો બનાવ્યો છે !"

પક્ષીએ કહ્યું, "ચાંચે નથી અને પાંખે નથી. ઊડી પણ નથી શકતો !"

હરણે કહ્યું, "મારા જેવાં સુંદર શિંગડા એને ક્યાં છે ? તેમ જ ઝડપી પગ પણ નથી ! શી ખબર ભગવાને એને છેક આવો કેમ ઘડયો હશે ? બીજાં પ્રાણીઓને ઘડવામાં તો ભગવાને એમની કળાનો પરચો દેખાડયો છે, પણ માણસને તો તદ્દન જ લાપરવાઇથી ઘડી નાંખ્યો લાગે છે ! વેઠ જ ઉતારી લાગે છે !"

મનુષ્ય કોઇપણ જાતનું નૈસર્ગિક સાધન ધરાવતો નથી. છતાં મનુષ્ય હાથી પર સવારી કરે છે, હાથી મનુષ્ય પર સવારી નથી કરતો. હાથીને માથે મનુષ્ય બેસે છે ત્યારે તો તમે કહો છો "હા, એમાં શું ? સ્વાભાવિક છે. જે થાય છે તે બરાબર જ છે." અને જો એથી ઊલટું થયું તો બૂમાબૂમ થઈ જાય છે કે, "ભયંકર અકસ્માત્ થયો. હાથીએ માણસને છૂંદી નાખ્યો !"

પહેલી વાત સ્વાભાવિક છે, બીજી ગમખ્વાર ઘટના છે.

એ જ રીતે સમાજમાં જો મનુષ્ય એમ કહે કે જીવવા માટે—સૌથી ઉપર ચડવા માટે—એ જ લાયક છે જે સૌથી તગડો હોય, તો એને એની બુદ્ધિની બલિહારી નહીં તો બીજું શું કહેશો ?

પછી આવ્યો ટોમસ હક્સ્લે. એને ડાર્વિનની આ વાત કંઈક અટપટી લાગી. એટલે એણે એક ડગલું આગળ ભર્યું. એણે કહ્યું, "મનુષ્યનો તો સમાજ બંધાય છે, તેથી માત્ર જે તગડો હોય તે જ જીવે છે એવું નથી, પરંતુ જે બીજાને જીવવા દે છે તે જ જીવે છે."

આમ બે સિદ્ધાંતો નીકળ્યા—

૧. બીજાને ખાઇને જીવો—Live on others.

૨. જીવો અને જીવવા દો—Live and let live. Coexistence સહઅસ્તિત્વનો સિદ્ધાંત !

—એક હોસ્પિટલમાં એક માને બાળક અવતર્યું. એ રડતું હતું. મા એના તરફ પીઠ કરીને સૂઈ ગઈ હતી. નર્સે આવીને પૂછયું, "કેમ આમ ?"

ત્યારે એ મા કહે છે, "હું સમાજશાસ્ત્ર ભણી છું. જીવું છું અને જીવવા દઉં છું! એના જીવવા આડે જરાયે વાંધો ઊભો કરું છું?"

એટલે નર્સે એને કહ્યું, "અરે એ ન ચાલે. તું એને જિવાડવા માટે જીવ!"

"જીવો અને જીવવા દો!" એ સિદ્ધાંત ભાવરૂપ (positive) નથી, તેથી એ સમાજની ધારણાનો સિદ્ધાંત (ધર્મ) હરગિજ ન બની શકે.

એટલે ત્રીજો સિદ્ધાંત આવ્યો, "જિવાડવા માટે જીવો!"

હું જ્યારે નારાયણને જિવાડવા માટે જીવું અને નારાયણ જ્યારે દાદાને જિવાડવા માટે જીવે, ત્યારે બંનેનું જીવન શક્ય બને અને સંપન્ન બને. અને જ્યારે તમામ દુનિયામાં એમ થશે ત્યારે Live to let live ચરિતાર્થ થશે.

એ જ સર્વોદય છે.

## ૧૭. માનવનિષ્ઠાનો વૈજ્ઞાનિક આધાર

'બીજા જીવે તે કાજે તું જીવ!' એ વાતથી સામાજિકતાનો આરંભ થાય છે. ત્યારે લોકોએ કહ્યું કે આ તો વિજ્ઞાનથી વિરુદ્ધ વાત છે-unscientific છે.

આજકાલ વિજ્ઞાન ઢાલ બની ગયું છે તો! જ્યાં ત્યાં અડાવવાની એ ચીજ થઈ પડી છે!

સારું ભાઈ! ચાલો, વિજ્ઞાન શું કહે છે જોઈએ?

જૂલિયન હક્સ્લેએ એની Man in the Modern World નામની ચોપડીમાં લખ્યું છે,....હું તો layman, રસ્તે ચાલતા સાધારણ માણસ, તરીકે વાંચું છું. વિજ્ઞાનની કડાકૂટવાળી પરિભાષા–jargon–જોઉં છું તો વાંચતો જ નથી, કેમકે એમાં આપણને કાંઈ ગતાગમ પડતી નથી! હા, તમારી લોકોની સામે થોડાક મોટા મોટા શબ્દો વાપરીને મારી બુદ્ધિ વધારી લઉં છું ખરો! પણ સાચું પૂછો તો વૈજ્ઞાનિક પરિભાષામાં મને બહુ સમજ પડતી નથી. પણ આ તો પેલા જુલિયન હક્સ્લેએ સાધારણ માણસ સમજી શકે એવી થોડીક યાદગાર વાતો એ ચોપડીમાં લખી નાંખી છે.....એણે લખ્યું છે: "કેવળ મનુષ્યનો જ એક એવો સમાજ હોય છે, જેમાં બુઢ્ઢા નેતા બની શકે છે. સિંહ, ભેંસ વગેરે કોઈ પ્રાણીના ટોળામાં બુઢ્ઢું જનાવર નેતા બની શકતું નથી. પણ મનુષ્યનો સમાજ એક નવી નવાઈનો છે!"

૮૦ વરસનો ચર્ચિલ, લંગડો લૂલો રૂઝવેલ્ટ,–એ નેતા થઈ શકે છે! ગાંધી, વિનોબા અને નેહરુ નેતા બની શકે છે! શું એ લોકો કિંગકોંગ જેવા તગડા છે? એમને જીવવાનોય હક છે ખરો? તો હક્સ્લેએ કહ્યું, "આ મનુષ્યની biological–જીવશાસ્ત્રીય–વિશેષતા છે કે એમાં ઘરડા નેતા બની શકે છે." મનુષ્યની વિશેષતા બુદ્ધિ છે અને મનુષ્યની શક્તિનો સ્રોત પણ એની બુદ્ધિ જ છે. **बुद्धिर्यस्य बलं तस्य।**

આને આત્મશક્તિ કહો, મનોબળ કહો કે પછી Soul Force કહો, વસ્તુતઃ એક જ ચીજ છે. શરીરશક્તિથી ભિન્ન, બાહુબળથી ભિન્ન, એવી અસીમ–અમર્યાદ એક શક્તિ છે, જે શરીરની સાથે સાથે ક્ષીણ થતી નથી.

આ હું કોઈ 'દેહનશ્વરવાદ'ના સિદ્ધાંતની માંડણી કરવા નથી બેઠો. પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિથી જે વાત સિદ્ધ થયેલી છે તે જ રજૂ કરું છું.

હા, સુંદર સુડોળ શરીરની જરૂર છે, એનું મહત્ત્વ છે; કેમકે શરીર શક્તિનું આયતન (રહેઠાણ) છે. પણ શરીર એ શક્તિનું અધિષ્ઠાન (આધાર) નથી. આ તો શક્તિને રહેવાનું ઘર છે, પણ એ પોતે જ શક્તિ છે એવું નથી.

વિજ્ઞાને આપણને આટલે સુધી આણી દીધા છે. હવે જરા આગળના વિજ્ઞાનને જોઈ લો.

—એક મહાન નેતા, ગાંધીજીના સાથી, એમના એક સલાહકાર, જે આજે હયાત નથી, એમણે એકવાર અમને કહ્યું, "તમે અહિંસાની વાતો કરતી વખતે વિજ્ઞાન તરફ આંખ આડા કાન કરો છો! અહિંસામાં વીરવૃત્તિને કશો અવકાશ જ નથી રહેતો. કારણ કે તમે યુદ્ધનો નિષેધ કરો છો એટલું જ નહીં, લશ્કરી તાલીમનો પણ નિષેધ કરો છો! પછી બહાદુરીને અવકાશ ક્યાં રહ્યો?"

ત્યારે મેં નમ્રતાથી એમને પૂછ્યું, "આ વિજ્ઞાનના યુગમાં વીરતાને આમેય આવકાશ રહ્યો છે જ ક્યાં? હવે તો આકાશમાંથી બૉમ્બ પડે છે. એટલે હું, દાદા ધર્માધિકારી, પણ શિવાજી અને રાણા પ્રતાપ જેટલો જ શહીદ અને વીર બની જઈ શકું છું. મારી ઘરડી મા, ગમે તે બીમાર બચ્ચું, ક્ષયરોગી, એ સઘળાં યુદ્ધમાં અનાયાસ વીરગતિને પ્રાપ્ત થઈ જશે!"

ત્યારે તેઓશ્રી કહે, "તને કદી એ વાતનો પણ ખ્યાલ આવે છે ખરો કે દસ હજાર ફૂટની ઉંચાઈ પર વિમાન ભાંગી પડે છે ત્યારે વિમાનીને છત્રી પીઠે બાંધીને ભૂસકો મારવો પડે છે એમાં કેટલી વીરતા છે?"

મેં કહ્યું, "હા, તે હું એની ના કયાં પાડું જ છું તે? એ જ તો અહિંસક વીરતા છે! હું તો વિજ્ઞાનનો પાડ માનું છું કે એણે હિંસક વીરતાને માટે અવકાશ જ નથી રહેવા દીધો. આજે તો એક છોકરડી પણ કોબાલ્ટ બૉમ્બ ફેંકીને લાખોને મારી નાંખી શકે છે. આ વિજ્ઞાનના જમાનામાં મારવામાં વીરતા રહી જ શકે એમ નથી. રહી શકે એમ છે, માત્ર ક્રૂરતા! મશીનથી અને સ્વયંસંચાલિત શસ્ત્રોથી મારવામાં શી બહાદુરી બળી છે? આજે તો તેનસિંગ એવરેસ્ટ પર ચડી જાય એમાં જ વીરતાને અવકાશ રહ્યો છે. સમુદ્રના અંતરાળમાં ઊતરનારા, આગ ઓલવનારા વગેરે સાહસિકો જે વીરતા દાખવે છે તેથી વધારે વીરતાને માટે આજે હવે અવકાશ નથી રહ્યો. વિજ્ઞાનને કારણે, ભગવાનની કૃપાથી, અહિંસક વીરતા સિવાયની બીજા કોઈ પ્રકારની વીરતાની તક જ નથી રહી. વૈજ્ઞાનિક વીરતા અહિંસક વીરતા હશે."

તો વિજ્ઞાનવાદી જુલિયન હક્સ્લેએ કહ્યું કે પ્રાણીવિજ્ઞાન પ્રમાણે મનુષ્યની વિશિષ્ટ શક્તિ શરીરથી નિરાળી છે, અને તે છે એની બુદ્ધિ.

## ૧૮. માનવનિષ્ઠ સર્વોદય સમાજમાં અસમર્થોને સમર્થ બનાવી વ્યક્તિ પોતાની સમર્થતાનો વિકાસ કરશે.

આમ survival of the fittest–શ્રેષ્ઠતમ જીવે–ગયું, live and let live–જીવો અને જીવવા દો–ગયું, અને live to let live–'જિવાડવા માટે જીવો' એ સૂત્ર આવ્યું.

સમાજમાં આ સૂત્રનું સ્વરૂપ કેવું હશે? તો કહ્યું, "Fitting the unfit to survive–જે અક્ષમ હોય એને સક્ષમ બનાવવા—અસમર્થને સમર્થ બનાવવા."

ભગવાને સૃષ્ટિમાં એવી એક વિશેષતા રાખી છે કે કોઇને એણે દરેક રીતે સમર્થ નથી બનાવ્યું. કોઈ માણસ એક બાબતમાં સમર્થ હોય છે તો બીજી બાબતમાં નથી હોતો.

—એક પંડિતજી હતા. દશગ્રંથી, ષટ્શાસ્ત્ર-સંપન્ન વિદ્વાન હતા. નદીમાં રેલ આવી હતી. કાંઠે આવીને તેઓશ્રી માછીઓ સાથે વાતો કરવા મંડ્યા, "કેમ છો? કયાં રહો છો? શું કરો છો? કોઈ કોઈવાર આપણે ઘેર આવવું. એમાં શું? કહો તો સરનામું લખી આપું."

માછી કહે, "તમે તો ઘણેય લખી આપો, મહારાજ, પણ હું વાંચું શી રીતે? મને ઓછું જ વાંચતાં લખતાં આવડે છે?"

એટલે પંડિતજી બોલ્યા, "અરે રે! આટલાં વરસ શું પાણીમાં જ નાંખ્યાં? એક સરનામુંય ઉકેલતાં ન શીખ્યો?"

પછી પંડિતજી નાવમાં ચડયા. માછી પંડિતજીને નદી પાર કરાવવા મંડયો. ઘુમરિયાળાં પાણીમાં નાવડી હાલમડોલમ્ થવા લાગી. પંડિતજી ગભરાયા અને માછીને કહેવા લાગ્યા, "ભઈલા, જરા સાંભાળીને લે જે! આ તો જાનનું જોખમ કહેવાય!"

એટલે માછી કહે છે, "અરે પંડિતજી મહારાજ, ડૂબશે તો નાવડી ડૂબશે. એમાં આપણે માથે શું જોખમ છે? બે હાથ મારીને સામે કાંઠે નીકળી જઈશું"

પંડિતજી કહે, "ના, ભાઈ ના, મને તરતાં આવડતું નથી."

એટલે માછી હવે કહે છે, "પંડિતજી, આખી જિંદગી ગાળીને આટઆટલી વિદ્યાઓ ભણ્યા, તોયે તમે તમારો જીવ બચાવવાની વિદ્યા ન શીખ્યા?"

હર્બર્ટ સ્પેન્સરે કહ્યું છે કે સૌથી પહેલી પોતાનો જીવ બચાવવાની વિદ્યા શીખી લેવી જોઈએ. એણે એને Art of direct self-preservation કહી છે. યુદ્ધકળા શીખવાની વાત એણે ન કરી. એણે કહ્યું, "પાણીમાં ડૂબી મરવું ન પડે માટે તરતાં શીખો, અને ભૂખે ન મરવું પડે તે માટે હાથે રાંધી લેતાં શીખો."

તો સમર્થતા અને અસમર્થતા બંને બધાંયમાં વહેંચાયેલી છે. બીજાની અસમર્થતાનું નિરાકરણ કરવું અને પોતાની સમર્થતાનો વિકાસ કરવો, એ સર્વોદયની પ્રક્રિયા આમાંથી ફલિત થાય છે.

આપણે કહ્યું, "આપણું પરમ મૂલ્ય જીવન છે." જીવનને સંપન્ન બનાવવું છે. તો આપણી નીતિ શી હોવી જોઈએ? એ જ કે એકમેકનું જીવન સંપન્ન કરીએ. આપણું કર્તવ્ય શું થઈ પડશે? તમારું જીવન હું સંપન્ન કરું અને મારું જીવન તમે સંપન્ન કરો. જીવન સંપન્ન કરવા માટે શું જરૂરી છે? તમારી અસમર્થતાનું નિવારણ અને મારી ક્ષમતાનો વિકાસ કરવો જરૂરી છે. મારી ક્ષમતાનો વિકાસ શેમાં છે? તમારી અસમર્થતાનું નિરાકરણ કરવામાં. સામાજિકતા આમાં જ છે. જ્યાં સુધી તમારી અસમર્થતાના નિવારણ માટે હું પ્રયત્ન ન કરું ત્યાં સુધી મારી સમર્થતાનો વિકાસ ન થઈ શકે.

આ સિદ્ધાંતને આર્થિક ક્ષેત્રમાં ઉત્પાદનને લાગુ કરવાનો છે. પણ એ આપણે પછી જોઈશું. અહીં તો એનો ઉલ્લેખ માત્ર કરી લીધો.

મારી ક્ષમતાનો વિકાસ એ જ તમારી અક્ષમતાનું નિરાકરણ છે. તેમાંથી જ આપણને સર્વોદયની સમાજરચનાનાં બીજાં કેટલાંક મૂળભૂત મૂલ્યો મળે છે.

**૧૯. સર્વોદય સમાજનું મહામૂલ્ય પ્રેમ અર્થાત્ અહિંસા, એ પણ માનવનો સ્વભાવ જ છે.**

સવારે મેં તમને કહ્યું હતું કે "**द्वितीयाद् वै भयं भवति**". આ ભયનું નિરાકરણ કઈ રીતે થાય? બીજાની–પરાયાની–બીક ક્યારે ન રહે? જ્યારે પારકો પોતીકો બને ત્યારે. ગીતાંજલિના આરંભનાં કાવ્યો પૈકી જ એકમાં ગુરુદેવે તો કહ્યું હતું: "**दूरके करिले निकट बंधु, परके करिले भाई**-દૂરનાં કીધાં નિકટ બંધુ, પારકાં કીધાં ભાઈ."

સભ્યતાની આ જ રીત છે, બીજાંને નિજનાં બનાવવાં, અભેદની અદ્વૈતની–સ્થાપના કરવી, એ જ સર્વોદયનો, સમાજશાસ્ત્રનો સિદ્ધાંત છે. સર્વોદયનો એટલે સૌનો; તમારો અને મારો જ નહીં પણ બધાયનો, જે જે લોકો પ્રગતિ અને સંસ્કૃતિ વાંચ્છે છે, તે સૌનો આ જ સિદ્ધાંત છે. બીજો કોઈ સિદ્ધાંત એમને માટે હોઇ જ ન શકે.

પરમ મૂલ્ય જીવન છે. એમાંથી બીજાં મૂલ્યો ફલિત થાય છે. આપણે પરસ્પર ભયરહિત થવું છે, તેથી એક મૂળભૂત મૂલ્ય થઇ પડે છે–પ્રેમ.

અહિંસા શબ્દ અભાવાત્મક (નકારાત્મક) છે, તો આપણે ભાવાત્મક શબ્દ શા માટે નથી વાપરતા, એમ કદી કદી પુછાય છે. આની પાછળ પણ વિચારની એક સૂક્ષ્મતા છે. આચરણના જેટલા નિયમ છે તેમાં નિષેધાત્મક શબ્દોનો પ્રયોગ જ વધારે થાય છે. આમાં 'સત્ય' અપવાદ-સ્વરૂપ છે. સત્ય જ એક ભાવરૂપ પારમાર્થિક અંતિમ મૂલ્ય છે.

કોઇએ ગાંધીને પૂછ્યું કે "સત્ય અને અહિંસા વચ્ચે પસંદગી કરવાનો પ્રસંગ આવે તો તમે શું કરો?"

હવે આને શું કહેવું? ગાંધીજીએ કહ્યું, "હું સત્યનો પૂજારી છું અને એની જ ઉપાસના કરતાં કરતાં મને અહિંસા જડી છે. અહિંસા વના સત્યનું પાલન થઈ જ નથી શકતું, એમ મેં જોયું છે."

સત્યના પાલનનો અર્થ અહીં ઉપલબ્ધિ એવો છે. સત્યનું બીજા વ્રતનિયમોની જેમ પાલન કરવાનું નથી હોતું. એ તો અંતિમ વસ્તુસ્થિતિ છે, અહિંસા વગેરેના પાલનથી સત્યની ઉપલબ્ધિ થાય છે. સત્ય જ અંતિમ મૂલ્ય છે. એનું પાલન અહિંસાથી શરૂ થાય છે.

હવે એક બીજી વસ્તુ વિચારી લેવા જેવી છે. હિંસાને માટે કારણની જરૂર પડે છે. અહિંસા માટે કારણની જરૂર નથી પડતી. અહિંસા અને પ્રેમ મનુષ્યના સ્વભાવ છે.

—આપણે બધાં અહીં બેઠાં છીએ અને ધારો કે બહાર કંઈક ધાંધલ થયું. નારાયણ જઈને જુએ છે કે શું થયું? બધા કહે છે કે "ફલાણાએ ઢીંકણાને એક તમાચો ચોઢી દીધો!" એટલે નારાયણ ફલાણાને પૂછે છેઃ "ભાઈ, તેં તમાચો શું કામ માર્યો?" એટલે ફલાણો પછી કારણ કહે છે: "એ છેક મારા કાન પાસે આવીને ગંદી ગાળો બોલતો'તો!" ઇત્યાદિ.

—હવે બીજો કિસ્સો લો. આપણે અહીં બેઠાં બેઠાં શાંતિથી આપણું કામ કરીએ છીએ. આપણને અહીં આવીને કોઈ એવું પૂછે છે ખરું કે તમે એકબીજાને તમાચા કેમ નથી મારતા? એવું તો કોઇ ન પૂછે.

કોઈ તમાચો મારે છે ત્યારે મારવાનું કારણ બધા પૂછે છે! કોઈ તમાચો નથી મારતું, ત્યારે ન મારવાનું કારણ કોઈ નથી પૂછતું. અર્થાત્ હિંસાને માટે કારણ જોઈએ છે, ખુલાસો કરવો પડે છે, જ્યારે અહિંસાને માટે કોઈ કારણ કે કેફિયત આપવાં પડતાં નથી. અહિંસા અને પ્રેમ મનુષ્યનો સ્વભાવ છે. સ્વાભાવિક વસ્તુનું કારણ આપવું પડતું નથી; અસ્વાભાવિક વસ્તુનું કારણ આપવું પડે છે. માણસને માટે અહિંસા અને પ્રેમ સ્વાભાવિક છે, જ્યારે હિંસા અને દ્વેષ અસ્વાભાવિક છે.

તો જે વર્તનને માટે કારણ આપવાં પડે તેને માટે નિયમો ઘડયા છે. કારણ આપવાં પડે તેવા વિકારોનું નિરાકરણ થઈ જાય છે ત્યારે પ્રેમ પ્રકાશી ઊઠે છે, કેમકે પ્રેમ એ સ્વભાવ છે, મૂળ સ્વરૂપ છે, અને વિકારો એની ઉપર લાગેલા ડાઘા છે. ડાઘા માંજી નાંખો કે મૂળ સ્વરૂપ ઝળકી ઊઠે છે. વિકારો એ ધોઈ કાઢવાની ચીજો છે તેથી એમને માટે નિષેધાત્મક શબ્દો ઘડાયા છે, જેમકે અ–ભય, અ–હિંસા, અ–સંગ્રહ, અ–સ્તેય, વગેરે.

પ્રેમ જેમ સ્વાભાવિક છે અને એને માટે 'કેમ?' એવો પ્રશ્ન નથી પૂછવો પડતો, તેવું જ સંન્યાસને વિશે પણ કહેવાયું છે. શંકરાચાર્યને પૂછવામાં આવ્યું કે, "સંન્યાસ શું છે? અમે શા માટે સંન્યાસ લઈએ?"

ત્યારે શંકરાચાર્યે કહ્યું, "સંન્યાસ તો આપણો સ્વભાવ છે. એ લેવો નથી પડતો. લેવો પડત તો તો એ પોતે જ કર્મ થઈ જાત. સંન્યાસ એ તો સ્વ–રૂપ–અવસ્થાન છે. ભલું–બૂરું એકેય કામ કરવાની વાસના ન રહે, એને સંન્યાસ કહે છે. એ જ અવિકારી પ્રેમનું સ્વરૂપ છે."

ત્યારે લોકોએ કહ્યું, "પણ સારાં કામ શીદને છોડીએ? સારાં કામ તો એટલા માટે કરીએ છીએ કે ખોટાં કામ તરફ મન વળે નહીં."

આચાર્યે કહ્યું, "ઠીક છે. પણ સારાંનીયે વાસના છોડીએ, પછી જે બચે છે તે આપણું અસલ સ્વરૂપ છે અને તે સંન્યાસ છે."

શંકરાચાર્યે એમના ઉપનિષદ્-ભાષ્યમાં સંન્યાસની આવી વ્યાખ્યા કરી છે.

સ્વરૂપ તે છે જેને માટે નિમિત્ત અનાવશ્યક છે. હિંસાને માટે નિમિત્ત આવશ્યક છે. જે નિત્ય છે તે સ્વરૂપ છે. જે નૈમિત્તિક છે તે સ્વરૂપ નથી. એ વિકાર છે. આપણે સમાજમાંથી હિંસાનાં કારણોનું નિરાકરણ કરવું છે, અને મનુષ્યના મનમાંથી હિંસાનું નિરાકરણ કરવું છે. તેથી અહિંસા (હિંસા નહીં તે) એવો અભાવાત્મક-નિષેધાત્મક-શબ્દ વપરાયો છે, ભાવરૂપ શબ્દ નથી વપરાયો.

## ૨૦. સર્વોદયનું પ્રથમ પ્રમેય: "માનવ-સ્વભાવ પ્રેમમૂલક છે, સંઘર્ષમૂલક નથી"-એનાં પ્રમાણો

ત્યારે સવાલ પેદા થાય છે કે મનુષ્યનો સ્વભાવ શું છે? એનાં મૂલ્ય કેવાંક છે? આ જોઈ લઇએ, કેમકે ઘણીવાર કહેવામાં આવે છે કે તમે સર્વોદયવાળાઓ મનુષ્ય-સ્વભાવની વિરુદ્ધ વાતો કરો છો—Sarvodaya is against human nature!

હમણાં મુંબઈ ધારાસભામાં નવો ગણોતધારા ખરડો આવ્યો છે; આપણા મહારાજ અને નરહરિભાઇ પરીખે એમાં અમુક સુધારા સૂચવ્યા છે. એ વાંચીને એક જમીનમાલિક દલીલ કરે છે કે, "આ મહારાજ, નરહરિભાઈ વગેરે તો સાધુસંતો છે, એમને વહેવારની શી ગતાગમ? સાધુસંતો વેદના વારાથી ઉપદેશ કરી કરીને થાકયા કે બ્રહ્મચર્યનું પાલન કરો. કેટલાં માણસે કર્યું? કોણ કરે? કારણ એમની વાતો જ માણસના સ્વભાવથી વિરુદ્ધ હોય છે. કાયદો ઘડવો હોય તો તે મહારાજના સ્વભાવને માફક આવે તેવો નહીં, પણ મનુષ્ય-સ્વભાવને અનુકૂળ હોય તેવો ઘડવો જોઇએ."

આમ 'મનુષ્ય-સ્વભાવને પ્રતિકૂળ છે' એ દલીલ ઘણીવાર કરવામાં આવે છે. તો આપણે જરા સમજી લઇએ કે આ 'સ્વભાવ' છે શું? કાલે આપણે કહ્યું હતું ને કે શબ્દને વિષે આપણે ચોકસાઇ જાળવીશું. એટલે એક પણ મહત્ત્વનો શબ્દ ટકોરો વગાડી તપાસ્યા વગર પસાર ન થઈ જાય એની બનતી કાળજી રાખીશું. તો આપણે વિચારી લઇએ કે સ્વભાવ શું છે?

જે નિત્ય હોય છે, નિરપવાદ હોય છે, તે સ્વભાવ છે. સૂર્યનો સ્વભાવ પ્રકાશ છે. અગ્નિનો સ્વભાવ ઉષ્ણતા છે. ઉષ્ણતાની નિવૃત્તિ થતાં બરાબર અગ્નિ નષ્ટ થાય છે. પ્રકાશનું નિરાકરણ થતાં બરાબર સૂર્ય નષ્ટ થાય છે. એટલે સ્વભાવ એવી ચીજ છે જેનું વસ્તુના રહેવા છતાં નિરાકરણ નથી થઈ શકતું.

### ઈતિહાસ વિશે માર્ક્સની ભૌતિક દૃષ્ટિ, સર્વોદયની માનવીય દૃષ્ટિ

હવે એમણે 'સ્વભાવ'ની સાથે 'મનુષ્ય'ને સાંકળી લીધો અને કહ્યું, 'મનુષ્ય સ્વભાવ'. તમે જાણો છો કે નામની સાથે જ્યારે વિશેષણ જોડાય છે ત્યારે નામનો અર્થ મર્યાદિત થઈ જાય છે. માત્ર 'સ્વભાવ' કહેતાં પત્થર, વનસ્પતિ આદિથી માંડીને મનુષ્ય સુધીની સકળ જડ-ચેતન સૃષ્ટિનો સ્વભાવ. 'પ્રાણી-સ્વભાવ' કહેતાં પશુ-પંખી મનુષ્યાદિનો સ્વભાવ. 'મનુષ્ય-સ્વભાવ' કહેતાં આ વિવિધ પ્રાણીઓ પૈકી મનુષ્ય નામના અમુક જ પ્રાણીનો વિશિષ્ટ સ્વભાવ અર્થાત્ બીજાં બધાં પ્રાણીઓથી એને જુદો પાડનારું લક્ષણ-Distinctive Characteristic, મનુષ્યની વિશિષ્ટતા, એની આગવી ખાસિયત. **असाधारणो धर्मो लक्षणम्**-લક્ષણ એટલે અસાધારણ ધર્મ. એને મનુષ્યનું differentia (વ્યાવર્તક લક્ષણ) કહે છે.

**તમે જ કહો, પશુથી મનુષ્યને જુદો કરાવનારી વસ્તુ કઈ છે— હિંસા કે અહિંસા? દ્વેષ કે પ્રેમ?**

સ્વભાવ અ-નિરાકરણીય છે, અર્થાત્ આપણે એનું નિરાકરણ કરવા ઈચ્છતા નથી. હવે કહો, હિંસાનું નિરાકરણ ઇચ્છો છો કે નહીં? માર્ક્સનો Dialectical Materialism દ્વંદ્વાત્મક ભૌતિકવાદ કહે છે કે સંઘર્ષ એ મનુષ્યનો સ્વભાવ છે. તો માર્ક્સને આપણે સવાલ પૂછીએ છીએ, જેમ ડાર્વિનને પૂછ્યો હતો તેમ. આપણે તો શિષ્યભાવે બધાને પ્રશ્ન પૂછે જઈશું. માર્ક્સને આપણે સવાલ પૂછીએ છીએ કે, "આપના કથન પ્રમાણે મનુષ્યના સ્વભાવમાં જ સંઘર્ષ છે, ઇતિહાસ એ પણ વર્ગસંઘર્ષની જ કથા છે, તો અમારો સવાલ એ છે કે જો આ નિયમ હોય તો પછી આપ સંઘર્ષનું નિરાકરણ શા માટે કરવા માંગો છે? વળી જે સ્વભાવ જ છે તેને વિશે આટલું કુતૂહલ શીદને?"

ધારો કે છાપાવાળાઓએ છાપી માર્યું કે "આજે અમદાવાદમાં એક પણ ચોરી નથી થઈ." તો લોકો કહેશે કે "એમાં તમે શું છાપ્યું? ચોરી નથી થઈ તો પછી છાપું એને વિશે ખબર વળી શેની છાપે છે?"

ચોરી થઈ તો એને સમાચાર ગણી શકાય, પણ ચોરી ન થઈ તો એ કંઈ સમાચાર કહેવાય?

જો લડાઇ–સંઘર્ષ–એ મનુષ્યનો સ્વભાવ હોત તો યુદ્ધની વાર્તામાં કશુ રમ્ય * કે રસિક ન રહેત. કૂવે બૈરાં લડે તો બધાં કૌતુકના માર્યા જોવા જાય છે, પણ નારાયણ અને હું લડતા નથી એનું કોઇને કૌતુક નથી થતું. લડીએ તો લોકો દોડી આવે અને ઝગડો શમાવંવનો પ્રયત્ન કરે. "ઝગડો કેમ છે?" તો કહે છે, " શમાવવા માટે." હવે જે શમાવવાની ચીજ છે એને જ કોઈ 'સ્વભાવ' કહી પાડે તો એને આપણે શું કહીએ? મનુષ્ય સંઘર્ષને મિટાવી નાંખવા માંગે છે તેથી સંઘર્ષ એ મનુષ્યનો સ્વભાવ નથી. માનવઇતિહાસ જો સંઘર્ષમય હોય તો એ મનુષ્યના સ્વભાવનો ઇતિહાસ નથી, પણ એના દોષોનો ઇતિહાસ છે, સ્વભાવની આડે આવતી નડતરોનો ઇતિહાસ છે. કોઈ પૂછે "મનુષ્યે એનો સ્વભાવ ક્યારે ક્યારે છોડયો?" તો કહેશે, "ઇતિહાસ ઉઘાડીને જુઓ."

તો જેમ માર્કસનું 'Materialistic Interpretation of History 'ઇતિહાસ વિશેની ભૌતિક દષ્ટિ' છે તેમ આપણી ઇતિહાસને જોવાની માનવીય દષ્ટિ Humanistic Interpretation સમજો. મનુષ્યનું જ્યારે સ્વભાવમાંથી સ્ખલન થાય છે, એ પડે છે, ત્યારે સંઘર્ષ થાય છે. સંઘર્ષનો ઇતિહાસ એ મનુષ્ય સ્વભાવનો ઇતિહાસ નથી.

### બધા સંપર્કને સંઘર્ષ ન કહેવાય

બીજા કેટલાક લોકોએ કહ્યું કે સંઘર્ષ એ સૃષ્ટિનો નિયમ છે. પત્થર અફળાયા અને અગ્નિ પ્રકટયો, તો આ લોકો કહે છે, "જુઓ, આ પત્થરોનો સંઘર્ષ થયો!"

આપણે જો આ રીતે બધી જાતના મેળાપને–સંપર્કને–સંઘર્ષ કહ્યે જઇશું તો ભારે થઇ પડશે! આ તો બધી મંછા (મનિષા) ભૂત ને શંકા ડાકણ જેવી વાત છે, સૃષ્ટિ ઉપર આપણા મનોભાવોનું આરોપણ છે! વિનોબાએ મજાકમાં કહ્યું છે, "અરે આજે મેં એક જબરો સંઘર્ષ જોયો! બાળકના હોઠ અને માતાના સ્તન વચ્ચે સંઘર્ષ ચાલતો હતો!" જેટલી નૈસર્ગિક ઘટનાઓ હોય એ તમામને જો આપણે 'સંઘર્ષ' કહેવા મંડીએ, અને પાછા એને જ objcetivity–વાસ્તવિક દષ્ટિ, કહીએ તો એ બરાબર નથી. બે વસ્તુના મિલનથી ત્રીજી નીકળે તો એને મિલન કહીએ, સંઘર્ષ

---

*સંસ્કૃતમાં કહેવત છે, युद्धस्य वार्ता रम्या—લડાઇની વાત સાંભળવી ગમે છે તેનો અહીં ઉલ્લેખ છે.

શા માટે કહીએ! આ તો એક વાકયપ્રયોગ થયો, કહેવાની એક રીત થઈ. એ કાંઇ નિયમ ન ગણાય.

**૨૧. પ્રેમ શાશ્વત નિરપેક્ષ મૂલ્ય છે.—શાશ્વત મૂલ્યનાં લક્ષણો**

વિજ્ઞાને આપણને સ્વભાવની કસોટી શીખવી છે કે જેનું નિરાકરણ ન થઈ શકે તે સ્વભાવ છે. હવે આ કસોટી આપણે મૂલ્યને લાગુ પાડી જોઈએ.

જેનું નિરાકરણ કરવા માંગીએ છીએ તે અશાશ્વત મૂલ્ય છે, સાપેક્ષ મૂલ્ય (Relative Value) છે. જેનું નિરાકરણ કરવા માંગતા નથી તે શાશ્વત અને નિરપેક્ષ (absolute) મૂલ્ય છે. અહિંસાનું અધિષ્ઠાન શાશ્વત મૂલ્યોમાં છે. તેથી આપણે કહ્યું કે અમારે માનવીય મૂલ્યોની સ્થાપના કરવી છે. આના ઉપરથી આપણે માનવ સ્વભાવની ચર્ચાએ ચડી ગયા અને જોયું કે મનુષ્યનો સ્વભાવ પ્રેમ છે. મનુષ્ય દ્વેષને નિર્મૂળ કરવા ઝંખે છે. એમ પણ બને કે એ વેરીને મારીને વેરને નિર્મૂળ કરવા ઝંખે, કાં એમ પણ હોય કે એ વેરને ભૂંસીને એને નિર્મૂળ કરવા તાકે. (Love માં L ને capital લખજો તો અરવિંદ, રમણ, કૃષ્ણમૂર્તિ બધા તમારી સાથે છે; l નાનો લખ્યો તો એ કોલેજ-સિનેમાવાળો ખેલ થઈ જશે.)

અને જવાહરલાલ નેહરુએ શું કહ્યું? એમણે કહ્યું કે આપણે સહ-જીવનની વાત નથી કરી શકત, તો ખેર, સહમરણની વાત કરીએ! સહ-મરણ એટલે એકી સાથે લડીને બધાં મરી જાય એ નહીં. એ તો અકસ્માત. થયો સહ-મરણમાં સાથે મરવાનો સંકલ્પ હોય કે ‘અમે મરીશું તો સાથે જ મરીશું.’ એક વાર આવો સંકલ્પ થયો તો અંતે એ સહ-જીવનમાં જ પરિણમવાનો.

—અમારા નાગપુરમાં એક તળાવ છે. એને પ્રેમીઓનું તળાવ કહે છે. પ્રેમમાં નિરાશ થયેલા યુવક-યુવતીઓ સાથે મરવાનો સંકલ્પ કરીને એમાં કૂદે છે. એમનો સંકલ્પ હોય છે જીવશું તો સાથે જીવશું અને મરશું તો સાથે મરશું. આ તો નાના ‘l’ વાળા love ની (આસક્તિની) વાત થઈ. પણ મોટા ‘L’ વાળો-Love અર્થાત્ સખ્યભક્તિ-Comradeship! પણ comradeship માં પણ કંઈક ન્યૂનતા છે. તેથી સખ્ય-ભક્તિ શબ્દ વાપર્યો.

આ જે પ્રેમ છે તે મનુષ્યના સ્વરૂપનું નિરપેક્ષ મૂલ્ય છે. ગાંધીજીની અહિંસાને આ અર્થમાં પ્રેમદર્શન કહી શકાય. પ્રેમ આપણો સ્વભાવ છે,

કેમકે પ્રેમમાં આનંદ છે, દ્વેષમાં બેચેની છે. પ્રેમનું નિરાકરણ નથી ઇચ્છતા. દ્વેષનું ઇચ્છીએ છીએ. પ્રેમને માટે કોઈ નિમિત્ત ન જોઇએ. દ્વેષને માટે નિમિત્ત જોઇએ. પ્રેમમાં ખુલાસો નથી કરવો પડતો કેમ કે પ્રેમ કર્યો? દ્વેષમાં ખુલાસો કરવો પડે છે, બચાવ કરવો પડે છે. શ્વાસ લઇએ છીએ એનો બચાવ નથી કરવો પડતો. જેનો બચાવ કરવો પડે, જેનું સમર્થન કરવું પડે, તે સ્વભાવ નથી. જેનું સમર્થન ન કરવું પડે તે સ્વભાવ છે.

—એક વાર કોલેજના એક છોકરાએ પૂછયું કે "તમારા જીવનનું ધ્યેય શું છે? તમે શા માટે જીવો છો?" મેં કહ્યું, "અરે ભાઈ, આ તે કંઈ સવાલ છે? પેદા થયો છું એટલે જીવું છું. હા, હું જો આપઘાત કરવા જતો હોઉં ને તમે પૂછો તો તે બરાબર ગણાય કે તારે મરવું શા માટે છે. પણ જીવવા માટે શું એટલું જ કારણ પૂરતું નથી કે હું જન્મ્યો છું?

તો, જીવન મનુષ્યનો સ્વભાવ છે, મૃત્યુ મનુષ્યનો સ્વભાવ નથી. તેથી મનુષ્ય જીવવા ઇચ્છે છે અને તે પણ પ્રેમપૂર્વક જીવવા ઇચ્છે છે. ભગવાને મનુષ્યને યોજનાપૂર્વક પ્રેમસ્વરૂપ ઘડયો છે. હેતુ એ છે કે આપણે બીજાની સાથે જીવીએ અને બીજાને જિવાડવા માટે જીવીએ. આમાં કશો પરાર્થ (પરોપકાર–altruism) નથી. મારે જીવવું હોય તો એક જ શરત છે કે બીજાને જિવાડવા માટે જીવું. આને માટેની પ્રેરણા મારા સ્વભાવમાંથી જ સ્ફુરે છે, કારણ કે હું પ્રેમસ્વરૂપ છું. સહજીવનની સકળ પ્રેરણા પ્રેમમાંથી ઉત્પન્ન થાય છે.

તો, આપણે બે લક્ષણ જોયાં. હવે ત્રીજું જોઈએ.

જે પોતાના નામથી ચાલે તે નિરપેક્ષ મૂલ્ય છે, જે પારકા નામથી ચાલે તે સાપેક્ષ મૂલ્ય છે. બજારની ભાષામાં બોલું તો આને અસલી મૂલ્ય અને નકલી મૂલ્ય કહેવાય. નકલી સિક્કો પોતાને નામે નથી ચાલતો. એને અસલ સિક્કાનો વેશ ભજવવો પડે છે.

આપણે રશિયાને પૂછીએ કે તમે શા માટે હાઇડ્રોજની બોમ્બ બનાવો છો, તો કહે છે, "શું કરીએ ન બનાવીએ તો? અમેરિકા અમને રહેંસી જ નાંખે તો!" અમેરિકાને પૂછીએ તો કહે છે, "રશિયા લડાઈ ન કરે, વિશ્વશાંતિ કાયમ રહે એટલા માટે, બનાવવો પડે છે!" આમ આ બેય જણ એકમેકનું નામ લઈને બનાવે છે અને પોતે તો શાંતિપ્રિય હોવાનો જ દાવો કરે છે. 'લાઠી કેમ ઉછળી?' તો કહે, 'શાંતિની સ્થાપના માટે!' યુદ્ધ પણ શાંતિને માટે જ થાય છે!

દુનિયામાં જે હિંસા કદી પોતાને નામે નથી ચાલી, એવી હિંસાની આબરુ શી? જે લોકો આજ દિન સુધી એમ માનતા આવ્યા છે કે અહિંસક ગાંધી સમાજશાસ્ત્રી નહોતો, એમને આપણે પૂછીએ કે ભલા, જીવનનું એવું તે કોઈ મૂલ્ય હોઈ શકે ખરું જેને પોતાના નામની જ શરમ આવતી હોય? બીજાનું નામ લેનારાં હિંસા આદિ નકલી મૂલ્યો સાપેક્ષ મૂલ્યો છે. અસલી મૂલ્યો જે પોતાના જ નામથી ચાલે છે તે નિરપેક્ષ છે.

હવે ચોથી પરીક્ષા: જે મૂલ્ય સાર્વત્રિક ન થઈ શકે તે મિથ્યા મૂલ્ય છે, સમાજનું વાસ્તવિક મૂલ્ય નથી.

પ્રબોધભાઈએ પ્રશ્ન પૂછયો કે "તમે સવારે જ્યારે એમ કહ્યું કે સર્વસંમતિ હોય છે ત્યાં મોટે ભાગે સન્મતિ હોય છે. આમાં તમે 'મોટે ભાગે' શા માટે કહ્યું?" એટલા માટે એમ કહ્યું કે એ નિયમ પણ અપવાદ વિનાનો નહોતો. ધારો કે સંમતિ કોઈ એક ટોળીની છે અને એ ટોળી બીજા દસની વિરુદ્ધ હોય તો તેવી સંમતિ ષડ્યંત્રમાં ખપશે.

જે બધાને સમાન ભાવે લાગુ ન પડે તે શાશ્વત નથી, મિથ્યા છે, દુર્ગુણ છે, વિમતિ છે. ૧૦૦ માંથી સોએ સોને માટે જે હોય તે શાશ્વત છે, સદ્ગુણ છે, સન્મતિ છે. અહીં આપણને સદ્ગુણ-દુર્ગુણની કસોટી પણ જડી ગઈ. જે સર્વને સમાન રીતે લાગુ પડી શકે તે સદ્ગુણ, ન લાગુ પડી શકે તે દુર્ગુણ.

—ચોરોનું એક ગામ હતું એમાં ચોર જ ચોર રહેતા હતા. તો શું એ ગામમાં કદી ચોરી થઈ હશે ખરી? ચોરો પોતાના જ ગામમાં તો ચોરી ન કરી શકે. ચોર પણ જો સાથે રહેવા માંડે તો અંદરોઅંદર ચોરી નહીં કરે, બીજા ગામમાં જઈને ખાતર પાડશે. જો પોતાના જ ગામમાં ચોરી કરે, બધા એકમેકનાં ઘરમાં ખાતર પાડે, તો તો પછી એમાં ચોરી જેવું રહ્યું જ શું? તમે મારે ત્યાંથી લઈ જાવ, હું તમારે ત્યાંથી ઉપાડી જઉં.

ચોરી, લોભ આદિ સ્વભાવ નથી. જે વ્યાપક નથી, તે શાશ્વત ન હોઈ શકે.

## ૨૧. નિષ્કર્ષ અને 'ધર્મ-વિજ્ઞાન'ની પૂર્વભૂમિકા

તો સર્વોદય સમાજ નિરપેક્ષ, શાશ્વત અને વ્યાપક મૂલ્યોની સ્થાપના કરવા માંગે છે, અને બાધક મૂલ્યોનું નિરાકરણ કરવા માગે છે. સૌને માટે સમાન રૂપે જે નથી તે અશાશ્વત છે. તમામ દુનિયાના

ક્રાંતિકારી લોકો આ વાત સાથે સહમત છે. આ–તે મૂલ્યોનું નામ પાડે કે ન પાડે એ તદ્દન જુદી વાત છે. જેટલાં મૂલ્ય નિરપેક્ષ છે તે પરમાર્થિક છે, આર્થિક અને રાજનૈતિક નથી.

તો, આજે આપણે એવો નિષ્કર્ષ કાઢયો કે વિજ્ઞાન અને સત્તા મૂલ્યની સ્થાપના નથી કરી શકતાં. શસ્ત્ર, યુદ્ધ, હિંસા વગેરેનાં નામ તો હું લેતો નથી, કેમકે હવે એ વાત તો બધાએ સ્વીકારી જ લીધી છે કે એ સાધનોથી કશું વળતું નથી. વિજ્ઞાન તો એ કારણે જ અસમર્થ છે કે વૈજ્ઞાનિકો જાતે જ કહે છે કે એ neutral છે, તટસ્થ છે. વિજ્ઞાન ફક્ત શોધ કરે છે, આવિષ્કાર કરે છે. ત્યારે એક એવો સવાલ પેદા થાય છે કે શું વિજ્ઞાનનો મૂલ્યની સ્થાપનામાં કશો ઉપયોગ નથી? ઉપયોગ જરૂર થઈ શકે, પરંતુ એણે પોતે મૂલ્યોની સ્થાપના આજસુધી કદી, નથી કરી કે નથી કરવાનું. આ જ વિજ્ઞાનની અપૂર્ણતા છે અને એ જ એનો ગુણ પણ છે, વિશેષતા પણ છે. એક વૈજ્ઞાનિકે ભારે અભિમાનથી કહ્યું છે કે "તમો એવો દાખલો ટાંકી શકો છો કે આજ સુધીમાં કદી પણ વિજ્ઞાનને કાજે યુદ્ધ થયું હોય?" આપણે તો સત્યવાદી છીએ એટલે કબૂલ કરવું પડશે કે "હા, વિજ્ઞાનને નામે યુદ્ધ નથી થયું. ધર્મ જાતિ, સંસ્કૃતિ અને ઈશ્વરને નામે યુદ્ધ થયાં છે. પણ વિજ્ઞાન એક એવું સાર્વભૌમ આંતરરાષ્ટ્રીય તત્ત્વ છે કે જેને નામે કદી યુદ્ધ નથી થયું." પરંતુ આમાંથી જ બીજી પણ એક વાત ફલિત થાય છે અને તે એ કે એકલા વિજ્ઞાનથી મૂલ્યની સ્થાપના નથી થઈ શકતી. હા, એ સાધન બની શકે ખરું. વિજ્ઞાન સાર્વભૌમ છે અને રહેશે. વીજળી અને અણુની શક્તિઓ સાર્વભૌમ છે અને રહેશે. પણ રાષ્ટ્રનીતિ, રાજનીતિ અને અર્થનીતિ રાષ્ટ્રીય જ બની શકી છે. આ વિરોધ (તફાવત) ઝાઝા દિવસ નહીં ચાલી શકે, અને તેથી જ અસાંપ્રદાયિક ઇતિહાસવેત્તા એચ. જી. વેલ્સે પોતાના ઈતિહાસના છેવટના–ઉપસંહારના–પ્રકરણમાં લખ્યું છે કે કોઇ પણ રાષ્ટ્ર હવે પોતાની રાષ્ટ્રીય સત્તાને જોરે જીવી શકશે નહીં. Second Communist Internationale, સામ્યવાદીઓની બીજી આંતરરાષ્ટ્રીય પરિષદે, એવું જાહેર કર્યું હતું કે એ રાષ્ટ્રોની સીમાઓને પાર કરી જશે, રાજ્યોની સરહદોને ભૂંસી નાંખશે. પરંતુ હવે માત્ર નકશા પરથી નહીં, મનુષ્યના હૃદયમાંથી પણ સીમાઓને ભૂંસી નાંખવી પડશે. અને એને માટે વિજ્ઞાને અનુકૂળ પરિસ્થિતિ આપણી સામે ખડી કરી દીધી છે.

★

# ધર્મ-વિજ્ઞાન

★

ગાંધી સ્મૃતિ ગ્રંથાલય * ભાવનગર

ગાંધી સ્મૃતિ પુસ્તકાલય
ક્રમાંક
તા...........................
ભાવનગર
Do. 714

૨૩. ધર્મ એટલે શું ? નિત્યધમ વ્યક્તિગત ફળ નથી આપતા, પણ તેનાથી સમાજનું ધારણ-પોષણ થાય છે
૨૪. નિત્યધર્મ અર્થાત્ નાગરિકનો સમાજધર્મ નિષ્કામ હોય છે-નિષ્કામતા એટલે વ્યાપક કામના
૨૫. ધર્મ અને 'ધર્મ'ને નામે ચાલતી સંકુચિત સાંપ્રદાયિકતા
૨૬. ગાંધીથી એક કદમ આગળ વધીને સંપ્રદાયના નિરાકરણનો સંકલ્પ કરીએ
૨૭. ધર્માંતરને ગેરકાયદેસર કરી નાંખીએ
૨૮. સંપ્રદાયમુક્ત ધર્મ અર્થાત્ આત્મજ્ઞાન તથા સાર્વભૌમ વિજ્ઞાનની યુતિમાંથી "વૈજ્ઞાનિક ધર્મ" જન્મે
૨૯. ધર્મ-વિજ્ઞાનના સમન્વય માટે કાવ્ય અને જ્ઞાન વચ્ચેના વિરોધનું અધ્યયન
૩૦. કાવ્યના મૂળ સમું સૃષ્ટિ સાથેનું જીવનવિકાસક તાદાત્મ્ય અવૈજ્ઞાનિક નથી-તેના સેવનથી વિજ્ઞાન શાસન અને શોષણની પકડમાંથી છૂટે
૩૧. યંત્ર-વિજ્ઞાનની પ્રગતિ અને મૂડીવાદી ઔદ્યોગિક ક્રાંતિ એ બે એક નથી
૩૨. વિજ્ઞાન અને યંત્ર પણ એક નથી-યંત્રનિષ્ઠા અને ઉપકરણવાદ માનવનિષ્ઠાનું સ્થાન ન લઇ લે તે સાચવીએ
૩૩. પૂર્તિ, ઉપસંહાર અને 'ક્રાંતિ-વિચાર'ની પૂર્વભૂમિકા-યાંત્રીકરણનાં સહચારી લક્ષણો : સમાનીકરણ અને વિશિષ્ટીકરણ-બાહ્ય સમાનતાની સાથે સાથે જાગતી આંતરિક સમાનતાની આકાંક્ષા

**આ**પણી સામે અલગ અલગ વિષયો મૂકવામાં આવ્યા છે. પણ એક વાત સમજી લેશો કે મારા મગજમાં જુદા જુદા વિષયો નથી. આખા જીવનને મારું મગજ એક જ વિષય તરીકે જુએ છે. હા, જીવનની જે જે બાબતોને સમજી લેવી જરૂરી લાગે છે તેને તેને હું સમજી લઉં છું ખરો. ધર્મને પણ મેં એ જ રીતે સમજવાની કોશિશ કરી છે.

## ૨૩. ધર્મ એટલે શું ? નિત્યધર્મ વ્યક્તિગત ફળ નથી આપતો, પણ તેનાથી સમાજનું ધારણ-પોષણ થાય છે

ધર્મ શું છે ? એની શી જરૂર ? મનુષ્ય કહે છે કે જો અમુક વસ્તુ મારી અંદરની આકાંક્ષાને અનુરૂપ હોય તો તે મારે માટે સારી છે અને ન હોય તો તે મારે માટે કશા કામની નથી. મનુષ્યની બુદ્ધિનું આ એક લક્ષણ છે.

તૈત્તિરીય ઉપનિષદ પરના શાંકર ભાષ્યમાં શરૂઆતમાં જ શાસ્ત્રના એક વાકયનો ઉલ્લેખ આવે છે. શાસ્ત્રની આજ્ઞા છે કે **सततं संध्यामुपासीत । अकरणे प्रत्यवायः ।** રોજ સંધ્યા કરવી, નહીં તો પાપ લાગશે. હવે, આચાર્યની એ કાયમની આદત હતી કે 'કેમ ?' એવો પ્રશ્ન દરેક બાબતમાં કરવો.

વિજ્ઞાનની એક મર્યાદા છે. 'શું, કયારે, ? કયાં ?' વગેરેનો જવાબ તો વિજ્ઞાન આપી શકે પણ 'કેમ ?' 'શા માટે ?' એવો પ્રશ્ન કરતાંવેંત વિજ્ઞાન કુંઠિત થઈ જાય છે. એની શક્તિ પરવારી જાય છે. એના જવાબ આપવાનું એનું ગજું નથી. જયાં 'કેમ ?'નો આરંભ થયો ત્યાં પદાર્થ-વિજ્ઞાનની સરહદ પૂરી થઇ અને પદાર્થેતર વિજ્ઞાન (Metaphysics)-તત્ત્વજ્ઞાનનો આરંભ થયો, એવું લોકોનું કહેવું છે. મારું એમ કહેવું નથી, કારણ હું તો કયાંય પણ આરંભ કે અંત જોતો નથી.

તો આચાર્ય પૂછે છે કે 'સંધ્યા-હોમ રોજેરોજ શા માટે કરું ? મને એનાથી શું મળશે ?' ત્યારે જવાબ મળે છે, 'કાંઇ નહીં મળે. કરીશ તો પુણ્ય નહીં મળે અને નહીં કરે તો પાપ લાગશે.' ત્યારે આચાર્ય કહે છે, 'આવું તે કાંઇ હોય ? આ તો જબરી શિરજોરી ! એવો તે કાંઈ ધર્મ હોતો હશે કે ન કરું તો પાપ લાગે ને કરું તો કાંઇ ન મળે ? સાક્ષાત્ પરમેશ્વર પણ જો આવો નિરંકુશ સત્તાવાદી અને અત્યાચારી બને તો હું તેના તરફની પણ આવી નિરંકુશ જોહુકમી સાંખી

લેવા તૈયાર નથી.' તે કાળના બુદ્ધિવાદીઓને માટે ગહન ગંભીર સવાલ શંકરાચાર્યે ખડો કરી દીધો હતો.

નિત્યકર્મથી પુણ્ય નથી મળતું, પણ ન કરે તો પાપ લાગે છે. નિત્યધર્મનું આ જ લક્ષણ છે. પણ આવું શાથી? તો શંકરાચાર્યે જાતે જ એનો સરસ જવાબ આપ્યો છે: "નિત્યકર્મથી ફળ નથી મળતું છતાં એ વ્યર્થ પણ નથી જતું. નિત્યકર્મ નિષ્ફળ નથી હોતું. એનાથી નવું પુણ્ય નથી મળતું, છતાં એ નિષ્ફળ નથી અર્થાત્ ફલરહિત કર્મ નથી." ત્યારે એ કર્મનું શું ફળ મળે છે? જે લોકોએ સંધ્યા-પૂજા વગેરે કર્યાં હશે તેઓને હું એક વાક્યની યાદ આપું **મમોપાત્ત-दुरित-क्षय-द्वारा** રોજનાં કર્મ કેમ? તો કહે છે કે જે પાપ થઈ ચૂક્યાં છે, જેનું મને કદાચ ધ્યાન પણ ન રહ્યું હોય, એવાં પાપોને ક્ષીણ કરવા માટે સમાજમાં નિત્યધર્મનું પાલન કરું છું.

એ જ રીતે નાગરિક સમાજધર્મનું પાલન કરે છે. એનાથી એને પ્રત્યક્ષ લાભ નથી થતો, પણ એનાથી સમાજનું સ્વાસ્થ્ય ટકી રહે છે, સમાજ-ધારણા થાય છે. **धारणाद् धर्म इत्याहुः। धर्मो धारयते प्रजाः।** સમાજની ધારણાનું જે તત્ત્વ છે એને જ ધર્મ કહે છે. સમાજમાં કેટલાંક મૂળભૂત સિદ્ધાંતો હોય છે, આધારભૂત મૂલ્યો હોય છે. એ જ સમાજની ધારણાના સિદ્ધાંતો કહેવાય છે. જે મૂલ્યોથી સમાજનું ધારણ-પોષણ થાય છે, સમાજ ટકે છે, તેમને જ ધર્મ માનવાં જોઈએ. બાકી બધાં સંપ્રદાય કે પંથ છે.

## ૨૪. નિત્યધર્મ અર્થાત્ નાગરિકનો સમાજધર્મ નિષ્કામ હોય છે– નિષ્કામતા એટલે વ્યાપક કામના

આ તો મેં સિદ્ધાંતની વાત કહી. હવે એને સરળ-સુલભ કરવા માટે થોડાં ઉદાહરણ ને દૃષ્ટાંત આપીશ.

—મેં કદી ચોરી નથી કરી, શરાબ નથી પીધો, હંમેશાં સુધબુધ ઠેકાણે રાખી છે. પણ તે કારણે કોઈ મને માન નથી આપતું, સત્કાર-સમારંભ નથી ગોઠવતું કે હારતોરા એનાયત નથી કરતું. પણ થોડીવાર માટે ધારી લો કે હું પૂર્વાશ્રમમાં એક પ્રસિદ્ધ ડાકુ હતો. કોઈ કાળે છાપાંમાં મારું નામ રોજ છપાતું હતું અને મને પકડવાને માટે સરકારે હજારોનાં ઈનામ કાઢયાં હતાં. એવો હું જો બહાર આવીને જાહેર કરત કે આજથી મેં ડાકુગીરીને છેલ્લા રામરામ કર્યા છે, મારું હૃદયપરિવર્તન થયું છે, તો સભાઓ ભરાત અને મારા પર માનપત્રોનો વરસાદ વરસત. લોકો

કહેત કે કેવો ભલો માણસ! આજથી હવે લૂંટફાટ નહીં કરે! ત્યારે આ નારાયણ દેસાઈ માથું ખંજવાળત કે મારું બેટું! મેં કદી ચોરી કરી નથી, પણ મારો તો કોઈ ભાવેય નથી પૂછતું! દારુડિયો દારુ છોડવાની પ્રતિજ્ઞા લે છે તો એ છાપામાં આવે છે. એમને જાહેરમાં મોટા માણસો શાબાશીના બે શબ્દો કહે છે! પણ જેણે કદી દારુ દીઠો જ નથી એમના પર તો કોઈ ધ્યાન જ નથી આપતું!

અહીં માનપાન મેળવવા માટે ડાકુ થવાની કે દારુડિયા થવાની હિમાયત નથી! કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે સમાજમાં નિત્યકર્મ હોય છે એનું પાલન નાગરિકનું સ્વાભાવિક કર્તવ્ય મનાય છે. એને માટે પ્રતિફલ, પુરસ્કાર કે પારિતોષિકની આશા રાખવામાં આવતી નથી. એમાં બદલાની ભાવના સેવાતી નથી. તેથી નાગરિક ધર્મને વિશે, સમાજધર્મને વિશે, એમ કહેવામાં આવે છે કે એ નિષ્કામ હોવાં જોઈએ. એમાં ફળની ઇચ્છા ન રહેવી જોઈએ.

તો શું નિષ્કામ કોઈ કામ થઈ શકે ખરું? મનમાં કશો ઉદ્દેશ જ ન હોય અને કામ કરીએ તેને તો ઉન્મત્ત ચેષ્ટા કહેશે. દારુડિયાના ચેનચાળા કે ઊંઘમાં કરેલા બબડાટ જેટલી જ એની કીંમત મનાશે! એ શું એવી involuntary action અચેત ચેષ્ટાઓ છે કે જેની પાછળ આપણી કશી જ ઇચ્છા કે ચેતનાનો સંચાર જ નથી? એમ હોય તો તો આખો સમાજ જ ખતમ થઈ જાય.

વગર ઇચ્છાએ કદી કોઈ માણસ કશું પણ કરે છે ખરો? **प्रयोजनम् अनुद्दिश्य न मंदोऽपि प्रवर्तते।** કશા પ્રયોજન વિના તો મૂર્ખ મનુષ્ય પણ કશું કરતો નથી. ત્યારે લોકો આપણને કહે છે કે આ જે તમે પ્રયોજનરહિત, ફળની કામના વિના જ, કાર્ય કરવાનું કહો છો તે અત્યંત મૂર્ખતાપૂર્ણ ધર્મ છે!

હવે આવી વાતનો જવાબ શો હોય, નિષ્કામ કર્મનો અર્થ શો, એ હું તમારી સામે થોડાંક ઉદાહરણોથી સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરીશ.

કદી કદી આપણે કહીએ છીએ કે આ મનુષ્ય નિઃસ્વાર્થી થઈ ગયો છે, એણે સ્વાર્થનો ત્યાગ કર્યો છે. એનો અર્થ શો થતો હોય છે? એ માણસ જો કુટુંબમાં રહેનારો હોય અને એનો સ્વાર્થ કુટુંબવ્યાપી બની ગયો હોય તો આપણે એને નિઃસ્વાર્થ કહીએ છીએ. કુટુંબમાં માતા સૌથી વધારે નિઃસ્વાર્થ હોય છે એમ કહેવાય છે. અર્થાત્ માતાનો સ્વાર્થ કુટુંબવ્યાપી હોય છે. માત્ર પોતાના સાડાત્રણ હાથના શરીરના કલ્યાણમાંથી

એનો સ્વાર્થ કોચલું તોડીને બહાર નીકળેલો હોય છે અને એણે કુટુંબ સુધી પોતાની પાંખો પસારી હોય છે. તેથી એને નિઃસ્વાર્થ કહે છે.

જેનો સ્વાર્થ વ્યાપક છે તે નિઃસ્વાર્થ છે. જેનો સ્વાર્થ ક્ષિતિજવ્યાપી હોય છે તે અત્યંત નિઃસ્વાર્થ છે. કુટુંબવ્યાપી સ્વાર્થવાળો કુટુંબમાં નિઃસ્વાર્થ છે, ગ્રામવ્યાપી સ્વાર્થવાળો ગ્રામમાં નિઃસ્વાર્થ છે; દેશવ્યાપી સ્વાર્થવાળો દેશમાં નિઃસ્વાર્થ છે, વિશ્વવ્યાપી સ્વાર્થ હોય તો વિશ્વમાં નિઃસ્વાર્થ છે; અને સ્વાર્થ આકાશવ્યાપી હોય તો એ પરમ નિઃસ્વાર્થ છે. સ્વાર્થમાં વ્યાપકતા આવે છે ત્યારે સ્વાર્થ સ્વાર્થ મટી જાય છે. આ સ્વાર્થના નિરાકરણની પ્રક્રિયા છે.

આ બધું આપણે એટલા માટે જોઈ ગયા કે સ્વાર્થના નિરાકરણની પદ્ધતિની આપણે ચર્ચા કરવી છે, આપણે વિરોધોનું નિરાકરણ ઇચ્છીએ છીએ, Conflict of interestsનો આપણે અંત આણવો છે. તેથી આ વાત કાંઇક સ્પષ્ટતાપૂર્વક મૂકી દીધી.

તો, જેની કામના વ્યાપક બની છે તે નિષ્કામ છે. જેની કામના ક્ષિતિજવ્યાપી છે તે અત્યંત નિષ્કામ છે. કાલના વ્યાખ્યાનમાં કહેલું કે આપણે ૧૦૦માંથી ૧૦૦ જણનું ભલું ઇચ્છીએ છીએ. જે ૧૦૦માંથી ૧૦૦નું ભલું ચાહે છે, તે અત્યંત નિષ્કામ–અત્યંત નિઃસ્વાર્થી–થયો ગણાય.

સમાજમાં જે સામાન્ય નિત્યધર્મ છે તે બધાના ધર્મ છે, નિષ્કામ ધર્મ છે. એનાં જે ફળ આવે છે તે બધાનાં હોય છે. એ પોતાનાં આગવાં નથી હોતાં. આપણે ફળ આપણી જાતને માટે ઇચ્છીશું નહીં અને છતાં આપણાં કર્તવ્યો કર્યે જઈશું. આમ નિષ્કામ કર્મમાં એવું હોય છે કે કર્તવ્ય મારું અને ફળ બધાનું, મારા એકલાનું નહીં.

ગમે તે દેશ, કાળ કે પરિસ્થિતિમાં સામાજિક કર્તવ્યો વિશે આ જે કહ્યું તેમાં મતભેદ પડવાનો સંભવ નથી.

## ૨૫. ધર્મ અને 'ધર્મ'ને નામે ચાલતી સંકુચિત સાંપ્રદાયિકતા

હવે અહીંથી આગળ જૂનવાણી અર્થશાસ્ત્રીઓ અને ધર્મશાસ્ત્રીઓ સાથે આપણા રસ્તા ફંટાય છે. કાલે કહેલું તેમ વિજ્ઞાનવેત્તા કહે છે કે વિજ્ઞાનને નામે કદી લડાઈ થઇ નથી, ધર્મ અને ઈશ્વરને નામે તો કંઇ કેટલાય જંગ ખેલાઈ ચૂકયા છે. બે પહેલવાન કુસ્તી કરે છે ત્યારે પણ 'બજરંગ બલી કી જય' બોલીને બજરંગને નામે કુસ્તી કરે છે! મનુષ્યની લડાઇઓ ભગવાનને નામે જ થતી હોય છે!

—એક દૂરબીન છે. એમાં બે છેડે બે જાતના કાચ બેસાડેલા છે. એક જણ એક છેડેના કાચથી જુએ છે ને બીજો જણ બીજે છેડેના કાચ પર આંખ માંડે છે. પહેલાને પૂછીએ કે શું જોયું ? તો કહે છે, "ભગવાન વૈકુંઠલોકમાં બિરાજમાન છે અને પોતાની આકૃતિ મુજબ જ મનુષ્યની આકૃતિ ઘડી રહ્યા છે." બીજાને પૂછીએ તો કહે છે, "મેં તો એવું જોયું કે ઠેર ઠેર મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, અગિયારીઓ અને દેવળોમાં મનુષ્યો બેઠાં છે અને પોતાના આકારના ઢાળામાં ભગવાનને ઢાળી રહ્યા છે." પહેલાને પૂછો કે કેટલા ભગવાન છે, તો કહે 'એક જ. મનુષ્ય બહુ છે; આકૃતિઓ બહુ છે પણ બનાવનારો એક જ છે." બીજાને પૂછો તો કહે છે, "મનુષ્ય ભાત ભાતના છે, અનેક છે, અને દરેક પોતપોતાનો ભગવાન ઘડે છે. દરેકનો જાતે બનાવેલો ભગવાન એના પોતાના જેવો હોય છે, તેથી જેટલા ઘડનારા છે તેટલા જ ભગવાન છે." એના કહેવાનો સારાંશ એ છે કે જેમ "ટેઇલર્સ ઍન્ડ આઉટફિટર્સ" દરેક માણસના માપનાં કપડાં સીવે છે તે જ રીતે દરેક માણસ પોતાનાં માપ અને ફાવટ મુજબ પોતપોતાનો ભગવાન વેતરી લે છે. અને પછી એ ભગવાનો અંદરોઅંદર ઝઘડા કરે છે. આમ ધર્મોનું કુરુક્ષેત્ર મંડાયું છે, Cockpit ખોદાયું છે. આ દુનિયા અનેકવિધ ધર્મોને કારણે Cockpit ઉર્ફે કુરુક્ષેત્ર બનેલી છે.

—સન ૧૯૨૩-૨૪ના દિવસો હતા. હું આજ લગી એ વાત ભૂલી શક્યો નથી. એક મહાન મુસ્લિમ નેતાએ ગાંધીને વિશે એક મસ્જિદમાં ભાષણ કરતાં કહ્યું કે મનુષ્યની દૃષ્ટિએ જોતાં તો ગાંધી મહાન છે. પણ ધર્મની દૃષ્ટિએ જોતાં ગાંધી કોઈપણ મામૂલીમાં મામૂલી મુસલમાન કરતાં પણ નાનો છે. હવે જરા જોઈએ, પેલા બે કાચમાંથી શું દેખાય છે ? હવે આપણે સવાલો પૂછવા માંડીએ, અલબત્ત પહેલાં પ્રણામ કરીને પછી ! **तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया।** એટલે પ્રણામ કરીને જ પ્રશ્ન પૂછવાનો આપણો ક્રમ છે. પ્રશ્ન પૂછીએ છીએ કે ગાંધી કરતાં મામૂલી મુસલમાન કઈ રીતે શ્રેષ્ઠ છે ? શું એ ગાંધીથી વધુ ઈશ્વર-પરાયણ છે ? ના. શું વધુ માનવનિષ્ઠ છે ? ના. શું વધુ સાચો છે ? તો કહે છે કે ના. શું વધુ દયાશીલ, કરુણાવાન છે. તે પણ ના !

હવે તમે જ કહો કે આવી પરિસ્થિતિમાં જો ગાંધી એમ કહે કે હું અનેક મુસલમાનો કરતાં વધુ સારો મુસલમાન છું તો એમાં કઈ મોટી ખોટી વાત એણે કરી નાંખી ?

ધર્મ જ્યારે વ્યાવર્તક-exclusive-બની જાય છે ત્યારે એ અધર્મ

બની જાય છે, સંપ્રદાય બની જાય છે. વ્યાવર્તક કહેતાં અલગપણાવાળો, ‘આટલાં અમારાં ને બાકીનાં પારકાં’ એવી વાતો થાય છે ત્યારે ધર્મ અધર્મ બની જાય છે.

—વિનોબાએ એકવાર ભારે મજાની વાત કહી નાંખી હતી. કોઈકે એમને પૂછ્યું કે તમે મહારાષ્ટ્રીય બ્રાહ્મણ છો? એમ ? તો શું કોંકણુસ્થ છો કે દેશસ્થ છો? ત્યારે વિનોબાએ કહ્યું, “હું દેશમાં રહું છું માટે દેશસ્થ છું, શરીરમાં રહું છું માટે કાયસ્થ છું અને સૌથી છેલ્લે સ્વસ્થ છું માટે બધું જ છું.” મતલબ કે આવો સવાલ જ તમે મને કેમ પૂછો છો? હું હિંદુ છું માટે મુસલમાન નથી એવું જરાયે નથી. હું હિંદુસ્તાનમાં રહું છું માટે તુર્કસ્તાન મારું નથી એમ નથી માનતો. હરિજન આશ્રમમાં છું તેથી હું અમદાવાદમાં નથી અને ગૂજરાતમાં નથી એવું જરાયે નથી.

ધર્મમાં વૃત્તિ વ્યાપક હોય છે. ધર્મ વ્યાપક હોય છે, સંપ્રદાય સંકીર્ણ હોય છે. શરૂઆતમાં આપણે જોયું હતું કે વિચારો જામી જાય છે ત્યારે સંપ્રદાય રૂપી ચોસલું જામે છે ને ધર્મમાં સંકીર્ણતા આવે છે. સંપ્રદાયોની વચ્ચે સંઘર્ષ થાય છે. ધર્મ સંઘર્ષ માટે નથી, ધર્મ તો મનુષ્યને મનુષ્યની સાથે મેળવવા માટે હોય છે. મનુષ્યને મનુષ્યથી અલગ કરનારો રસ્તો અધર્મ છે.

ત્યારે એવો સવાલ ઊઠશે કે અધર્મ કેમ ધર્મને રૂપે આવે છે? વાત દીવા જેવી ચોકખી છે. શેતાન આવે છે ત્યારે ભગવાનને નામે જ આવે છે. શેતાન પોતે એટલો કદરૂપો ને બેડોળ છે કે એને ભગવાનનું જ નામ ને રૂપ ધારણ કરવાં પડે છે. તેથી દુનિયામાં જેટલા ધર્મ એવા છે જેને કારણે વિરોધો ઊભા થાય છે, સખ્ય સધાતું નથી, તે બધા ધર્મ નથી પણ તમામેતમામ અધર્મ છે.

અને તમે બધાં અહીં સર્વોદયનો વિચાર કરવા એકઠા થયા છો તો એક સંકલ્પ કરી લો કે અમે જેમ વર્ગ-નિરાકરણ ઇચ્છીએ છીએ, જાતિ-નિરાકરણ ઇચ્છીએ છીએ તેવી જ રીતે અમારે સંપ્રદાય-નિરાકરણ પણ કરવાનું છે.

### ૨૬. ગાંધીથી એક કદમ આગળ વધીને સંપ્રદાય-નિરાકરણનો સંકલ્પ કરીએ

આ વિષયમાં હવે આપણે એક કદમ આગળ જવાનું છે. ગાંધી સર્વ-ધર્મ-સમભાવ સુધી આવ્યા. આપણે હવે આગળ વધવાનું છે. બાપ કરતાં બેટો આગળ ન વધે તો સમજુ બાપ નારાજ થશે. કોઇ કહે કે મારો

બાપ મોટો છે તો એને કહીએ છીએ કે બહુ સારું, પણ તું એનાથી આગળ વધ. કોઇ મને આવીને કહે કે તમારો બેટો અદલ તમારા જેવો જ છે, તો મને દુઃખ થશે. કહે કે જાણે તમારી જ શિકલ જોઇ લ્યો! ત્યારે મને તો થાય છે કે હે ભગવન્! મને કેમ આવો કદરૂપો દીકરો આપ્યો? અને જો એમ કહે કે તમારા દીકરાની બુદ્ધિ બરાબર તમારા જેવી જ છે, ત્યારે તો બસ ખલાસ! હવે, એથી વધુ ભૂંડું બીજું શું હોઇ શકે? દરેક બાપ એવી આકાંક્ષા સેવે છે કે મારો બેટો મારાથી સવાગો નીવડે ને મને ટપી જાય.

હું ઘણીવાર માર્ક્સવાદીઓને કહું છું કે તમારા કરતાં માર્ક્સનો હું વધારે ભક્ત છું. તમે કહો છો કે માર્ક્સથી આગળ કોઇ કાંઇ કહે તો એ પ્રત્યાઘાતી છે. હું કહું છું કે આટલા મોટા માણસને પગલે પગલે જન્મ્યાં તોય આપણે એનાથી આગળ ન જઈ શકયા તો તો આપણે નર્યા ઠોઠ જ ઠર્યા ને! તો તો બધી પ્રગતિ જ રૂંધાઇ ગઇ એમ કહેવું પડે.

• ગાંધીએ આપણને એક મોટા મુકામ સુધી આણીને છોડયા. એમણે શીખવ્યું કે બધા ધર્મોને સમાન માનો. પણ લોકોએ અર્થ કાઢયો કે બધા ધર્મો સમાન છે, માટે ગમે તે ધર્મમાં જાવ એ સરખું જ છે. ત્યારે મેં કહેલું કે આ તો સ્થૂળ અર્થ થયો.

—આ વાત બંધારણ સભામાં મૂળભૂત હક્કોની ચર્ચા વખતે નીકળી હતી. દરેકને પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવાનો fundamental right એનાયત થઇ રહ્યો હતો. ત્યારે એક ખ્રિસ્તી સજ્જન ઊભા થયા અને કહેવા લાગ્યા "દરેકને પોતપોતાના ધર્મનો પ્રચાર કરવાનો પણ હક આપવામાં આવે."

ત્યારે મેં કહ્યું કે "આ તો અધાર્મિક વાત થઇ." હું સભામાં કે પક્ષની બેઠકમાં તો કવચિત જ બોલતો એટલે એમને અંગત રીતે મળ્યો અને કહ્યું, "તમે આવી કેવી વાત કરી? બધાને પોતાનો ધર્મ પાળવાનો સરખો અધિકાર હોય ત્યાં સુધીની વાત બરાબર છે પણ એનો પ્રચાર કરવાની વાત તો ખોટી છે."

એમણે મારી વાત સ્વીકારી, પણ ત્યાં તો મારા હિંદુ મિત્રો મારી સામે ખડા થઇ ગયા ને કહેવા લાગ્યા, "આ તો તમે ઘાણ વાળ્યો. તમે તો એવી વાત કરો છો કે જે હિંદુને બળજબરીથી મુસલમાન કે ખ્રિસ્તી બનાવી દેવામાં આવ્યા છે એમને હિંદુ ધર્મમાં પાછા લાવી જ ન શકાય!"

મેં એમને કહ્યું, "પણ એ તો ખોટું કહેવાય. ધર્મની બાબતમાં સંખ્યાની વાતને શો સંબંધ? ચૂંટણી કે પ્રતિનિધિત્વની દૃષ્ટિએ તમે વાત

કરતાં હો એમ લાગે છે. પણ એ કાંઇ ધર્મની વાત ન થઈ! જો બધા ધર્મો સમાન હોય તો બીજા ધર્મમાં જવાની જરૂર જ ક્યાં રહી? બીજા ધર્મમાં જવાનાં બે કારણ હોઈ શકે: લોભ અને મુમુક્ષા. કાં તો હું એમ માનતો હોઉં કે બીજો ધર્મ મને ભગવાન પ્રત્યે લઇ જવા માટે વધુ સારો છે, કાં તો પછી એમ હોય કે દુનિયાદારી સગવડો મેળવવાને માટે બીજો ધર્મ વધુ સારો છે એમ હું માનતો હોઉં. સગવડઅગવડની વાત તો ધર્મ–અધર્મની વાત કહેવાય નહીં. સગવડિયો ધર્મ એ કાંઇ ધર્મ નથી. અને જો ઈશ્વરભક્તિની (મુમુક્ષાની) વાત કરતા હો ને કહેતા હો કે ઈશ્વરને તો અમુક ધર્મમાં જ બરાબર ભજી શકાય, મોક્ષ તો અમુક ધર્મમાં જ મળે, તો તો પછી 'બધા ધર્મ સમાન છે' એમ તમે કહો છો એમાં કશી સચ્ચાઈ જ રહેતી નથી."

ત્યારે મેં 'ગાંધીથી એક કદમ આગળ' એમ કેમ કહ્યું?

—જગન્નાથપુરીની ઘટના વિશે તમે સાંભળ્યું હશે. ડેલાંગમાં ગાંધી સેવાસંઘના સંમેલન પછી આ નારાયણ દેસાઇના મા(દુર્ગાબહેન)અને કસ્તુરબા પુરી જઈ આવ્યાં, દર્શનને માટે! ત્યારે પેલા બુઢ્ઢાએ જબરો ક્રોધ કર્યો, કેમ જાણે આભ તૂટી પડયું! પણ મોટાનો ક્રોધ પણ **वरेण तुल्यः** હોય છે, આશીર્વાદ સમાન હોય છે. પેલું કહ્યું છે ને **विकारोऽपि श्लाघ्यो भुवनभयभंगव्यसनिनः**... વિકાર પણ શ્લાઘ્ય હોય છે. કોનો? જે આખી દુનિયાના દોષોનું નિવારણ કરવા માટે આવે છે તેમનો. ત્યારે એમણે ભારે કોપ કરીને પૂછયું, "જે મંદિરમાં હરિજનો નથી જઈ શકતા તેમાં એ કેમ ગઇ? આ મારા મતથી વિરુદ્ધ થયું તેનું મને દુઃખ નથી થતું. પણ આ કેવળ આપણે માટે જ શરમભર્યું નથી, પરંતુ એનાથી તો માનવતાનું અપમાન થયું છે. તેથી હું દુઃખી છું."

—એ એક પ્રસંગ થયો. બીજો પ્રસંગ જગન્નાથપુરીમાં જ હમણાં થયો. વિનોબાએ કહ્યું કે મારી સાથેની આ ફ્રેંચ બહેન ન જઈ શકે તો હું પણ મંદિરમાં જઈ ન શકું. ગાંધીજીએ એટલે સુધી કહ્યું કે મંદિરોમાં હિંદુમાત્રને પ્રવેશ મળે. વિનોબા હવે એમ કહી રહ્યા છે કે કોઈ ઉપાસનાક્ષેત્ર કે તીર્થસ્થળ હવે સાંપ્રદાયિક ન રહે. બધાં ઉપાસનાક્ષેત્ર માનવમાત્રને માટે ખુલ્લાં થઈ જાય.

## ૨૭. ધર્માંતરને ગેરકાયદેસર કરી નાંખીએ

પહેલા કાચથી જોયો તે હતો ધર્મ; બીજા કાચથી જોયા તે હતા સંપ્રદાયો churchianity.–સંપ્રદાયમાં અદલાબદલી થાય છે, વટાળ

અને જબરદસ્તી કે લાલચથી ખેંચાખેંચ ચાલે છે, ધર્માંતર થાય છે; (conversion અને proselytisation થાય છે;) ધર્મમાં ધર્માંતર જેવી ચીજ જ નથી સંભવતી.

હું જે કાંઇ કહું છું તેનો લોકસત્તા સાથે અનુબંધ કરું છું. તમે જો ખરેખર લોકસત્તાની સ્થાપના ઇચ્છતા હો, તો ધર્માંતરને ખેર અધાર્મિક નહીં, તો ગેરકાયદેસર તો કરી જ નાંખો ! ધર્મ–પરિવર્તન એ સામાજિક વિધાનને પ્રતિકૂળ છે એવો વિચાર લોકશાસનમાં દાખલ કરવો પડશે, તેમ જ ધર્માંતર ઈશ્વરના વિધાનને પ્રતિકૂળ છે એવી ભાવના જનતામાં નિર્માણ કરવી પડશે. જે લોકો શાસન, વિધાન, કાનૂન વગેરેમાં માને છે, એમને ઘડે છે, એ લોકોને માટે મેં આ વાત સૂચવી દીધી.

શાસનમુક્તિમાં માનવાવાળા મેં એમને આ કે તે સૂચવ્યું શા માટે ? તમે એટલું સમજી લેજો કે આપણે શાસનના વિરોધી નથી પણ શાસન-નિરપેક્ષ છીએ. આપણને કાનૂનનો વિરોધ નથી પણ કાનૂન પર આપણો મદાર નથી. આપણે એમ માનીએ છીએ કે સમાજ કાનૂનને ભરોસે રચી શકાતો નથી. દુનિયામાં બધા બંધારણશાસ્ત્રીઓ તમને કહેશે કે સમાજનું ઘડતર કરવું એ એમનું કામ નથી. એમનું તો ક્ષેત્ર જ બીજું છે. એ ક્ષેત્રની આ એક મર્યાદા છે. છતાં મેં તમને કહ્યું તેમ કાયદા સાથે આપણી દુશ્મનાવટ નથી. તેથી બંધારણ ઘડનારાઓને આપણી એવી વિનંતિ છે કે બંધારણમાં પણ ધર્માંતરનો નિષેધ દાખલ થવો જોઈએ, જેથી બંધારણ પોતાના સર્વ-ધર્મ-સમભાવના સિદ્ધાંતને વધુ સુસંગત રહી શકે.

ધર્મપરિવર્તન ગેરકાયદેસર ગણાવું જોઈએ, કારણ કે જો તમે બધા ધર્મોને સમાન માનતા હો તો એકમાંથી બીજા ધર્મમાં જવાની જરૂર જ નથી. મહંમદમાં આસ્થા બેસતી હોય, તો ખુશીથી ઘેર બેઠાં કે મસ્જિદમાં જઈને તમે એની રીતે ઉપાસના કરો કે કુરાનનો પાઠ કરો. પણ લોકો શું કરે છે ? કહે છે કે કુરાનનો પાઠ કરવો હોય તો તે અરબીમાં જ થાય. ગૂજરાતીમાં કુરાન પઢવાનું શા માટે નિષિદ્ધ માનવું જોઈએ ? તો કહે છે કે ધર્મગ્રંથ ધર્મની ભાષામાં જ હોવો જોઈએ. સંસ્કૃતને ગીર્વાણ, દેવભાષા, કહેતા હતા ! ત્યારે જ્ઞાનેશ્વરે પૂછ્યું: 'સંસ્કૃત ભગવાનની ભાષા છે તો શું મરાઠી ચોરની ભાષા છે ?—**मराठी काय चोरे केली** ?' ભાષા બધી ભગવાનની હોય છે. ત્યારે પેલા કહે છે કે ના, કુરાન તો અરબીમાં જ રહેશે, ગ્રંથસાહેબ ગુરુમુખીમાં જ રહેશે, ઇત્યાદિ. આમ ઝઘડો સંપ્રદાયમાંથી ભાષામાં આયાત થયો. કલિપ્રવેશ

થયો! નળરાજાના શરીરમાં કલિનો પ્રવેશ થયો હતો ને? એક છિદ્રમાંથી પ્રવેશ થયો અને પછી આખાં શરીરમાં રોમેરોમે કલિ કલિ થઈ ગયો. તેવું જ આ સાંપ્રદાયિક ઝઘડાઓનું છે. **कलि** શબ્દનો અર્થ જ છે: કલહ. ભાંડારકરની પહેલી ચોપડીમાં જ આવે છે: **कलि** એટલે કલહ. ધર્મમાં અસહિષ્ણુતા આવી જાય છે ત્યારે કલહનો પ્રવેશ થાય છે ને ટંટો ઘર કરી જાય છે. અને પછી એ પ્રવૃત્તિ conversion અને proselytisationમાં યેનકેન-પ્રકારેણ ધર્માંતર કરાવવામાં પરિણમે છે.

આ એક બાજુ થઈ. હવે બીજી બાજુ જોઈ લઈએ.

**૧૮. સંપ્રદાયમુક્ત ધર્મ અર્થાત્ આત્મજ્ઞાન તથા સાર્વભૌમ વિજ્ઞાન એ બેની યુતિમાંથી 'વૈજ્ઞાનિક ધર્મ' જન્મે**

આજે બીજો પણ એક વિરોધ જોવા મળે છે, જે મેં ગઈકાલે તમારી સામે મૂકયો હતો. એક તરફ વિજ્ઞાન છે. બીજી તરફ ધર્મ છે. વિજ્ઞાન આંતરરાષ્ટ્રીય છે. જ્યારે ધર્મ સાંપ્રદાયિક છે. હા, વિજ્ઞાન આજકાલ થોડું થોડું સાંપ્રદાયિક થઈ રહ્યું છે ખરું. પણ એમાં વાંક વિજ્ઞાનનો નથી, સત્તાધારીઓનો છે. છતાં ઘણે મોટે અંશે વિજ્ઞાનનું સ્વરૂપ આંતરરાષ્ટ્રીય જ રહ્યું છે. હજી એવું નથી થયું કે અમેરિકાનું વિજ્ઞાન એક અને રશિયાનું વિજ્ઞાન બીજું.

—ગેલિલિયોએ કહ્યું કે સૂર્ય પૃથ્વીની પ્રદક્ષિણા નથી કરતો, પણ પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કરે છે. પછી લોકોએ એને ખૂબ સતાવ્યો ત્યારે એણે થાકીને કહ્યું કે તમે લોકો મને મારો છો તો લ્યો, ભાઈ તમે કહો છે તેમ કહું. ચાલો પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા નથી કરતી એ જ સહી!... પણ મારા કહેવા છતાં એ તો પ્રદક્ષિણા કરતી જ રહે છે તેને હું કેવી રીતે રોકીશ? ત્યાં મારો કશો ઉપાય નહીં ચાલે; તમારો પણ નહીં ચાલે!

વિજ્ઞાન વસ્તુનિષ્ઠ હોય છે. એનો સંબંધ વસ્તુસ્થિતિની સાથે જ હોય છે. તેથી વિજ્ઞાનનો પોતાનો કશો દોષ નથી હોતો. પરંતુ સત્તાધારીઓ અને સંપત્તિધારીઓએ વિજ્ઞાનને પોતાનું અનુચર બનાવવાનો પ્રયત્ન કર્યો છે. એ પૂરો પાધરો સફળ નથી થયો. એવા પ્રયત્નો છતાં વિજ્ઞાન સાર્વભૌમ રહ્યું છે. પરંતુ ધર્મ તો એકેએક સાંપ્રદાયિક બની ગયો છે.

અને હવે ધર્મ અને વિજ્ઞાન સામસામાં આવી ગયાં છે. સંઘર્ષપ્રિય લોકો બંને વચ્ચે વિઘ્ન કલ્પે છે. પણ વિનોબા કહે છે કે આ જ શુભ ઘડી છે, સુમુહૂર્ત છે, સાવધાન! અત્યારે જ વિજ્ઞાન અને અહિંસાનાં ઘડિયાં

લગન લઈ લો! અને એનું ગોરપદું ભારતે કરવાનું છે. ભારતે વિવાહનો મંત્રપાઠ કરવાનો છે અને મંગલાષ્ટક ઉચ્ચારવાનું છે. કદી કદી તેઓ આ વાત એ રીતે પણ કહે છે કે હવે વેદાંત અને વિજ્ઞાન એક થઈ જવાં જોઈએ, અધ્યાત્મવિદ્યા અને ભૌતિકવિદ્યા બંને હવે એકરૂપ બની જાય.

મનુષ્યનાં હૃદય અને બુદ્ધિની વચ્ચે પણ ઝઘડો જામ્યો છે. ધર્મ હૃદયને એક તરફ ખેંચે છે, વિજ્ઞાન બુદ્ધિને બીજી તરફ ખેંચે છે. એટલે આજે આપણે જોઈએ છીએ કે મનુષ્યનું વ્યક્તિત્વ વિદીર્ણ થઈ રહ્યું છે, વિદારાઇ રહ્યું છે, પીંખાઇ રહ્યું છે. આવું કેમ? કારણ કે મનુષ્યની ધર્માકાંક્ષા અને વિજ્ઞાનની વચ્ચે મેળ નથી. એમની વચ્ચે ખેંચતાણ થઈ રહી છે અને વચ્ચે મનુષ્યનો ખેડો નીકળી રહ્યો છે.

ત્યારે આપણને કઇ વાતની આવશ્યકતા છે? We want a religious Science and a scientific Religion—આપણને ધાર્મિક વિજ્ઞાન અને વૈજ્ઞાનિક ધર્મની આવશ્યકતા છે. આજે વિજ્ઞાન સાર્વભૌમ છે, એટલે જે વૈજ્ઞાનિક ધર્મ હશે તે પણ સાર્વભૌમ હશે. સાર્વભૌમનો અર્થ એ નહીં કે એ 'યુનિફોર્મ' હશે. વૈજ્ઞાનિક ધર્મના આવિષ્કારમાં—એ જે બાહ્ય સ્વરૂપ ધારણ કરશે તેમાં—સ્થળ, કાળ તથા વ્યક્તિના ભેદો અનુસાર ફરક રહી શકે છે.

—અમે શરૂશરૂમાં રાષ્ટ્રીય શાળાઓ ખોલી. અમને આદેશ મળેલો કે કૉલેજો છોડો એટલે અમે છોડીને નીકળી આવેલા. અને પછી ત્યાં સુધી જેવું ભણતા તેવું ને તેવું જ અમે બીજાને ભણાવવા માંડેલું અને પછી કહી દીધેલું કે "આનું નામ જ રાષ્ટ્રીય શિક્ષણ!"

ત્યારે એક જણે પૂછ્યું કે "આ તમારું રાષ્ટ્રીય શિક્ષણ વળી નવી નવાઇનું શું છે?"

અમે કહ્યું કે "એ તો ગાંધી જાણે! અમને શી ખબર?"

ત્યારે એ પાછો પૂછે છે, "બીજી નિશાળોમાં તો ૨+૨=ચાર થાય છે. તમારી રાષ્ટ્રીય નિશાળમાં ૨+૨=સવાચાર થાય છે ખરા કે?"

હવે ગણિત અને વિજ્ઞાનમાં 'રાષ્ટ્રીય' શું ને 'અ-રાષ્ટ્રીય' શું? પણ અમે તો 'રાષ્ટ્રીય' શિક્ષણ લઇ બેઠા હતા તો! ત્યારે એણે અમને એક સમજવા જેવી વાત કહી:

પહેલાં આપણે જે ચોપડીમાંથી ગણિત શીખતા તે અંગ્રેજી ચોપડી હતી. એમાં એવા દાખલા આવતા કે એક પૈસાનાં બે ઈંડાં તો ચાર પૈસાનાં કેટલાં? હવે ગણિતનું તો જાણે સમજ્યા, પણ આ ઈંડાંનું

શું ? આપણે વળી ઈંડાં સાથે શું નહાવાનીચોવવાનું ? આપણે કદી ખાવા માટે ઈંડાં ખરીદવા થોડા જ નીકળીએ છીએ ? તો રાષ્ટ્રીય શિક્ષણના ગણિતમાં તો એવો દાખલો આવશે કે એક પૈસાની બે કેરી તો ચાર પૈસાની કેટલી ? હવે, કેરી કહેતાં જ એકદમ આપણી સામે કેરીની આકૃતિ ખડી થઇ જાય છે અને જીભમાં પાણી પણ છૂટે છે. એટલે કે એનો આપણા જીવન સાથે અનુબંધ હોય છે. શિક્ષણ આપણા વિશિષ્ટ સંસ્કારોને અનુરૂપ હોવું જોઇએ, આપણા ધાર્મિક સંસ્કારોને અનુરૂપ હોવું જોઇએ.

ગણિત અને વિજ્ઞાન સાર્વભૌમ છે, પણ એમને સારીનરસી ગમે તે રીતે વાપરી શકાય છે. શું ધર્મ એને માનવના હિતાર્થે વાપરી શકશે ? શું ધર્મ એટલો વ્યાપક અને સાર્વભૌમ થઇ શકશે ?

સંપ્રદાયો સંકુચિત હોય છે, પણ ધર્મ અંતતોગત્વા સાર્વભૌમ હોય છે. વૈજ્ઞાનિક ધર્મ હશે તે ગણિત અને પદાર્થવિજ્ઞાન કરતાં અનેકગણો વધારે વ્યાપક હશે. ધર્મ ભગવાન જેવો વ્યાપક હોવો જોઈ એ. જે વ્યાપક છે તે જ ધર્મ છે, જે અવ્યાપક છે તે અધર્મ છે. **यो वै भूमा तत् सत्यम्।**

**૨૯. ધર્મ-વિજ્ઞાનના સમન્વય માટે કાવ્ય અને જ્ઞાન વચ્ચેના વિરોધનું અધ્યયન**

હવે ધર્મને વિજ્ઞાન સાથે કઈ રીતે મેળવવો ? વિજ્ઞાન અને ધર્મ એમની વચ્ચે જે વિરોધ છે એનું નિરાકરણ કરવું છે, કારણ કે કાલે આપણે જોયું તે પ્રમાણે વિરોધનું નિરાકરણ એ જ સમન્વય છે, એ જ ક્રાંતિનો ઉદ્દેશ છે.

તો વિરોધ શો છે ?

—એકે કહ્યું, "ભગવાને સૃષ્ટિ મારે માટે રચી છે. મને સુખ આપવાને માટે એણે આ પશુ-પંખી, વૃક્ષ-લતામંડપો, ધનધાન્ય વગેરેથી ભરેલી અખિલ સૃષ્ટિનું નિર્માણ કર્યું છે."

એ છે બીજા કાચથી જોનારો.

—મારો આમ તો બાપુ સાથેનો સંપર્ક આછોપાતળો જ રહ્યો. પણ જ્યારે જ્યારે મળતો ત્યારે ત્યારે મોકો આવ્યે મારો મમરો મૂકી દેતો.

એક વાર બાપુએ કહ્યું, "મારા હાથની વાત હોત તો હું એક માખી પણ મારત નહીં."

મેં કહ્યું, "બાપુ, તમે કહ્યું એટલે વાત તો બરાબર જ હશે, પણ મારા મનમાં તો પ્રશ્ન થાય ખરો કે ભગવાને માંકડ, મચ્છર વગેરેને પેદા જ શા માટે કર્યાં ?"

તો જવાબ મળ્યો, "તમે લોકો જો માણસ ન મારો તો હાલ તરત મારે એટલું પૂરતું છે. પણ ધાર કે કાલે ક્યાંક માંકડો અને મચ્છરોની સભા ભરાઈ અને એમની પરિષદમાં એવો વિચાર રજૂ થયો કે આ દાદા ધર્માધિકારીને ભગવાને શી ખબર શા માટે પેદા કર્યો છે, એ કાંઇ સમજમાં જ નથી આવતું! ભગવાને શા માટે એને બનાવ્યો હશે? આપણને તો એ કશા ખપનો નથી! અને તે વખતે ત્યાં વળી બીજો ડાહ્યો એને સમજાવશે કે ભગવાને દાદાનું શરીર એટલા માટે બનાવ્યું છે કે આપણે એમાંથી તાજું લોહી ચૂસી શકીએ! ભગવાનની દરેક બાબતમાં જરૂર કાંઇ ને કાંઇ યોજના રહેલી જ હોય છે!"

મનુષ્યની મનોવૃત્તિમાં રહેલા આ જે પ્રભુત્વવાદ પર (હું જ સૃષ્ટિનો સ્વામી છું, સૃષ્ટિ મારે જ માટે બની છે,–એવા જે અહંકારવાદ પર) બાપુએ કટાક્ષ કર્યો, તેનો વિકાસ સત્તાવાદમાંથી થયો છે; જ્યારે પ્રેમમાંથી તાદાત્મ્ય–વિચારનો વિકાસ થયો છે. સૃષ્ટિની સાથે આપણો સંબંધ તાદાત્મ્યનો રહે કે પ્રભુત્વનો, એ વિજ્ઞાન અને આધ્યાત્મની સામે ઊભેલી સમસ્યા છે. વિજ્ઞાન અને ધર્મની વચ્ચેનો આ મૂળ વિવાદ છે. શું સૃષ્ટિ આપણી ભોગદાસી છે? કે પછી એ ભગવાનની સંગિની અને આપણી માતા છે, જેની સાથે આપણું તાદાત્મ્ય હોય?

એક તરફ કવિનો દૃષ્ટિકોણ છે, બીજી તરફ વૈજ્ઞાનિકનો દૃષ્ટિકોણ છે. કવિ એક હોય છે, વૈજ્ઞાનિક બીજો હોય છે. જે કવિ છે તે વૈજ્ઞાનિક નથી અને જે વૈજ્ઞાનિક છે તે કવિ નથી. કવિ કહે છે, "સૂર્ય સકળ સંસારનું નેત્ર છે. **सूर्यो यथा सर्वलोकस्य चक्षुः ....**" તો વિજ્ઞાનવેત્તાએ કહ્યું, "ચક્ષુ વળી શેનું? આ તો પ્રકાશનો ગોળો છે ગોળો! જરા એટલુંય ભાન છે ખરું કે આ પ્રકાશને ત્યાંથી અહીં આવતાં કેટલો વખત જાય છે? તને તો એકેય વાતની ગતાગમ જ નથી."

પણ સંસારમાં જે કાંઈ વ્યવહાર ચાલે છે તેમાં સ્નેહ અને આકાંક્ષાને સ્થાન છે. પહેલો આવે સ્નેહનો શીતળ સંસ્કાર અને તે પછી આવે છે વિજ્ઞાન.

..

—એક બાળક જન્મ્યું. એને માના પડખામાં મૂક્યું: માએ ઝટ બાળકને ધવરાવવા લીધું. ત્યારે વૈજ્ઞાનિક શું એમ કહેશે: "અરે! જરા થોભ! પહેલાં એને food metabolism–આખું આહારશાસ્ત્ર શીખવી દે. શું ખાવું, કેમ ખાવું? શું ક્યારે પચે, ક્યારે નડે? ને નડે તો શું

કરવું ? આ બધું સમજાવી દે પછી જ ધવરાવ, નહીં તો તારું ધવરાવ્યું અવૈજ્ઞાનિક ગણાશે!"

એકનું નામ પાડયું છે: sentiment-લાગણી અને બીજાને કહે છે : પ્રત્યક્ષ પ્રમાણવાદ, પ્રયોગવાદ. જે સિદ્ધાંત પ્રત્યક્ષ પ્રયોગોના પ્રમાણથી સિદ્ધ નથી થતા તેનાથી તેઓ દોરવાતા નથી. વિજ્ઞાન અને ધર્મનો આ નિરંતર વિરોધ ચાલ્યા કર્યો છે. સવાલ એ છે કે શું આ બેયનો મેળાપ કરાવી શકાય તેમ છે ? શું કવિ અને વૈજ્ઞાનિક નજીક આવી શકે તેમ છે ? આવો સવાલ આવતાં બરાબર આજના વિજ્ઞાને જવાબ આપ્યો છે કે હવે એવો સંયોગ થઈ શકે તેમ છે. કાવ્યવિહીન વિજ્ઞાન દુનિયાને સ્મશાનમાં પલટી નાંખશે અને વિજ્ઞાનવિહીન કાવ્ય સ્વપ્નસેવી ને વસ્તુ-પરાઙ્મુખ બની જશે. આજે હવે આને 'લાગણીવેડા'-Sentimentalism કહીને કોઈ વગોવતું નથી.

-કોઇ એક માઇના પૂતે ઔરંગજેબના જમાનામાં આ જ સવાલ ઉપાડયો હતો. અને ત્યાં ઈંગ્લેંડમાં ઓલિવર ક્રોમવેલના વખતમાં પણ એ સવાલ પેદા થયો હતો. ઔરંગજેબ એટલો તો કલાવિરોધી હતો કે થોડા લોકોએ એક દિવસ એક સ્મશાનયાત્રા કાઢી. ઠાઠડીને કબ્રસ્તાન લઇ જતા હતા ત્યારે ઝરૂખે ઊભેલા ઔરંગજેબે પૂછયું : "કોને લઈ જાવ છો ?"

ત્યારે પેલાએ કહ્યું, "બાદશાહ સલામત! આ તો સંગીતનો જનાજો છે. હવે આપની હકુમતમાં એને એકેય ઠેકાણું નથી રહ્યું એટલે એને દફનાવવા લઈ જઇએ છીએ!

ઔરંગજેબે કહ્યું, "બરાબર છે. એને એટલું ઊંડું દાટજો કે પાછું નીકળીને બહાર ન આવે."

-ઓલિવર ક્રોમવેલના પ્યુરિટન, પાવિત્ર્યવાદી, જમાનામાં પણ સંગીત, નૃત્ય વગેરે ઉપર પ્રતિબંધ મુકાયા હતા. ત્યારે એક કલાકારે કહેલું : ઠીક ભાઇ, ના ગાવા દેતા. ચિત્ર પણ ના દોરવા દેતા. પણ આ આકાશનો ચંદ્રમા ! આ ફૂલ ! આ નદીઓ ! ને આ કલકલ કરતાં ઝરણાં ને જલધોધ ! શું એ બધાંયને તમે રોકી શકવાના કે? તો ભાઇ, જ્યાં લગી આ ઝરણાંનો મધુર કલરવ અને મંદમંદ વહેતી હવાની સૂરાવલિને તમે દેશવટો નહીં દઇ શકો ત્યાં લગી, કૃપા કરીને સમજી લેજો કે તમે આ દુનિયામાંથી કલાને દેશવટો નહીં દઇ શકો."

## ૬૦. કાવ્યના મૂળ સમું સૃષ્ટિ સાથેનું જીવનવિકાસક તાદાત્મ્ય અવૈજ્ઞાનિક નથી—તેના સેવનથી વિજ્ઞાન શાસન અને શોષણની પકડમાંથી છૂટે

મનુષ્યનું સૃષ્ટિ સાથેનું તાદાત્મ્ય અવૈજ્ઞાનિક નથી. સૃષ્ટિના નિયમોની જે શોધ લેબોરેટરીની બહાર થાય છે એ વિજ્ઞાનની પણ બહાર છે એમ જે લોકો કહે છે તે લોકો સૌથી વધુ અવૈજ્ઞાનિક માણસો છે. આજકાલ એવો ભ્રમ ફેલાયો છે કે જે લેબોરેટરીમાં થાય તે જ શોધ. ત્યારે જરા પૂછીએ કે શોધ ભલા શેની કરી? જે લેબોરેટરીની અંદર છે તેની શોધ તમારે કરવી છે કે જે એની બહાર છે તેની? મતલબ કે, પ્રયોગ-શાળાની બહાર જે નિરવધિ સૃષ્ટિ પડી છે એની સાથે તાદાત્મ્ય સાધવું એ અત્યંત વૈજ્ઞાનિક છે. માટે કલાઓને વૈજ્ઞાનિક સત્યોની સાથે મેળવવાનો પ્રયત્ન કરવો પડશે.

આ રીતે ધર્મમાં જેટલી વસ્તુનિષ્ઠા, સત્યનિષ્ઠા અને વ્યાપકતા આવતાં જશે તેટલો તેટલો ધર્મ સાર્વભૌમ બનતો જશે.

હું સાહિત્યમાંથી બે ઉદાહરણો આપીશ.

—હિમાલય પર એક વૃક્ષ જોઈને કાલિદાસ વર્ણન કરે છે. **देवदारु:** દેવદારનું વૃક્ષ હતું. કેવો દેવદાર? તો કહે છે, "**पुत्रीकृतोऽयम् वृषभध्वजेन**! ભગવાન શંકરે જેને પોતાનો પુત્ર માન્યો છે." અને એને દૂધ કોણ પિવરાવતી હતી? સાક્ષાત્ ભગવતી પાર્વતી!

આમાં સૃષ્ટિની સાથે જે તાદાત્મ્ય છે, જે કોમલ ભાવના છે, તેને જો તમે અવૈજ્ઞાનિક ઠરાવી દેશો, તો એથી વધુ અવૈજ્ઞાનિક બીજું શું થશે?

બીજું ઉદાહરણ.

—શકુંતલા શ્વસુરગૃહે જવા નીકળે છે ત્યારે કણ્વઋષિ પૂછે છે, "તું જવા તો નીકળી, પણ આ તારા છોડવાની વિદાય લીધી કે?"

કયા છોડવા? તો કણ્વ વર્ણન કરે છે, "અલંકારનો આટઆટલો શોખ હતો છતાં જે છોડવાની એક પાંદડી પણ એણે કદી તોડી નથી, જેને પાણી પિવરાવ્યા વિના જાતે પાણી પીધું નથી.–"**पातुं न व्यवस्यति जलम्**"

અને છોડને કહે છે, "તારી એક પાંદડી પણ જેણે શૃંગારને માટે તોડી નથી એ શકુંતલા આજે પતિગૃહે જઈ રહી છે. તું એની વિદાય લે."

સૃષ્ટિની સાથે આ જે તાદાત્મ્યની ભાવના મનુષ્યમાં છે તે અત્યંત મંગલકારી છે અને અત્યંત સાંસ્કૃતિક છે. જીવનનો વિકાસ આ જ

ભાવનામાંથી થાય છે. વિજ્ઞાને એ ભાવનાને આદર આપવો જોઇએ. વિજ્ઞાન હવે પ્રભુત્વવાદી ન રહે, પણ મનુષ્યનું સૃષ્ટિ સાથેનું તાદાત્મ્ય કઇ રીતે વધે તે વિચારતું થાય. અત્યાર સુધી વૈજ્ઞાનિકો લેબોરેટરીની બહાર નીકળીને સૃષ્ટિની સાથે ભળ્યા નથી પણ તટસ્થ રહ્યા છે. આમ તદ્દન તટસ્થ હવે ન રહેવું ઘટે. હવે જો સૃષ્ટિના સુસંવાદી તાલની સાથે આપણા વિજ્ઞાનની ઠેક નહીં મળે, તો પૃથ્વી પર વિજ્ઞાનનું સંહારક તાંડવ રચાશે.

સત્તાધારીઓએ કહ્યું, "We shall change human nature by technology—અમે વૈજ્ઞાનિક યાંત્રીકરણથી મનુષ્યના સ્વભાવને પલટી નાંખીશું." બજારમાં બેઠેલા પૈસાવાળાઓએ કહ્યું, "અમે વિજ્ઞાનનો ઉપયોગ કદી પણ મોક્ષને માટે નહીં કરીએ, નફાને માટે જ કરીશું. અમે બજારમાં બેઠા છીએ ત્યાં સુધી ધર્મનો ઉપયોગ પણ નફાને માટે જ કરવાના, ને વિજ્ઞાનને પણ અમે નફાને ગાડે જ જોતરવાના. We shall gear Science to Profit."

આનું પરિણામ શું આવ્યું? સત્તાવાળા અને નફાવાળા કયાં લગી પહોંચ્યા? થોડામાં આનું વર્ણન મેં તમારી આગળ કર્યું. હવે એક બીજી વાત પણ કરી લઉં.

### ૩૧. યંત્ર-વિજ્ઞાનની પ્રગતિ અને મૂડીવાદી ઔદ્યોગિક ક્રાંતિ, એ બે એક નથી

આપણે Industrial Revolution—ઔદ્યોગિક ક્રાંતિને અને Mechanical Revolution – યાંત્રિક ક્રાંતિને એક જ માની લીધું છે. આ ભારે મોટી ભૂલ છે, બન્ને એક નથી. મૂડીવાદે યંત્ર–વિજ્ઞાનનો લાભ લીધો એ ખરું, પણ યાંત્રિક ક્રાંતિ અને Commercial કે Industrial Revolution-વ્યાપાર–ઉદ્યોગની ક્રાંતિ એ બે જુદી જુદી વસ્તુઓ જ છે. દુનિયામાં લોઢું, કોયલો, પેટ્રોલ કે વરાળ ન શોધાયાં હોત તોપણ દુનિયામાં ઔદ્યોગિક ક્રાંતિ, વ્યાપારનો યુગ અને મૂડીવાદ તો આવત જ. હા, યંત્ર વિના તે આટલી ઝડપથી દુનિયા પર ફરી વળત નહીં એ ખરું, પણ તેથી આવત જ નહીં એમ માનવું ખોટું છે. મકર-સંક્રાંત જેમ કોઈવાર ઘોડા પર, કોઇવાર ગધેડા પર, તો કોઈ વાર બળદ પર, એમ જુદાં જુદાં વાહન પર બેસીને આવે છે, તેમ મૂડીવાદ યંત્ર પર આરૂઢ થઇને આવ્યો! યંત્રને કારણે મૂડીવાદની ગતિ અને આકાર બદલાઈ ગયાં એ સાચું, પણ યંત્ર અને મૂડીવાદ જુદાં

જુદાં આવ્યાં છે અને પાછળથી એ બેય સંકળાઈ ગયાં છે. અને તે એવાં સંકળાઈ ગયાં છે કે હવે આપણને એમ લાગે છે કે બંનેનો સંબંધ અવિભાજ્ય છે. સમાજવાદીઓના, માર્કસના અને સામ્યવાદીઓના વિચારમાં એક વાત સાવ સાચી છે ને તે એ કે એમણે આ બેને કદી ભેળવી દીધાં નથી.

મૂડીવાદે યંત્રનો ઉપયોગ કરી લીધો, પરંતુ સમાજમાં યંત્રની જે પ્રતિષ્ઠા છે તે મૂડીવાદને કારણે નથી, પણ એ કારણે છે કે એણે મનુષ્યને કેવળ પરિશ્રમમાંથી, ગદ્ધામજૂરીમાંથી બચાવી લેવાનો દિલાસો આપ્યો છે. યંત્ર આવતાં પહેલાં કેટલાક જણને માત્ર ગદ્ધાંવૈતરું કૂટવું પડતું, એમનાં ભેજાંનો બિલકુલ જ ઉપયોગ નહોતો થતો, એનો કોઇનેય કશો જ ખપ નહોતો. પણ એક વાતની તકેદારી અવશ્ય રાખવામાં આવતી હતી. એમનું ભેજું બિલકુલ કામ ન આપે એવું તકલાદી ન થઈ જાય, તેની સંભાળ લેવાતી ખરી! ગાંડા જ થઇ જાય તો તો ધાર્યું કામ ન આપે, એટલે ગાંડપણની હદ સુધી જવા દેવામાં નહોતા આવતા. પણ એમને માટેના શિક્ષણનો સદંતર અભાવ હતો. આમ દિલ અને દિમાગ છૂટાં છૂટાં થઈ ગયાં હતાં. થોડા ગુલામ કહેવાતા હતા ને થોડા માલિક કહેવાતા હતા. પશુ, સ્ત્રી અને ગુલામ, એમને દિમાગ ન હોય પણ એમનાં શરીરમાં શ્રમશકિત હોય એ જ ઇષ્ટ મનાતું. આજ લગી એમનો ઉપયોગ શરીર-શકિતને માટે જ મનાયો છે, બુદ્ધિને માટે નહીં. એવા દલિતોને યંત્રને રૂપે એક આશ્વાસન મળ્યું કે ચાલો, હવે ગુલામગીરીની જરૂર નહીં પડે! હાશ! છૂટયા! આ આશ્વાસન એ જ યંત્રની લોકપ્રિયતા અને પ્રતિષ્ઠાનું કારણ બન્યું. મનુષ્યનાં કષ્ટ નિવારવાનું યંત્રે આ જે જબ્બર આશ્વાસન આપ્યું હતું તેને કારણે યંત્રનો વિરોધ અવૈજ્ઞાનિક ઠર્યો.

### ૩૨. વિજ્ઞાન અને યંત્ર પણ એક નથી–યંત્રનિષ્ઠા અને ઉપકરણવાદ માનવનિષ્ઠાનું સ્થાન ન લઈ લે તે સાચવીએ

તો પછી યંત્રના આવ્યા છતાં હજીય ગદ્ધાંવૈતરાંનો છેડો કાં ન આવ્યો? એટલા માટે કે યંત્રે જે આરામ સરજ્યો તેનો થોડાક જણાએ ઈજારો રાખી લીધો. આવા થોડા લોકો monopolist of leizure આરામના ઇજારદાર ઉર્ફે ફુરસદખોર બની ગયા. યંત્રની પ્રતિષ્ઠા આ લોકોને કારણે જરાયે નથી. યંત્રે મનુષ્યને અક્કલ–વિહોણા અને કલાવિહીન વૈતરામાંથી બચાવવાનો દિલાસો આપ્યા છતાં એ બચી ન શકયો તેનું મુખ્ય કારણ એ છે કે સત્તાધારીઓ અને સંપત્તિમાનો યંત્રને બથાવી પડયા ને દુરુપયોગ કરવા લાગ્યા.

આ વિષય અહીં અનાયાસ આવી ગયો તેથી એનો ઉલ્લેખ કરી દીધો. આપણે બધી ચીજોનો સામાજિક મૂલ્યોની દૃષ્ટિએ વિચાર કરવા બેઠા છીએ તેથી આ વિષયને પણ અહીં લઈ લીધો.

તો પહેલી વાત એ કહી કે ઔદ્યોગિક ક્રાંતિને યાંત્રિક ક્રાંતિની સાથે ભેળવી ન દેશો. અને હવે બીજી વાત એ કહું છું કે યંત્રને વિજ્ઞાન સાથે ભેળવી ન દેતા.

—એક જણ મને આવીને પૂછે, "તમે મોટરમાં નથી બેસતા?" ને ધારો કે હું એને કહું છું, "ના ભાઇ, મેં તો ઘોડો રાખ્યો છે." તો એ કહે છે કે "આ શું? તમે ઊઠીને આ વિજ્ઞાનના યુગમાં છેક આવી અવૈજ્ઞાનિક વાત શું કરો છો?" તો શું ઘોડો અવૈજ્ઞાનિક છે? ઘોડો મનુષ્યે નથી બનાવ્યો તેથી એ અવૈજ્ઞાનિક થઇ ગયો? આંખ અવૈજ્ઞાનિક અને કેમ જાણે ચશ્મામાં વૈજ્ઞાનિકતા આવી ગઇ! માટે મહેરબાની કરીને યંત્રને જ વિજ્ઞાન માની લેવાની ભૂલ ન કરશો. એવા 'વૈજ્ઞાનિક વહેમ'માં ન ફસાશો. નહીં તો એમાંથી તો એવાં ખોટા તુક્કા ઊઠશે કે પ્રકૃતિ ભગવાનની સરજત છે માટે એ અવૈજ્ઞાનિક છે અને મનુષ્યને પણ ભગવાને બનાવ્યો છે માટે મનુષ્ય પણ અવૈજ્ઞાનિક છે! હા, અને એટલે હવે તો વૈજ્ઞાનિક મનુષ્ય બનાવવાની વાત પણ ઊપડી છે તો પાછી!–Robots બનાવવાની વાત! ધારો કે એ બને તોયે એના બનાવનારા એ બનાવટી માનવી કરતાં તો મોટાં જ રહેશે. તમે જ્યારે એવા બનાવટી માનવીનું સર્જન કરનારા 'ભગવાન' બની જશો ત્યારે તમારી સામે એ સવાલ આવીને ઊભો રહેશે કે હવે 'જીવન'નું શું કરવું!

તો આ જે ભ્રમ ફેલાયો છે કે વિજ્ઞાન અને યંત્ર એક જ છે એ ખોટો છે. યંત્ર વિજ્ઞાનથી બને છે એ સાચું, પણ વિજ્ઞાન ઘણી વધારે વ્યાપક વસ્તુ છે. યંત્ર તો ઉપકરણ છે. આમ Technologyથી–યંત્રવિદ્યાથી–મનુષ્યના સ્વભાવને અને મનુષ્યની બધી ચીજોને અમે બદલી નાંખીશું એમ કહેનારા લોકોની વાતમાં કેટલો માલ હોય છે, તે આપણે જોઇ લીધું.

જ્યારે માણસને યંત્રમાં જ સર્વ કાંઈ દેખતો ભાળો ત્યારે એ સમજી લેજો કે યંત્રની વિશેષતા જ એ છે કે એ સમાજને યંત્રનિષ્ઠ બનાવી દે છે અને તેવા સંજોગોમાં યંત્ર જ દેવતા બની જાય છે, અર્થાત્ મનુષ્ય ઉપકરણવાદી બની જાય છે.

આમ તો દરેક કલાકાર અને કારીગર અમુક અંશે પોતાનાં ઉપકરણોની પૂજા કરનારો-યંત્રપૂજક-તો હોય જ છે. પણ અહીં મેં જે ઉપકરણવાદની વાત કરી એમાં અને આમાં ફેર છે. દશેરાને દિવસે ઘોડાગાડીવાળો એના ઘોડાની પૂજા કરે છે, ડ્રાઇવર મોટરની પણ પૂજા કરે છે; સુતાર, લુહાર બધા પોતપોતાનાં ઓજારો પર અક્ષતકુંકુમ ચોઢે છે. પણ યાંત્રિક જેટલી હદે યંત્રનિષ્ઠ હોય છે તેટલી હદે કારીગરો ઉપકરણનિષ્ઠ નથી હોતા.

—નારાયણ મને કહે છે કે પ્રાર્થના સવારે પોણાપાંચ વાગે થશે. તો હું કહું છું કે આ પ્રબોધભાઇ મને જગાડશે. પણ પ્રબોધભાઇની પોતાની આંખ બરાબર વખતસર ઊઘડશે ખરી? એટલે છેવટે ઘડિયાળનું એલારામ ગોઠવે છે. યંત્ર ચૂકતું નથી. મનુષ્ય ચૂકે છે. યંત્રને infallible-અચૂક માનવામાં આવે છે, જ્યારે મનુષ્ય ભૂલને પાત્ર ગણાય છે. પ્રબોધભાઇ પ્રમાદ કરે એમ બને, પણ એલારામ તો બરાબર એનો વખત થયે વાગવાનું જ. એટલે માણસ છેવટે યંત્ર પર જ વધારે ભરોસો રાખે છે. આમ યંત્ર મનુષ્યની જગ્યા ધીરે ધીરે કેવી રીતે દબાવતું જાય છે એ આપણને આમાંથી જોવા મળે છે.

યંત્રીકરણની સાથે સાથે સમાજ યંત્રનિષ્ઠ બનતો જાય છે. હું આ બધું બહુ ઊંડો ઊતરીને એટલા માટે સમજાવી રહ્યો છું કે આ બાબતમાં તમારે ઠીક ઠીક હેરાન થવું પડશે. લોકો એને અંગે ખૂબ લમણાંઝીક કરશે. માટે પકડની વાત યાદ રાખો, ભૂતની ચોટલી હાથમાં રાખો. યંત્ર પર એટલો ભરોસો ન હોવો જોઇએ કે પછી મનુષ્ય પર ભરોસો જ ન રહે. આર્થિક સંયોજનમાં યંત્ર રાખીએ એ વાત જાણે સમજ્યા, પણ માણસને ખસેડીને યંત્ર જ એની જગ્યાએ ઠબી ન જાય એની સાવચેતી રાખવી પડશે.

### ૩૩. પૂર્તિ, ઉપસંહાર અને 'ક્રાંતિ-વિજ્ઞાન'ની પૂર્વભૂમિકા —યંત્રીકરણનાં સહચારી લક્ષણો : સમાનીકરણ અને વિશિષ્ટીકરણ —બાહ્ય સમાનતાની સાથે સાથે જાગતી આંતરિક સમાનતાની આકાંક્ષા

આ જ વસ્તુ આપણાં ધાર્મિક અને સામાજિક મૂલ્યો અંગે પણ મેં કરી હતી. આપણું પરમમૂલ્ય મનુષ્ય છે. આપણાં માનવીય મૂલ્યો-human values-ની જગ્યા યંત્ર કદાપિ ન લઈ શકે. અને તમને લોકોને એ વાત કહેતાં મને ખૂબ આનંદ થાય છે કે દુનિયાભરના બધા ક્રાંતિવાદીઓની સમક્ષ આ સમસ્યા ખડી છે. રશિયાના વિચારકોએ એ જ

કહ્યું છે કે the problem of Russia is Cultural-એટલે કે મુખ્ય સવાલ આર્થિક કે ઔદ્યોગિક નથી, પણ સાંસ્કૃતિક છે. મનુષ્યને યંત્રનિષ્ઠામાંથી માનવનિષ્ઠા પ્રત્યે કઈ રીતે વાળવો એ જ સવાલ છે. ક્રાંતિની પ્રક્રિયામાં આપણે આ જ મુદ્દાને સાચવીને ચાલવાનું છે. પાછળથી આ સવાલ ખડો થાય તેને બદલે આપણે એવું કરવા ઇચ્છીએ છીએ કે આપણી ક્રાંતિની પ્રક્રિયા જ માનવનિષ્ઠ હોય. પાછળથી ઘડભાંજ ઊભી ન થાય તે માટે અત્યાર સુધીના ક્રાંતિકારીઓની કોશિશોનો શો નિચોડ નીકળ્યો છે, આપણે લોકો ક્યાં લગી આવીને ઊભા છીએ, તે આપણે જોઈ લેવું ઘટે.

તો આજે આપણે આ વિષયની ચર્ચા કરતાં હવે એ વાત પર આવી પહોંચ્યા છીએ કે યંત્રની સાથે માનવ-જીવનમાં સ્ટાંડર્ડાઇઝેશન આવ્યું, યંત્રે માનવનું સમાનીકરણ કર્યું. યંત્રની સાથે જ બધાને સમાન બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. કારણ કે યંત્ર એક જ છાપની ચીજો બનાવી શકે છે. એક જ યંત્ર અલગ અલગ જાતની ચીજો તો ન જ બનાવી શકે ને? મને ખુશી છે, કંઈક ગર્વ પણ છે કે ભગવાનની પાસે માણસને બનાવવાનું યંત્ર નહોતું! નહીં તો બધાં માણસ એકદમ એક સરખાં જ પેદા થયાં હોત. આપણે બધાં સ્ટૅમ્પ્ડ માલ બનત, અર્થાત્ એક સરખા વજનની અને એક સરખી છાપવાળી સાબુની ગોટીઓ જેવાં બનત. આજકાલના યંત્રયુગમાં એવું થઈ જ રહ્યું છે ને? એક સરખી ટોપીઓ! બાટાના બૂટ બધા એક સરખા બને છે. આવો કોઈ સંચો ભગવાનની પાસે નથી. તેથી જ ભગવાનને અવૈજ્ઞાનિક કહેવામાં આવે છે! તેથી તો વિજ્ઞાનની દુનિયામાં બિચારા ભગવાનને પેસવા દેવામાં આવતો નથી!

યંત્રીકરણની સાથોસાથ સ્ટાંડર્ડાઇઝેશન-સમાનીકરણ-આવે છે. મનુષ્યનું બાહ્યરૂપ બને તેટલું સમાન બનાવવાનું વલણ જોવા મળે છે. આવી જડ સમાનતાના લાભ પણ છે અને દોષ પણ છે. હું એવો અંધ યંત્ર-વિરોધી નથી કે ટેકનોલૉજીના લાભ જોઉં જ નહીં. બંને જોઇશ. યંત્રીકરણની મર્યાદા શી છે તે પણ જોઇશ. યંત્રીકરણ અમુકથી આગળ કેમ ન જવું જોઇએ, અહીં સુધી એ કઈ રીતે આવ્યું અને કઈ રેખા આગળ આવીને એણે અટકી જવું જોઇએ, એનો વિચાર આપણે કરવો પડશે.

શા માટે કરવો પડશે? એટલા માટે કે આપણી પ્રતિજ્ઞા છે કે આપણે હવે ધાર્મિક વિજ્ઞાન અને વૈજ્ઞાનિક ધર્મની સ્થાપના કરવી છે. બંનેએ હવે સાર્વભૌમ બનવું પડશે. અને એનું મંદિર અખિલ વિશ્વ

બનવું પડશે. ઉપાસનામાં વિવિધતા ભલે રહે, પણ આજના જેવો વિરોધ અને વિષમતા હવે નહીં ચાલે.

વિજ્ઞાનની સાથે આપણા જીવનમાં સૌથી મોટો ફેર જે પડી જાય છે તેનાં બે લક્ષણ છે: એક છે, સમાનીકરણ અને બીજું છે Specialisation વિશિષ્ટીકરણ. વિજ્ઞાન આવતાં પહેલાં મનુષ્યનાં બધાં ઓજાર multi-purpose-વિવિધ હેતુ સાધનારાં હતાં. દાખલા તરીકે દાતરડું. એનાથી પાકની કાપણી થતી, શાક પણ કપાતું અને લડાઈ થઈ તો માથાં પણ વઢાતાં! હા, તલવારમાં એવું નથી. એ તો એકલું માથું વાઢવાનું જ ઓજાર છે! વિજ્ઞાનના આવવાથી ઓજારોનું વિશિષ્ટીકરણ થઈ ગયું. ઓજાર યંત્ર બની ગયાં. અને એક યંત્ર એકી સાથે એક જ કામ કરે છે. આમ યંત્રવિદ્યાની સાથે જ સમાનીકરણ અને વિશિષ્ટીકરણ આવ્યાં છે, તેનો વિચાર આપણે આપણી સામાજિક દૃષ્ટિથી આજે કર્યો.

હવે આજના જમાનામાં મનુષ્યને મનુષ્ય સાથે મેળવવો છે. એટલે ભેદનું નિરાકરણ એ જ ક્રાંતિનું કાર્ય થઈ પડવું જોઇએ. ભેદનું નિરાકરણ અને અભેદની સ્થાપના એ આપણો ઉદ્દેશ છે, તેથી આપણી ક્રાંતિની પ્રક્રિયામાં સંઘર્ષ નહીં પણ સખ્ય હોવું જોઇએ. સખ્ય મારફતે જ અદ્વૈતની સ્થાપના કરવા માટે સમન્વયની-વિરોધોના નિરાકરણની-આવશ્યકતા પડે છે.

સમન્વય કઇ કઇ વાતોનો ?

તો આજે ગણિત અને વિજ્ઞાનમાં તો વિરોધ નજરે ચઢતો નથી. પરંતુ ધર્મોમાં ખૂબ દેખાય છે. તો આજનો એક સવાલ તો જાણે એ છે કે ધર્મોનો સમન્વય કેવી રીતે થાય ? બધા ધર્મો વિશે સમભાવ આવે ત્યારે સર્વધર્મ-સમન્વય થાય. અને સર્વધર્મ-સમભાવ આવશે ત્યારે ધર્માંતર નિષિદ્ધ થઈ જશે,-સમાજમાં અને સંવિધાનમાં પણ. સંવિધાનમાં (બંધારણમાં) અને કાયદામાં ધર્માંતર નિષિદ્ધ થાય તેની સાથેસાથે એ પણ જરૂરી છે કે આપણા સામજિક સંકેતોમાંથી અને સામાજિક સંસ્કારોમાંથી પણ ધર્માંતરના વિચારને દેશવટો મળી જાય. આપણી રાષ્ટ્રીય શાનમાં જ આ વસ્તુ સમરસ થઈ ગયેલી હોય એવો દિવસ ઊગશે, ત્યારે જ સાચા અર્થમાં સર્વધર્મસમભાવ સ્થાપિત થશે. કારણ કે જ્યારે મનુષ્ય ધર્મવિશેષનો પ્રચાર કરે છે અને જ્યારે મનુષ્ય ધર્મ બદલે છે, ત્યારે ધર્મ સંકીર્ણ થઈ જાય છે અને એનો સંપ્રદાય બની જાય છે. સંકીર્ણ સંપ્રદાયવાદ મનુષ્યને મનુષ્ય સાથે ભળવા નહીં દે, ઊલટાં મનુષ્યને મનુષ્યથી વેગળાં જ કરશે.

તેથી મારી નમ્રતાપૂર્વક પ્રાર્થના છે કે તમે સૌ વર્ગનિરાકરણ અને જાતિ-નિરાકરણની સાથે સાથે એક બીજો સંકલ્પ એ પણ કરી લ્યો કે અમે સંપ્રદાયોનું પણ નિરાકરણ કરીશું.

આની વ્યાવહારિક પ્રક્રિયા શી હશે, તેની ચર્ચા પણ આપણે કરી તે પછી ધર્મ અને વિજ્ઞાનની વચ્ચેના વિરોધનું કેવી રીતે નિરાકરણ થાય એ વિષય આપણે લીધો. વિજ્ઞાન સાર્વભૌમ છે અને ધર્મ સાંપ્રદાયિક છે ત્યાં સુધી ધર્મ-વિજ્ઞાનની યુતિ, એમનો સંયોગ, ન થઈ શકે એ આપણે જોયું. અને એમ પણ કહ્યું કે જ્યાં સુધી ધર્મ-વિજ્ઞાનની યુતિ ન થાય, ત્યાં સુધી ભારતનું પૌરોહિત્ય—વિનોબા કહે છે ને કે વિજ્ઞાન અને અહિંસાના વિવાહમાં ભારતે પૌરોહિત્ય કરવાનું છે?—એનું સાર્થક્ય નહીં થાય. અત્યારે થઈ શકશે, જ્યારે ધર્મ વૈજ્ઞાનિક બનશે અને વિજ્ઞાન ધાર્મિક બનશે.

આજે વિરોધ ક્યાં છે? મનુષ્યની ભાવના કાવ્યની દિશામાં અને પ્રયોગ તેમ જ બુદ્ધિ વિજ્ઞાનની દિશામાં જઈ રહ્યાં છે. ભાવના અને પ્રયોગની વચ્ચે મેળ નથી. તેથી પ્રયોગોથી જે લાભ મળે છે તે બધો સંપત્તિવાદી, સત્તાવાદી ને પ્રભુત્વવાદી લોકો તાણી જાય છે. પરિણામ એનું એ આવ્યું છે કે મનુષ્યનો પુરુષાર્થ Conquest of Nature-સૃષ્ટિ પર પ્રભુત્વ-મેળવવામાં જ ખતમ થઈ ગયો છે અને પ્રકૃતિના જીવન સાથે તાદાત્મ્ય સાધવાનું રહી જ ગયું છે. **ईशावास्यमिदं सर्वम्** એ વાત તો છેટી રહી, કમ-સે-કમ તાદાત્મ્યની ભાવના તો આવે!

આપણે જોયું કે જ્યારે મનુષ્યની અહંતા ક્ષિતિજવ્યાપી બની જાય છે, ત્યારે એનું નિરાકરણ જ થઈ જાય છે. સ્વાર્થ ક્ષિતિજવ્યાપી બની જાય છે ત્યારે સ્વાર્થ સ્વાર્થ જ નથી રહેતો. વ્યાપક અહંકાર એટલે પ્રચંડ અહંકાર નહીં. પ્રચંડતામાં આકાર હોય છે, જ્યારે વ્યાપકતા નિરાકાર હોય છે. સ્વાર્થ ક્ષિતિજવ્યાપી ક્યારે થયો ગણાય? જ્યારે ભૂતમાત્રનો સ્વાર્થ એ મારો જ સ્વાર્થ: બને ત્યારે એ સ્વાર્થરૂપે વિલીન થઈ જાય. વ્યાપક સ્વાર્થ એટલે જ નિ:સ્વાર્થ.

પછી આપણે જોયું કે સામાજિક મૂલ્યોની દૃષ્ટિએ નિષ્કામ કર્મમાં નિષ્ઠા હોવી એ શી ચીજ છે. કર્તવ્ય મારું અને ફળ બધાનું એવો જે નાગરિકનો સંકલ્પ હોવો જોઈએ એનું ટૂંકું વિવેચન મેં તમારી સમક્ષ કર્યું.

પછી પ્રેમની મનોવૃત્તિનો વિચાર કરતાં આપણે મનુષ્યોના મનુષ્ય ઉપરના પ્રેમ ઉપરાંત મનુષ્યનો મનુષ્યેતર પ્રાણીઓ સાથે જે પ્રેમ–સંબંધ હોવો જોઇએ એની વાત કરી. અને કાલિદાસના પેલા દેવદારુના વર્ણનથી અને શકુંતલાના ઉદાહરણથી વનસ્પતિની સાથે પણ મનુષ્યનો પ્રેમ આપણે જોયો. એ દાખલાઓ ઉપરથી આપણે જોયું કે કલાદૃષ્ટિથી મનુષ્યે સૃષ્ટિ સાથે જે પ્રેમ કર્યો છે–પર્વત, નદી, ઝરણ, ચંદ્રમા, તારાઓ એ બધાંની સાથે મનુષ્યને જે પ્રેમ છે તે અવૈજ્ઞાનિક નથી. એમને આપણે વિજ્ઞાનની સાથે મેળવવો પડશે. આ રીતે કાવ્ય અને વિજ્ઞાન, ધર્મ અને વિજ્ઞાનના મિલનનો વિચાર આપણે કર્યો.

પછી આપણે એ જોયું કે સંપત્તિવાન અને સત્તાવાન લોકો વિજ્ઞાનનો ઉપયોગ કરીને કયાં લગી પહોંચ્યા છે. બાહ્ય સમાનતાની સ્થાપના ટેકનોલોજીથી થઈ, પણ જ્યાં લગી આ બાહ્ય સમાનતાની સાથે સાથે મનુષ્ય મનુષ્યની નિકટ ન આવે, ત્યાં લગી આ સમાનતા પૂર્ણ ન થઈ શકે. હવે ટેકનોલોજીથી કલા અને સંસ્કૃતિનો વિકાસ પણ થવો જોઇએ. તો જ વિજ્ઞાન અને ધર્મ નજીક આવશે અને કોઇ ને કોઈ દિવસ એકરૂપ થઈ જશે.

વિષય ભારે ગહન હતો. મેં થોડીક વાતો મૂકી. પૂર્ણરૂપે તો કોણ મૂકી શકે? તેથી અંતમાં આપણે કહીશું—

शेषं धर्मेण पूरयेत् ॥

# ૪
# ચાર પ્રશ્નો

★

૩૪. પુનર્જન્મવાદ, ઐતિહાસિક નિયતિવાદ અને પુરુષાર્થ
૩૫. વર્ણવ્યવસ્થા અને સમન્વયાત્મક સમાજ
૩૬. આશ્રમવ્યવસ્થા—સામાજિક મૂલ્યોની દૃષ્ટિએ
૩૭. પ્રેરણાનો પ્રશ્ન (Problem of the Incentive)

મારી એક મર્યાદા મેં જણાવી દીધી હતી કે દરેક સિદ્ધાંત અને દરેક તત્ત્વના વિચારને હું સામાજિક મૂલ્ય તરીકે મૂલવું છું. અને સમાજ પરિવર્તનમાં અર્થાત્ આપણે જે ક્રાંતિ આણવા માંગીએ છીએ તે ક્રાંતિમાં એનો કેટલો ઉપયોગ છે, એટલો જ વિચાર હું કરું છું. એથી બહારનો વિચાર આજે મારી મર્યાદામાં નથી આવતો.

## ૩૪. પુનર્જન્મવાદ, ઐતિહાસિક નિયતિવાદ અને પુરુષાર્થ

"પહેલાં સમાજ થયો કે પહેલાં વ્યક્તિ થઇ ?" "પહેલાં રાજ્ય થયું કે પહેલાં નાગરિક થયો ?" "પહેલાં સ્ત્રી પેદા થઇ કે પહેલાં પુરુષ પેદા થયો ?"—આ બધા વૃક્ષ-બીજ પ્રશ્નો કહેવાય છે. આવા બધા પ્રશ્નો આપણે પંડિતોને માટે છોડી દેવા જોઇએ, તેથી હું એમને છોડી દઉં છું.

પુનર્જન્મ એક તથ્ય યાને fact છે કે નહીં, એ રીતે મેં એને વિશે કદી વિચાર કર્યો નથી. પુનર્જન્મ એક ઉપપત્તિ, 'થિયરી' અર્થાત્ અનુમાનથી બાંધેલો સિદ્ધાંત છે. એ સત્ય છે કે નથી એ વિશે તો અનુમાન જ કરી શકાય.

આવી ઉપપત્તિ હોઈ શકે, એનું પણ તર્કમાં સ્થાન છે, એ હું શાસ્ત્રમાંથી દૃષ્ટાંત આપીને બતાવું.

રાજ્યશાસ્ત્રમાં રૂસોનું નામ જાણીતું છે. એણે social contract સામાજિક કરારનો સિદ્ધાંત રજૂ કર્યો છે. એનું તાત્પર્ય એ છે કે નાગરિકો અને રાજાની વચ્ચે એક કરાર થયો અને તે પ્રમાણે સમાજની વ્યવસ્થા ચાલવા લાગી. રાજ્યશાસ્ત્રનાં પુસ્તકોમાં કંઇ કેટલાંય પ્રકરણો એ જ બાબતની ચર્ચા કરવાનો મિશે લખાયાં છે કે શું આ કરાર એ કોઇ ઐતિહાસિક ઘટના છે ? શું કોઇ દિવસે આવું કરારનામું રાજા અને પ્રજા વચ્ચે થયું હતું ખરું ? કઇ તારીખે થયું હતું ? બધાં રાજ્યશાસ્ત્રોએ ચુકાદો આપ્યો છે કે ના, આ કોઇ ઐતિહાસિક ઘટના નથી. આ એક ઉપપત્તિ એટલે કે એક સિદ્ધાંત છે,—સમાજના વ્યવહારને સમજાવવા માટે.

"આજે રાજા અને પ્રજાનો વ્યવહાર કઇ રીતે ચાલે ?"

તો કહ્યું કે "સોશ્યલ કૉંટ્રેક્ટને ધોરણે."

"શું આવો કરાર કદી થયો હતો ?"

"અમે નથી જાણુતા થયો હતો કે નહીં તે તો, પણ એ આજની સમાજવ્યવસ્થામાં નિહિત છે, છુપાયેલો પડયો છે."

પુનર્જન્મની કલ્પનામાં તત્ત્વની વાત માત્ર એટલી જ છે કે મનુષ્ય પોતાનાં ભલા–બૂરાં કામોને માટે જવાબદાર છે. આપણે જેને દૈવ કહીએ છીએ, તે પણ માનવનિર્મિત હોય છે, કર્મજન્ય હોય છે. પુનર્જન્મના સિદ્ધાંતનું મારી દષ્ટિએ આટલું જ મહત્ત્વ છે.

મનુષ્ય પોતાનાં ભલાં-બૂરાં કામો માટે જવાબદાર છે. આને પુરુષનું કર્તૃત્વ કહેવાય છે. પુરાણાં શાસ્ત્રોમાં, **પુરુષકાર** અને **દૈવાધીનતા** એ બે વિશે એટલી બધી ચર્ચા શાસ્ત્રીઓએ કરી છે કે એ બધી તમારે કામની પણ નથી અને એ બધી તમે સાંભળો તો કંટાળી પણ જાવ. તેથી સમાજમાં આપણા વ્યવહારને માટે એમાંથી જેટલી વસ્તુ મારા-તમારા કામની છે એટલી એમાંથી તારવી લઉં છું. તે એ છે કે આપણે નાગરિકને જવાબદાર માનીએ છીએ. એનાં સારાં કામ માટે પણ જવાબદાર માનીએ છીએ અને બૂરાં કામો માટે પણ જવાબદાર માનીએ છીએ.

આને હું મનુષ્યની મનુષ્યતા કહું છું. પશુમાં, દેવતામાં અને મનુષ્યમાં આ જ ભેદ છે. દેવયોનિ ભોગયોનિ છે અને પશુયોનિ પણ ભોગયોનિ છે. દેવ પોતાનાં કર્મોને માટે જવાબદાર નથી હોતા. એ તો પુણ્યનો ઉપભોગ કરવા માટે આવે છે. પુણ્ય ક્ષીણ થાય છે એટલે પાછા કર્મ કરવાને માટે અહીં મૃત્યુલોકમાં જ પધારે છે. આપણો માનવદેહ કર્મપ્રધાન છે. આ કર્મયોનિ કહેવાય છે. પશુ પણ દેવોની જેમ ભોગયોનિ જ છે. કારણ પશુ પણ એનાં કૃત્યો માટે જવાબદાર નથી હોતું. તમારી ગાય મારું ખેતર ભેળી જાય તો સજા તમને થાય છે, ગાયને નથી થતી. આમ પશુ તેમ જ દેવ પોતાનાં ભલા–બૂરાં કૃત્યો માટે જવાબદાર નથી, જ્યારે મનુષ્ય છે.

તો વિષમતા કેમ છે? તો કહ્યું કે મનુષ્યની પરિસ્થિતિ આખરે એનાં કર્મનું પરિણામ છે. તેથી જ પાછલાં જન્મનાં કર્મને આ જન્મની પરિસ્થિતિ માટે જવાબદાર માન્યાં છે. આવી એક ઉપપત્તિ એમાંથી તારવી લીધી. એમાંથી તમે આ જન્મ, આગલો જન્મ અને પાછલો જન્મ, એટલું કાઢી નાંખો અને માત્ર એટલો જ સિદ્ધાંત ગ્રહણ કરો કે દરેક મનુષ્ય પોતાનાં સારાંખોટાં કામો માટે જવાબદાર છે. અને આ જ મનુષ્યયોનિની વિશેષતા છે. તમે જો આટલું યાદ રાખી લો તો હું માનું છું કે આનાથી વધારે પુનર્જન્મની ચર્ચા કરવાની જરૂર નહીં રહે.

હવે, આનો ક્રાંતિની સાથે શો અનુબંધ? કેમ કે હું છેલ્લે બાકી દરેક ચીજને એ જ ખીંટીએ ટાંગું છું. આપણે જે ક્રાંતિ આણવા માંગીએ છીએ એની સાથે આ વિચારને શો સંબંધ છે?

તમે બે વિચાર સાંભળ્યા. એક ભાઇએ પૂછ્યું હતું કે, "તમે માર્ક્સની વાત કરો છો, તો હવે આ બાબતમાં શું એમ નથી માનતા કે આજની જે પરિસ્થિતિ છે, આજની આપણી વિષમતા છે, એ મનુષ્યની આર્થિક પરિસ્થિતિનું-અર્થરચનાનું-પરિણામ છે?" હું માનું છું. કોણ કહે છે, હું નથી માનતો? પરિણામ અર્થરચનાનું છે, પરંતુ એ માત્ર પરિસ્થિતિનું પરિણામ નથી. એમાં મનુષ્યનું પોતાનું પણ કંઈક કર્તવ્ય છે, એટલું હું એમાં ઉમેરવા માંગુ છું. કેવળ ઐતિહાસિક નિયતિ કામ નથી કરતી. ઐતિહાસિક નિયતિમાં મનુષ્યના પુરુષાર્થનો પણ કંઈક હિસ્સો હોય છે. સવાલ એ છે કે શું ઐતિહાસિક નિયતિવાદ એ એક જ નિર્ધારક છાપ છે? ઐતિહાસિક નિયતિવાદ એટલે કે સમાજની જે પ્રગતિ થાય છે, સમાજમાં જે પરિવર્તન થાય છે, એ બધું પ્રાકૃતિક નિયમોને અનુકૂળ હોય છે. જેમકે ખેતી. યુધિષ્ઠિરને પૂછ્યું હતું કે, "તારી ખેતી શું કેવળ વરસાદ પર આધાર રાખે છે? વરસાદ આવે તો જ ખેતી થાય એવું છે શું?" આવો સવાલ પૂછયો એનો અર્થ એ હતો કે વરસાદ પડવો ન પડવો એ ખેડૂતના હાથની વાત નથી. વરસાદ થાય તો ખેતી થાય અને ન થાય તો ખેતી ન થાય. આ વાત ક્રાંતિને લાગુ પાડીએ તો એમ થાય કે એક વિશિષ્ટ પરિસ્થિતિમાં પ્રાકૃતિક નિયમોનો સંયોગ થશે, ત્યારે જ આપણી ક્રાંતિ થઇ શકશે. એ પ્રાકૃતિક નિયમોનો સંયોગ નહીં થાય તો ઐતિહાસિક ઘટના પણ નહીં બને. શું આપણે આટલું જ માનીશું કે એ ઉપરાંત પણ બીજું કોઇ તત્ત્વ છે એમ માનીશું?

આ સવાલ માત્ર મારી-તમારી સામે છે એવું નથી. માર્ક્સ અને એંગલ્સની સામે પણ આ સવાલ આવ્યો હતો. એમણે લખ્યું કે પ્રકૃતિના નિયમો જે રીતના હોય છે, તે જ રીતના માનવીય પ્રગતિના નિયમો છે. અને પ્રકૃતિમાં આપણે જેવા સિદ્ધાંતો જોઇએ છીએ, જે જાતની રચના જોઇએ છીએ, એવી જ જાતનો વિકાસ માનવીય સમાજનો પણ થાય છે અને એ જ રીતે એમાં પરિવર્તન પણ થાય છે.

ત્યારે સવાલ થયો કે "તો પછી મનુષ્યને માટે કાંઇ કરવાપણું રહી જાય છે કે નહીં? જેને તમે Revolutionary Party-ક્રાંતિકારી પક્ષ-કહો છો, તેણે શું કાંઇપણ ભાગ ભજવવાનો છે કે નહીં?" આવો સવાલ

એમાંથી નીકળ્યો. ત્યારે માર્ક્સ–એંગલ્સને કહેવું પડ્યું કે, "ક્રાંતિકારી પક્ષ તે છે જે આ સંયોગોને–પ્રાકૃતિક નિયમોના સંયોગોને–જોઈ શકે છે અને ઐતિહાસિક આવશ્યકતામાંથી ફાયદો ઉઠાવી શકે છે."

અહીં પુરુષનું કર્તવ્ય આવ્યું, મનુષ્યનું કર્તવ્ય આવ્યું.

મેં આને પુનર્જન્મ સાથે કઇ રીતે જોડયું? પુનર્જન્મવાદી પહેલાં કહે છે, "જેવી નિયતિ હશે, તેવું કામ થશે. ભગવાન જેવું મારી પાસે કરાવશે તેવું હું કરીશ." તો પછી સવાલ થાય છે કે એ કરાવનાર પણ ભગવાન, કરનાર પણ ભગવાન, તો ખરાબ કામોની સજા પણ ભગવાનને જ થવી જોઇએ! ખ્રિસ્તીઓ આ બાબતમાં કંઈક 'ઇમાનદાર' નીકળ્યા! એમણે કહ્યું કે હા, અમારી સજા તો ઇસુએ ભોગવી લીધી, એટલે હવે અમારે કાંઇ ભોગવવાપણું રહ્યું નથી! ત્યારે વિવેકી મનુષ્યે કહ્યું કે આ તો મારા ઈમાનથી વિરુદ્ધ વાત થઇ, મારી પ્રતિષ્ઠાને આ ન છાજે. ખોટું કામ હું કરું અને સજા બીજું ભોગવે, એ વાત મારી ઈજ્જતને બટ્ટો લગાડનારી છે. હું મારે માટે બીજાને સજા વેઠવા નહીં દઉં.

આ જે કર્મવિપાકનો સિદ્ધાંત છે, એ મનુષ્યને ભાગ્યવાદમાંથી અને નિયતિવાદમાંથી ખેંચી કાઢે છે. મનુષ્યને એ પુરુષાર્થ પ્રત્યે પ્રેરિત કરે છે. તેથી આપણે જે ક્રાંતિનો અને જે સામાજિક મૂલ્યોનો વિચાર કરી રહ્યાં છીએ તેમની સિદ્ધિને માટે મનુષ્યના પુરુષાર્થને અવકાશ છે. પાછલા સમાજનાં સામુદાયિક પાપ આ સમાજને ભોગવવાં પડે છે. પાપનો અર્થ છે દુષ્કર્મ. એથી વધુ કાંઇ માનશો નહીં. મૂડીવાદી સમાજના જેટલા દોષ છે એનાં પરિણામ આપણે બધાંએ ભોગવવાં પડે છે. આમાં કોઇ એકનું વ્યક્તિગત પાપ કે વ્યક્તિગત દોષ નથી. આ જન્મમાં ગરીબ છે એણે પૂર્વજન્મમાં પાપ કર્યું હશે, એવું પુનર્જન્મવાદી કહેશે અને હું તમારી સામે જે સામાજિક સિદ્ધાંતનું નિરૂપણ કરું છું તે પ્રમાણે હું એમ કહીશ કે આગલી પેઢીના સમાજમાં જે દોષ હતા એ દોષોનાં પરિણામ આજના સમાજની વ્યક્તિઓને ભોગવવાં પડે છે.

તેથી આપણે લોકો, જેમને ક્રાંતિ કરવી છે, જે 'ક્રાંતિકારી પક્ષ' છે, તેમણે આ પરિણામો જે કારણોમાંથી નીપજ્યાં છે તેમનું અધ્યયન કરવું પડશે. આટલી વાત મેં તમારી સૌની સામે રજૂ કરી દીધી એનું કારણ એ કે આપણી વિચારણાની જે મર્યાદા છે તેને સમજી લઇને જ આપણે આગળ વધીએ.

## ૩૫. વર્ણવ્યવસ્થા અને સમન્વયાત્મક સમાજ

હું એવા નિષ્કર્ષ પર પહોંચ્યો છું કે વર્ણવ્યવસ્થાનો અંત આણી દેવો જોઈએ, વિધિપૂર્વક અને સન્માનપૂર્વક!

આ પ્રશ્નની આગળ છણાવટ નહીં કરું, અહીં જ એનું વિવેચન કરી લઉં છું.

આપણે જે સમાજનું નિર્માણ કરવા ઇચ્છીએ છીએ તે સમાજ functional (વ્યવસાયનિષ્ઠ) નહીં હોય, synthetic અર્થાત્ સમન્વયાત્મક હશે. શબ્દો તો મેં આધુનિક પરિભાષામાં મૂકી દીધા છે. પણ એનો અર્થ હું સ્પષ્ટ કરી નાંખીશ. આપણે જે સમાજ નિર્માણ કરવો છે તે વ્યવસાયનિષ્ઠ નહીં, પરંતુ સમન્વયાત્મક સમાજ હશે. વ્યવસાયનિષ્ઠ સમાજમાં ધંધાવાર વાસ હોય છે, વસાહત હોય છે, functional colonies હોય છે. મનુષ્યોની વસાહતો એમના વ્યવસાયને અનુરૂપ વસતી આવે છે. વર્ણવ્યવસ્થાએ માનવજાત પર કયા જમાનામાં શો ઉપકાર કર્યો હશે એ હું નથી જાણતો. તેમ હું એ વાતનો ઇન્કાર પણ નથી કરતો કે કોઈપણ જમાનામાં એણે આપણને લાભ પહોંચાડયો જ નથી. પણ એટલું તો સ્પષ્ટ છે કે વર્ણવ્યવસ્થામાંથી એક મહાન અનર્થ ઊભો થયો છે અને તે એ કે મનુષ્યોના રોજગાર પ્રમાણે એની વસ્તીઓ વહેંચાઇ ગઈ છે. નાનાં નાનાં ગામડાંઓમાં પણ કુંભારવાડો જુદો હોય છે, માળી અને ઘાંચીના વાસ જુદા હોય છે, બ્રાહ્મણો અને ચમારોના વાસ તદ્દન છેટા છેટા હોય છે.

તમે તો આજે કહો છો કે આ 'ગુર્જર-સ્તાન' અને 'મહારાષ્ટ્ર–સ્તાન' જુદાં જુદાં વસાવીશું. એ વસવાનાં હશે ત્યારે વસશે, ભગવાન આપણા પર રૂઠયો હશે તો! પણ એ બધાંથી પહેલાં જ આ 'ઘાંચી-સ્તાન,' 'માળી-સ્તાન' ઠેકઠેકાણે દરેક ગામમાં વસી ગયાં છે! આ બધો વર્ણવ્યવસ્થાનો પ્રતાપ છે.

વર્ણવ્યવસ્થાને લઈને સમાજ વ્યવસાયનિષ્ઠ બની ગયો અને વ્યવસાયનિષ્ઠ સમાજ બનવાથી એક ધંધાદારીને બીજા ધંધાનું જ્ઞાન ધરાવવું એ તો જાણે ખોટું લાગે જ છે, પણ એથી વધુ તો એ છે કે એ બીજા ધંધાને પરધર્મ માની બેઠો છે. અને **પરધર્મો ભયાવહઃ** એટલે બીજાના ધંધાની સહેજ જાણકારી મેળવવી એમાં પણ એને મહાન ભય ભાસે છે.

—મને યાદ છે. લગભગ ૨૦–૨૫ વર્ષ પહેલાં હું એક શહેરમાં ગયો હતા. ત્યાં મેં એક છોકરાને પૂછ્યું, "તારા ગામમાં તો ભાઈ, બહુ બધી સાયકલો આવી ગઇને! હવે તો મોટર-સાયકલો પણ દેખાય છે!"

એ કહે, "હા, એ તો અહીં એક મુસલમાનનું ઘર છે અને એક શીખ રહે છે. એ મોટરસાયકલો ને સાયકલો લાવે કરે છે, અને એની મરામત વગેરેની તરખટ કર્યા કરે છે."

"મુસલમાન અને શીખ કરે છે, તો તું કેમ નથી કરતો ?"

એ કહે "આપણો તો જાણે બાપ-દાદાનો ધંધો ઠરી જ ચૂકેલો છે. સુતાર છીએ અમે ! એટલે હવે અમારાથી કાંઈ થોડું જ સુતારનો ધંધો છોડીને બીજો ધંધો થાય છે?"

" મુસલમાન અને શીખ કેમ બીજા ધંધા કરી શકે છે ?"

એટલે કહે, " એમનામાં કંઇ જાતિ ઓછી જ છે ? એમને કાંઈ ધંધા ઠરેલા થોડા જ હોય છે ? એ તો જે કરે એ એનો ધંધો !"

આ મનોવૃત્તિનું પરિણામ એ આવ્યું છે કે મુંબઈ, કલકત્તા અને મદ્રાસમાં જેટલા મિકેનિક, મશીનરીનું કામ કરનારા, છે એ કાં તો શીખ છે ને કાં મુસલમાન.

આવું પરિણામ શેમાંથી નીપજ્યું ? એક બાજુ વર્ણવ્યવસ્થાને કારણે હરીફાઈ ગઈ, તો બીજી બાજુથી સંકુચિતતા પેસી ગઈ. આ હું હિંદુધર્મને વિશે પણ કહી શકું તેમ છું. લોકો મને કહે છે કે હિંદુ ધર્મ ભારે સહિષ્ણુ છે. હું કહું છું, "સહિષ્ણુ નથી. એ તો સંકીર્ણ છે." સહિષ્ણુતાને માટે એમાં કશો અવકાશ જ નથી, એટલો બધો એ સાંકડો થઈ ગયો છે. એક વ્યવસાય કરનારો માણસ જો બીજો વ્યવસાય કરવા મંડે તો વ્યવસાયોમાં એ વ્યવસાય-સંકર, વર્ણસંકર ગણાઈ જાય છે. અને લોકો વર્ણસંકરથી જ ગભરાય છે. એક વાર એક સનાતનીએ મને કહ્યું હતું, "અરે, અરે ! આનાથી તો વર્ણસંકર થઇ જશે !" ત્યારે મેં કહેલું, "હવે, તમે આ હિંદુસ્તાનમાં વર્ણસંકર થવાની બીક શું બતાવો છો ? જ્યાં ચાર જાતિઓ હતી ત્યાં આજે ચાર હજાર જાતિઓ તો થઈ પણ ગઈ છે. ત્યાં હવે વર્ણસંકરમાં બાકી જ શું રહ્યું છે ? હા, ચાર જ જાતિઓ હોત અને તમે કહેતા હોત તો તે જુદી વાત ગણાત. પણ હવે તો આ ચારેય હજાર કહે છે કે અમારું રક્ત પવિત્ર છે ! હવે

તમે જ કહો, આનું કાંઈ ઠેકાણું છે? એટલે કે આમનો રક્તની પવિત્રતાનો દાવો તો હિટલરથીય ચડી ગયો!"

પણ અત્યારે તો હું તમારી સમક્ષ માત્ર વ્યવસાયનિષ્ઠ સમાજની જ વાત કરી રહ્યો છું, એટલે મારે તમને એ કહી દેવું ઘટે કે સમન્વયાત્મક સમાજરચનાને માટે વર્ણવ્યવસ્થા અત્યંત પ્રતિકૂળ છે.

### વર્ણવ્યવસ્થાનું આધુનિક સ્વરૂપ-ઉદ્યોગનગરો

હવે, વર્ણવ્યવસ્થાનું આધુનિક સ્વરૂપ પણ હું તમારી સમક્ષ રજૂ કરી દઉં.

તમારા આ અમદાવાદ શહેરમાં કેટલી જાતની મિલો છે? એક જ જાતની હશે, કદાચ માત્ર કાપડની જ હશે. તો આ અમદાવાદમાં જેટલા મજૂર છે એ બધા માત્ર કાપડની મિલોમાં કામ કરનારા હશે, એ તો તમે કબૂલ કરશો ને! ટાટાના જમશેદપુરમાં જેટલા મજૂર હશે તે બધા લોખંડની મિલોમા કામ કરનારા મજૂર છે. દાલમિયાની સિમેન્ટ ફેકટરીમાં કામ કરનારા બધા સિમેન્ટ-માટીનું કામ કરનારા છે. બસ, વર્ણવ્યવસ્થા આવી ગઇને? કેટલાક થયા વણકર, કેટલાક થયા લુહાર, કેટલાક થયા કુંભાર અને પેલા ટાટા ઓઇલ મિલવાળા થયા ઘાંચી. બસ દરેક જાતિનું ગામ વસી ગયું છે!

લોકો આપણને પૂછે છે કે તમે શું કામ મોટા પાયા ઉપર થનારા યંત્રીકરણની વિરુદ્ધ છો? આ કેન્દ્રીકરણ અને વિકેન્દ્રીકરણ, કેમ જાણે આપણા અલગ અલગ ભગવાન ન હોય, એવું શીદને કરો છો? તો હું કહું છું કે અમે કેન્દ્રીકરણ કે વિકેન્દ્રીકરણ એ શબ્દોની પાછળ આંખો મીંચીને જવામાં જરાયે માનતા નથી. એ અમારા ભગવાન જરાયે નથી. 'વિકેન્દ્રીકરણ કરી નાંખ્યું' એ કાંઈ મંત્ર નથી અમારો. સૂત્રો અને મંત્રોની પાછળ પાછળ જવાનો વિચાર સુદ્ધાં અમારા મનમાં નથી. આ અમારું fetish નથી, તેમ જ અમારું shibboleth પણ નથી. અર્થાત્ અમે એને સંકેતનો શબ્દ પણ નથી માનતા કે મંત્રનો શબ્દ પણ નથી માનતા.

### કેન્દ્રીકરણથી ઉત્પાદનમાંથી માનવના વ્યક્તિત્વનો તથા સત્વનો હ્રાસ થાય છે, માનવ એકાંગી બને છે

તો આપણે શું કરવા માંગીએ છીએ? મોટા પાયા પર જો ઉત્પાદન કરવું હોય તો એક કારખાનામાં કામ કરનારની એક જ વસ્તી થશે!

અને એમ થતાં આખો સમાજ વ્યવસાયનિષ્ઠ થઈ જશે. વર્ણવ્યવસ્થામાં જે બુરાઈ પેસી ગઈ તે જ આ મોટા પાયાના કેન્દ્રીકરણવાળા ઉત્પાદનમાં પેસી જવાની છે. અને રશિયા, અમેરિકા તથા ચીન જેવા દેશોને આજે પણ આ વાત સમજાતી ન હોય, તોયે હું નમ્રતાપૂર્વક છતાં દૃઢતાથી કહું છું કે બહુ થોડા સમયમાં એ દિવસ આવી લાગવાનો છે જ્યારે દુનિયાના અર્થશાસ્ત્રીઓએ સમન્વયાત્મક સમાજ રચવાની દૃષ્ટિએ વિચાર કરવો પડવાનો છે. અને એવો સમાજ રચવો હશે તો એમાં કેન્દ્રિત ઉત્પાદનને માટે ક્યાંય સ્થાન નહીં હોય. સમન્વયાત્મક અને સમગ્ર, સમરસ (integrated) સમાજને માટે મોટા પાયા પરનું ઉત્પાદન જરાયે કામનું નથી. મોટા પાયા પર ઉત્પાદન થાય છે ત્યારે મનુષ્ય de-individualise થઈ જાય છે. de-individualiseનો અર્થ એ છે કે એનું વ્યક્તિત્વ ઓસરી જાય છે, એનો અંત આવે છે. એનામાં વ્યક્તિત્વ જેવું કાંઈ રહેતું જ નથી. ઉત્પાદનમાં પણ નથી રહેતું અને વિતરણમાં પણ નથી રહેતું.

—એકવાર ભારે મજા થઈ. આ અમારી વિમલ છે ને? એને માટે વિનોબાએ કહ્યું કે હું જેવા જોડા પહેરું છું, તેવા તમે બનાવડાવી લેશો તો પદયાત્રામાં બહુ ફાવશે.

મેં કહ્યું, "બહુ સારું."

મોચીને બોલાવ્યો. પગનું માપ આપ્યું અને કહ્યું કે આવી જાતના જોડા સીવી લાવ.

એણે બહુ ફક્કડ જોડા બનાવ્યા! જોતાંવેંત હું તો ખુશખુશ થઈ ગયો. પણ જોઉં છું તો છોકરીના પગમાં કેમે કરીને બેસતો જ નથી! એટલે મેં મોચીને કહ્યું, "આ તો આના પગમાં નથી આવતો ને!"

એટલે એ કહેવા માંડયો, "માપ તો બરાબર છે ને? જોઇ લ્યો!"

મેં કહ્યું, "માપ તો ભાઈ બરાબર હશે જ, એમાં કશી શંકા નથી."

"માપ પ્રમાણે બરાબર છે? ઠીક, તો સારા બન્યા છે કે નહીં?"

"સારા પણ છે," મેં કહ્યું, "પણ પગમાં નથી આવતો ને!"

એટલે એ કહેવા લાગ્યો, "તો પગ ખોટો છે. હવે એમાં હું શું કરું? બનાવવામાં મારી કશી ભૂલ નથી. જેવું માપ હતું તેવા જ મેં તો સીવી આપ્યા છે."

હવે આને શું કહેવું? છેવટે મેં કહ્યું, "ભાઈ તારી ઇચ્છા શી છે, તે કહે ને!"

"મારે બીજું કંઈ નથી જોઇતું. મેં જોડા સીવ્યા છે એટલે તમે મારા પૈસા ચૂકવી આપો!"

મેં કહ્યું, "હું પૈસા પણ આપી દઉં છું અને આ જોડા પણ પાછા આપી દઉં છું. પહેરવામાં તો એ ખપ લાગે તેમ છે જ નહીં."

એટલે કહે, "હા, એમાં મને ખાસ કાંઇ વાંધો નથી! તમે પહેરો ન પહેરો તે સાથે મારે ઝાઝી લેવાદેવા નથી. અમને તો ભાઇ, જોડા સીવ્યા એટલે અમારા પૈસા મળી જવા જોઇએ!"

આ રીતે ઉત્પાદન પણ de-individualise (અવૈયક્તિક) થઇ ગયું અને જેને તમે consumption અથવા use-વપરાશ કહો છો તે પણ deindividualise થઇ ગયું, એમાંથી વ્યક્તિનો છેદ ઊડી ગયો.

બીજો એક સિદ્ધાંત!–હવે એ કાંઇ મારો ઘરનો નથી! જાણી જોઇને આ બધા નવા જમાનાના શબ્દો તમારી સમક્ષ મૂકું છું, જેથી તમને એમ ન લાગે કે હું આ બધા શબ્દો મારા ખીસામાંથી જ કાઢી કાઢીને તમારા પર ફેંકું છું. એટલે હું તો આજકાલના આધુનિક વૈજ્ઞાનિકો અને અર્થશાસ્ત્રીઓના જ શબ્દો તમારી આગળ મૂકું છું.

ઉત્પાદનમાં મનુષ્યના વ્યક્તિત્વનો જેટલો હ્રાસ (de-individualisation) થશે તેટલો મનુષ્યના સત્ત્વનો પણ હ્રાસ થશે, એનું devitalisation પણ થશે. મનુષ્યના વ્યક્તિત્વનો હ્રાસનો ઉત્પાદનમાં થશે તો મનુષ્યના સત્ત્વનો હ્રાસ પણ એ પ્રક્રિયાથી અવશ્ય થવાનો છે. અને આપણે એમ તો ઇચ્છતા જ નથી કે મનુષ્ય એકાંગી બને. આજના વિજ્ઞાન પર આપણો સૌથી મોટો આક્ષેપ તો એ જ છે ને કે એમાં વ્યક્તિત્વનો વિકાસ નથી થતો, એ મનુષ્યને એકાંગી બનાવે છે!

### સર્વાંગીણ વિકાસ માટે વર્ણમુક્ત સમન્વયાત્મક સમાજ

આજનું વિજ્ઞાન specialisation–વિશિષ્ટીકરણને નામે મનુષ્યને એકાંગી બનાવી રહ્યું છે. નામ તો 'વિશિષ્ટ'નું લે છે, પણ એનાથી મનુષ્ય બને છે એકાંગી! મનુષ્યનો વિકાસ સર્વાંગીણ થવો જોઇએ. મનુષ્ય એકાંગી ન રહેવો જોઇએ. સર્વાંગીણ વિકાસને માટે ભિન્ન ભિન્ન વ્યવસાય કરનારા લોકો એક જ વસ્તીમાં રહેવાં જોઇએ અને એકત્ર થવાં જોઇએ. એમની વચ્ચે ખાવાપીવાનો અર્થાત્ સહભોજનનો વ્યવહાર હોવો જોઇએ અને સહવિવાહ પણ હોવો જોઇએ. રોટી–બેટીસો

વ્યવહાર હોવો જોઈએ. કેટલાક કહે છે ને કે જાતિ ન રહેવી જોઈએ, ફક્ત વર્ણ જ રહેવા જોઈએ? વર્ણ રહે અને જાતિ ન રહે, એવી વ્યવસ્થા અશક્ય છે. એવી વ્યવસ્થા કેવળ કલ્પનામાં જ સંભવી શકે. આને માટે પહેલું પગલું એ છે કે ભિન્નભિન્ન વ્યવસાય કરનારા લોકો એક જ વસ્તીમાં રહે આડોસીપાડોસી તરીકે રહે, અને એમની વચ્ચે છૂટથી રોટી-બેટીનો વ્યવહાર ચાલે.

એક જ વ્યવસાય એકનો એક મનુષ્ય કર્યા કરે એ પણ હવે ઝાઝો વખત ચાલવાનું નથી. બાપુને પૂછ્યું તો એમણે કહ્યું, "રેંટિયો બધાંએ કાંતવો જોઈએ." અહીં અમદાવાદની અદાલતમાં એમને પૂછવામાં આવ્યું, "તમારો ધંધો શો?" તો એમણે કહ્યું, "I am a farmer and a weaver હું ખેડૂત છું અને વણકર છું." એમણે પોતાનો ધંધો આ રીતે વર્ણવ્યો. તેઓ વણકર પણ હતા, ખેડૂત પણ હતા, અને ઝાડુ લઈને ભંગીનું કામ પણ કરતા હતા. હવે કહો, એમનો વર્ણ કયો ગણશો? જેટલાં કામ કરતા હતા એટલા વર્ણ ગણશો? આમાંથી એક યુક્તિ કાઢવામાં આવી. તે એ કે દરેક વ્યક્તિ ચારે વર્ણની ગણાશે!

તો હવે હું આનાથી આગળ એટલી જ અરજ હાથ જોડીને કરું છું કે આવી ગૂંચવાડાભરી ભાષામાં આમતેમ ફેરવીફેરવીને દ્રાવિડી પ્રાણાયામ શીદને કરો છો? સાફ જ કહી દો ને કે વર્ણ નહીં રહે!* એટલે વાત પતી જાય. અને એનો પણ અર્થ તો એ જ થશેને કે દરેક માણસ ચારે વર્ણનો ગણાશે? **सर्वं ब्राह्मं इदं जगत्!**

તો આ બધાનો અર્થ તો આખરે એ જ થયો ને કે વર્ણ નામની કોઈ વસ્તુ નહીં રહે? વર્ણ તો જાતિનિષ્ઠ જ રહી શકે છે. વર્ણ વ્યવસાયનિષ્ઠ રહી શકતો નથી. ધંધા મુજબ વર્ણ, એ વાત સાંભળતાં તો રૂડી લાગે છે, પણ એ એક અસંભવ વસ્તુ છે. એનો નિર્ણય નથી થઈ શકતો.

ધારો કે મેં વણકરનો ધંધો કરવાનું નક્કી કરી લીધું અને વણકર બન્યો. પછી મારે ઘેર દીકરો આવ્યો. હું એને કયો ધંધો શીખવીશ? આપણા ધોરણે સમાજમાં હરીફાઈ તો છે નહીં. જેટલા ધંધા છે તે બધા

* વિનોબાએ આ વિશે કહી દીધું છે, "વર્ણ જશે, વૃત્તિ રહેશે." અર્થાત્ માણસો પોતાની સહજ વૃત્તિ મુજબ આ કે તે વ્યવસાય પ્રત્યે વધુ કે ઓછા વળશે, પણ અમુક વર્ણમાં જન્મ્યા માટે અમુક વ્યવસાય વળગ્યો જ એવું નહીં રહે.

સરખા પ્રતિષ્ઠિત છે, અને કોઈપણ ધંધો કરો, સમાજ સરખું જ પ્રતિમૂલ્ય-વેતન-આપે છે. એટલે દીકરાનો ધંધો બદલવાનો લોભ તો રહ્યો જ નહીં !' એટલે મારો જ ધંધો મારા દીકરાને શીખવી દઉં છું. હવે એનાં લગ્ન કરવાં છે. તો કોની છોકરી શોધીશ ? સોનીની છોકરી સાથે એને પરણાવું તો ઘરમાં એક એવી છોકરી આવશે જેને વણકરીનો હુન્નર નામ માત્ર પણ નથી આવડતો. એટલે વણકરી જાણનારી છોકરી સાથે જ એને પરણાવવો પડશે. એ જ દૃષ્ટિથી એ પણ જોવું પડશે કે વણકરનું ઘર પણ એવું હોય જ્યાં પેઢીઓથી વણકરી ચાલતી હોય. કેમ કે, આનુવંશિક-પેઢીગત-કળા એવા ઘરની છોકરીમાં જ વધારે હોય ! જાતિ આવી ગઈ ! બસ આપણી વાત ખતમ થઈ ગઈ ! જાતિનિરાકરણ કરવું અને વર્ણનું સંરક્ષણ કરવું એ એક અસંભવ વાત છે.

તમે મારો અભિપ્રાય માંગ્યો એટલે મેં સ્પષ્ટતાપૂર્વક આટલી વાત કહી દીધી. અને એ જ દૃષ્ટિથી મેં ત્રણ સંકલ્પો પૈકી એક સંકલ્પ તમારી સામે એ મૂકયો હતો કે જાતિનિરાકરણ પણ આપણે કરવું છે. જાતિનિરાકરણમાં મેં વર્ણ-નિરાકરણને પણ શામેલ કરી લીધું છે.

**સમન્વયાત્મક સમાજનું એકમ માનવની પાડોશી ભાવનાના માપનું હશે**

શા માટે ? આપણો પહેલા દિવસનો સિદ્ધાંત પાછો તપાસીએ.

બીજાને જિવાડવા માટે જીવીશું, તો ઉત્પાદન પણ પાડોશીને માટે થશે, પોતાને માટે નહીં. હું જે કાંઇ ઉત્પાદન કરીશ એ પાડોશીને માટે કરીશ.

હવે, પાડોશીને માટે ઉત્પાદન કરવું એનો અર્થ શો ?

—એક ઉદાહરણ મોચીનું મેં તમને આપ્યું. હવે બીજું ઉદાહરણ છે બાટાનું. હું બાટાની દુકાને ચડયો....અને આ તો રોજિંદો અનુભવ છે, મારો એકલાનો જ છે એવું નથી. તમારા અનુભવોને પણ હું મારા અનુભવોમાં શામેલ કરીને જ બોલું છું....દુકાનદારે પૂછયું, "કેટલા નંબરના બૂટ જોઇએ ?"

મેં કહ્યું, "પાંચ નંબરના"

પાંચ નંબરનો બૂટ ઢીલો પડવા લાગ્યો. તો કહે "ચાર નંબરનો પહેરી જુઓ." એ તંગ પડવા લાગ્યો.

મેં કહ્યું, "સાડાચાર નંબરનો જોઇએ !"

"સાડાચાર નંબરના તે બૂટ હોતા હશે ? તમેય શું મારા સાહેબ, આટલું નથી જાણતા ?"

મેં કહ્યું, "પણ ત્યારે કરવું શું? પાંચ નંબરના મોટા પડે છે, ચાર નંબરના નાના પડે છે."

એણે કહ્યું, "બૂટ તો અમે તમામ માપના બનાવ્યા છે. પણ તમારો પગ જ જો આ દુનિયામાં નવી નવાઇનો હોય તો એમાં અમે શું કરી શકીએ? એમાં બૂટ બનાવનાર કંપનીનો શો વાંક? એણે તો તમામ માપના બૂટ બનાવીને મૂકયા છે."

—હવે થોડીવારને માટે ધારી લો કે એવી સિન્થેટિક સોસાયટી–સમન્વયાત્મક સમાજ–ની રચના થઇ ગઇ છે, જેમાં ઈન્ટિમસી–અંગત સંબંધ–છે. જોડા સીવનારો દાદા, નારાયણ, પ્રબોધ ત્રણેયને ઓળખે છે. એને જઇને પૂછો કે આ જોડા કોને માટે બનાવ્યા છે, તો કહેશે, "આ જોડમાં એક પગ કંઇક મોટો છે અને બીજો એનાથી સહેજ નાનો છે, એ જોડ દાદા માટે બનાવી છે."

"અને આ જોડ?"

"હા, એમાં બેય પગ તો લગભગ સરખા જ છે, પણ એકની પહોળાઈમાં થોડોક ફરક છે. એ નારાયણને માટે બનાવ્યા છે. અને આ ત્રીજી જોડ છે તે પ્રબોધને માટે સીવી છે.

એને પોતાના દરેક ઓળખીતાના પગની ખાસિયતો મુજબ જોડા બનાવવામાં રસ પડે છે. હમણા મારા મિત્રે 'ઇન્સેન્ટિવ'–પ્રેરણાની વાત પૂછી હતી ને? તો આ રીતે વસ્તુ બનાવવામાં એ આંવી જાય છે. ઉત્પાદકને ઉત્પાદન કરવામાં રસ પડે છે.

તમારો સમાજ, તમારી વસ્તી આકારમાં એટલી નાની હોવી જોઇએ કે જેથી એમાં intimacy–નિકટ સંબંધ–રહી શકે. નાગરિકોનો પરસ્પર પરિચય રહી શકે, પરસ્પર સંપર્ક રહી શકે. એકમેકની સાથે 'બે આંખની શરમ' જેટલો નિકટ સંબંધ-ઇન્ટિમસી–રહી શકે, એટલું નાનું સમાજનું એકમ હોવું જોઇએ. મુંબઈ જેવું ન હોવું જોઇએ.

—આ નારાયણ મને મુંબઈ લઇ ગયો હતો. એણે કહ્યું, "ભાષણ કરો." ત્યારે મેં કહ્યું કે મુંબઈમાં એક વાત સૌથી પહેલી હું કહેવા માંગુ છું તે એ કે અહીં માણસને માટે સ્થાન નથી. અહીં માણસ આવે છે તે કાં તો ભૂલો પડવા આવે છે ને કાં તો સંતાઈ જવા આવે છે. માણસ અહીં ખોવાઈ જ જાય છે. કોઇને 'અંડરગ્રાઉન્ડ' જવું હોય તો મુંબઈ આવે છે. અમદાવાદના શેઠનો દીકરો નાસી ગયો. કયાં શોધવો? તો કહે

છે, "મુંબઈમાં શોધો." છુપાઈ જવા માટે આ જ ઠેકાણું છે. એ છોડીને બીજે ક્યાં છુપાય? આમ અહીં આદમી ભૂલો પડે છે, ખોવાઈ જાય છે કે પછી સંતાઈ જાય છે. અહીં મનુષ્ય બિલકુલ જ બિન-અંગત impersonal બની જાય છે. મુંબઈ આવી જગ્યા છે.

× × × ×

—એક વાર પંજાબ ગયો. તો જોયું કે કેટલીક સ્ત્રીઓ ખુલ્લે મોંએ ફરતી હતી—સારી સારી જવાન સ્ત્રીઓ અને કેટલીક ડોસીઓ પણ ઘૂમટો તાણીને ફરતી હતી. મેં મારા યજમાનને પૂછ્યું, "આ છોકરીઓ ઉઘાડે મોંએ ફરે છે અને આ ડોસીઓ ઘૂમટો તાણીને ફરે છે, તે એવું કેવું?"

એમણે મને સમજાવ્યું, "આ ગામની જે વહુઆરુઓ અને ભોજાઈઓ છે તે ઘૂમટો તાણીને ફરે છે અને જે આ ગામની દીકરીઓ છે તે ઉઘાડે મોંએ ફરે છે."

"આ ગામની દીકરી, એ વળી શું?"

"ગામની દીકરી? આ ગામમાં એક જણની દીકરી તે બધાની દીકરી છે, એક જણનો જમાઈ એ બધાનો જમાઈ છે."

—અને મુંબઈમાં? મુંબઈમાં કોણ કોની દીકરી અને કોણ કોનો જમાઈ? મુશ્કેલી મોટી છે તો! ત્યાં કોઇ કોઈને ઓળખતું જ નથી, પછી કેવી દીકરીને કેવી વાત!

× × × ×

—"કેટલા છોકરા બેઠા હતા, પરીક્ષામાં?"

"દસ હજાર બેઠા'તા."

"કેટલા પાસ થયા?"

"આઠ હજાર, બે હજાર નાપાસ થયા."

"અરે, એ બે હજારમાં મારો ભાઈ પણ છે."

પણ એ તો બે હજારમાં એક છે ને?

"અમને શું ખબર? હશે, તમારો ભાઈ પણ હશે."

"ગામમાંથી કેટલા છોકરા પરીક્ષામાં બેઠા હતા?"

"પચીસ બેઠા'તા."

"કેટલા નાપાસ થયા?"

"પાંચ નાપાસ થયા."

"કોણ કોણ?"

"ફલાણા ફલાણાના દીકરા રહી ગયા. બહુ ખરાબ થયું!"

બધું 'પર્સનલ' થઈ ગયું, અંગત થઈ ગયું! બધાને માણસ ઓળખે છે.

× × ×

—મુંબઈમાં આગ લાગી.

"ઉત્તર તરફ લાગી છે. ફલાણી જગ્યાએ લાગી હશે."

—ગામમાં આગ લાગી.

"અરે, ફલાણાના ઘરમાં લાગી છે. દોડો દોડો."

મનુષ્ય ગામમાં અંગત હોય છે, બિન–અંગત નથી હોતો. લોકો આપણી ઠેકડી કરે છે કે તમે તો શહેરોને બરબાદ કરવા માંગો છો અને ગામડાંને જિવાડવા માંગો છો. "ગામડાં વિરુદ્ધ શહેર" એવો આપણો કશો જ ઝઘડો નથી. આપણી તો એક નાની સરખી માંગણી છે. તે એ કે મનુષ્યની વસ્તી એટલી જ મોટી હોવી જોઇએ કે એમાં નાગરિકો એકમેકને ઓળખી શકે.

**સમન્વયાત્મક સમાજનાં સામાજિક, રાજકીય અને આર્થિક લક્ષણો**

આટલું થશે ત્યારે તમારી સામે એવો સવાલ જ નહીં આવે કે ચૂંટણી કેવી રીતે કરવી, ચૂંટણીની પદ્ધતિ કેવી હોય.

એક શબ્દપ્રયોગ મારા ભાષણમાં હવે પછી વારંવાર આવ્યા કરશે. માટે એને યાદ રાખજો: "સંદર્ભ* બદલવો–Changing the Context." ક્રાંતિને માટે આ શબ્દો હું હમેશાં કહું છું. દરેક વાતની પાસે આવું છું અને પછી કહી દઉં છું કે સંદર્ભ બદલવાની જરૂર છે.

લોકો આજના સંદર્ભમાં આપણને પૂછે છે કે "ચૂંટણી નહીં થાય તો લોકશાહી કઈ રીતે ચાલશે? ...આમ નહીં થાય તો કઈ રીતે ચાલશે?...તેમ નહીં થાય તો કઈ રીતે ચાલશે?" એ બધાનો ઉત્તર એ છે કે "લોકશાહીનો સંદર્ભ બદલી નાંખવો પડશે." એ લોકો આજના ગામડાનું ચિત્ર રજૂ કરે છે અને પછી એને આધારે શંકાઓ કરે છે. આજે જેવું ગામડું છે તે આપણી નિર્ધારિલી આદર્શ વસ્તી નથી. એને

* આસપાસનું વાતાવરણ, સંયોગો કે પરિસ્થિતિ. ભિખારીને ત્યાં છોકરો જન્મ્યો. ભીખ એ છોકરાના જીવનનો સંદર્ભ છે. હિંદુસ્તાનની પ્રજા પ્રાચીન છે, ધાર્મિક છે અને આજે આર્થિક દૃષ્ટિએ અહીં મૂડીવાદી સમાજ છે. એમાં લોકશાહી આવી છે. એટલે પ્રાચીનતા, ધાર્મિકતા, મૂડીવાદ વગેરે આજની ભારતીય લોકશાહીના સંદર્ભ છે.

આપણે ગામડું નથી માનતા. આજનું ગામડું તો સાવ જુદી જાતનું છે. એ કશા કામનું નથી. આપણે જે પ્રકારની વસ્તીની કલ્પના કરી છે એ વસ્તીમાં ત્રણ વાનાં હોવાં જોઇએ :

એક તો એ વસ્તી સમન્વયાત્મક હોવી જોઇએ, વ્યવસાયનિષ્ઠ ન હોવી જોઇએ. વ્યવસાયનિષ્ઠનો અર્થ શો ? અલગ અલગ ધંધા કરનારા લોકોનાં મહોલ્લા કે વસ્તીઓ અલગ અલગ ન હોવાં જોઇએ. સમન્વયાત્મકનો અર્થ શો ? જુદા જુદા વ્યવસાય કરનારાના મહોલ્લા એક જ હોય, એ લોકો સાથે સાથે વસે. એમનું શિક્ષણ પણ ઘણે મોટે અંશે સમાન જ હોય. એમની વચ્ચે સહભોજન થાય, સહવિવાહ પણ થાય, રોટી-બેટીના વહેવારમાં વાડા ન હોય. સમન્વયાત્મક વસ્તીનું આ પહેલું લક્ષણ છે.

બીજું લક્ષણ એ છે કે એ એટલી મોટી હોય, એનો આકાર એટલો તો હોય જ કે જેથી એમાં ભિન્ન ભિન્ન વ્યવસાય કરનારા લોકો રહેતા હોય, પણ સાથે સાથે એ એટલી નાની પણ હોય કે જેથી એમાં રહેતા નાગરિકો સહેજે એકમેકને ઓળખી શકે. વસ્તીના વધુ પડતા મોટા આકારને કારણે નાગરિક બિન-અંગત (impersonal) ન બની જાય એ જોવાનું છે. માનવીનું વ્યક્તિત્વ વિલીન ન થઈ જવું જોઇએ, માનવી ખોવાઈ ન જવો જોઇએ.

ત્રીજું લક્ષણ એ હશે કે બધા નાગરિકો એકમેકને ઓળખતા હશે. એવા સંયોગોમાં ઉત્પાદન મનુષ્યને માટે થશે, કેવળ અપ્રત્યક્ષ 'ઉપયોગ'ને માટે નહીં.

પહેલું પગલું મૂડીવાદી : 'ઉત્પાદન નફાને માટે થાય.'

બીજું પગલું સમાજવાદી : 'ઉત્પાદન ઉપયોગને માટે અને આવશ્યકતાને માટે થાય.'

ત્રીજું પગલું, આથી આગળનું છે. એને હું ગાંધીના વિચારનું પગલું કહું છું. એ વિચાર આપણને ગાંધી આપી ગયા. તે એ કે ઉત્પાદન પાડોસીને માટે થાય. ઉત્પાદન મારા બીજા ભાઇને માટે કરું, જે મારી નજીક રહેતો હોય, જેને હું ઓળખતો હોઉં. ગાંધીનું આ સ્વદેશીવ્રત કહેવાય છે.*

---

* ડૉ. લોહિયા આને Immediacy કહે છે જુઓ "Wheel of History."

ગાંધીએ એમના સ્વદેશી વ્રતની જે વ્યાખ્યા કરી છે એનો આશય એવો છે કે હું જે ઉત્પાદન કરીશ તે કેવળ આવશ્યકતાને માટે નહીં, કેવળ ઉપયોગને માટે નહીં, પણ મનુષ્યને માટે કરીશ. અર્થાત્ એ ઉત્પાદનમાં પણ એક વિશિષ્ટતા (વ્યક્તિત્વ) આવી જાય છે અને એક નવી પ્રેરણા એમાં દાખલ થઈ જાય છે.

વર્ણવ્યવસ્થાના વિચારનું મેં થોડું વિસ્તૃત અને સ્પષ્ટ વિવેચન એટલા માટે કર્યું છે કે આપણા દેશના બહુ મોટામોટા ધુરંધર વિચારકો પણ વર્ણવ્યવસ્થાનું કોઈ ને કોઈ સ્વરૂપે સમર્થન કરે છે અને બાપુજીના શબ્દોને પ્રમાણ તરીકે પણ ટાંકે છે. તો ગાંધીના તો વર્ણવ્યવસ્થા અંગેના વિચારોનો વિકાસ થતો રહ્યો હતો. હું માનું છું કે એ વિકાસની હવે આજની પરિણતિ એ વિચારમાં થઈ જવી જોઈએ કે વર્ણવ્યવસ્થા હવે ગુણકર્મ પ્રમાણે પણ નહીં રહે, હવે વર્ણવ્યવસ્થા જ નહીં રહે. હવે તો જે સમાજ બનશે તે સમન્વયાત્મક સમાજ બનશે.

## ૩૬. આશ્રમ-વ્યવસ્થા-સામાજિક મૂલ્યની દૃષ્ટિએ

હું સામાજિક મૂલ્ય તરીકે જ આશ્રમ વ્યવસ્થાની વાત તમારી સામે મૂકીશ.

### બ્રહ્મચર્યાશ્રમ

આપણે આપણા સમાજમાં સ્ત્રી-પુરુષોનું સહજીવન અને સહશિક્ષણ શરૂ કરી દીધું છે. તમે સાંભળ્યું જ હશે કે આ સમસ્યા દરેક શિક્ષણ-સંસ્થા અને શિક્ષણશાસ્ત્રીની સમક્ષ આજે ખડી છે. છોકરા-છોકરીઓને ભેગાં ભણાવીએ તો છીએ, પણ છોકરા-છોકરીઓના જીવનમાં, સહજીવનમાં, પવિત્રતા નથી આવતી.

આનું વધારે વિવેચન તો હું આગળ કરીશ. હમણાં તો માત્ર એક જ વાક્ય હું તમારી સામે મૂકી દઉં છું. છોકરા-છોકરીઓનું વિદ્યાર્થી-જીવન જ્યાં સુધી બ્રહ્મચર્યના પાયા આધાર રાખતું નહીં અને, ત્યાં સુધી એમાં પવિત્રતા નહીં આવી શકે. એટલા માટે વિદ્યાર્થી-જીવનમાં બ્રહ્મચર્ય હોવું જોઈએ. બ્રહ્મચર્ય-આશ્રમ વિદ્યાર્થી-જીવનને માટે બહુ જરૂરી છે અને અગાઉના કાળમાં એની જેટલી જરૂર હશે તેના કરતાં પણ આજે તો એની ઘણી જ વધારે જરૂર છે.

—એક વાર કોલેજના એક છોકરાએ મને પ્રશ્ન પૂછયો. જેમ તમે લોકો અહીં બેઠાં છો અને સવાલ કરો છો, તે જ રીતે એણે પણ પૂછયું.

"અમારી બહેન રસ્તે જતી હોય અને કોઈ ગુંડો એની છેડતી કરે, તો તમે કહો, અમે શું અહિંસક રહીએ? ચૂપચાપ જોયા કરીએ?"

મેં કહ્યું, "ચૂપચાપ શા માટે જોયા કરો?....પણ પહેલાં તો મને એ કહો કે તમને આવા કેટલા પ્રસંગ પડયા?"

એણે કહ્યું, "જાણે હજી પ્રસંગ તો પડયો નથી, પણ પડયે ખરો."

મેં કહ્યું, "ઠીક. ધારો કે પ્રસંગ પડયો. તો તમે શું ઇચ્છો છો?"

તો કહે, "અમે એવે વખતે કેવી રીતે ચૂપ રહી શકીએ?"

મેં કહ્યું, "હા, તે ચૂપ ન રહેશો."

તે વખતે બાપુ હતા, એટલે મેં એને બાપુનો આધાર ટાંકીને કહ્યું, "કોઈવાર જો આવું કાંઈ જુઓ...પહેલેથી એવું ધારી ન લેવું, પણ જો એવું કાંઈ થતું નજરે ચડે તો એનું માથું વાઢી લો. હું ગાંધી પાસેથી તમને અહિંસાનું સર્ટિફિકેટ લાવી આપીશ...."

એટલે એ તો ખુશખુશ થઈ ગયો કે ભાઈ વાહ, આ ગાંધીવાળો તો ખુદ ગાંધી પાસેથી અહિંસાનું સર્ટિફિકેટ લાવી આપવાનું કહે છે!

ત્યાં મેં આગળ કહ્યું, "....એક શરત છે."

એણે પૂછ્યું, "શી શરત છે?"

"જે છોકરીઓ સાથે તમે સ્કૂલમાં બેસો-ઊઠો છો, રમો-કૂદો છો, વાંચો-લખો છો, એમની તરફ જોવાની તમારી પોતાની દૃષ્ટિ કેવી છે? અને એ દૃષ્ટિમાં જો કાંઈ ફરક હોય તો માથું વાઢવાના કાર્યક્રમનો આરંભ તમારી જાતથી જ કરી દો!"

બસ, આટલી સરખી શરત સાંભળીને એ તો બેસી જ ગયો.

આને હું 'બ્રહ્મચર્ય' કહું છું. શિક્ષણનાં કેન્દ્રોનું તો આજે કેમ જાણે એ વધુ-વર-સંશોધનનાં ક્ષેત્ર જ બની ગયાં હોય, એવું થયું છે ને! એક બાજુ ભણવાનું ચાલતું હોય અને બીજી બાજુ છોકરો છોકરી શોધતો હોય અને છોકરી છોકરો ખોળતી હોય, એવું ન થવું જોઈએ. આખા શિક્ષણના ક્ષેત્રમાં husband-hunting અને wife-hunting ચાલતું હોય....એક પ્રકારની મૃગયા જ હોય છે ને એ?... આમ આ શિક્ષણ-ક્ષેત્રો જો વધુ-વર-મૃગયાનાં ક્ષેત્રો બની જશે તો તમે ગાંઠ વાળી લેજો કે આ દેશમાંથી તમામ સભ્યતાનો અંત આવી જવાનો છે.

તો વ્યક્તિના જીવનમાં બ્રહ્મચર્યનું બીજું કોઈ સ્થાન હોય કે ન હોય, પણ હું માનું છું કે મનુષ્ય-જીવનમાં શિક્ષણનો જે ગાળો છે તેમાં બ્રહ્મચર્ય અનિવાર્ય હોવું જોઈએ. આમ તો શિક્ષણની અવધિ યાવજ્જીવન

હોવી જોઇએ, જીવે ત્યાં સુધી વ્રત પાળે એવું હોવું જોઈએ. પરંતુ આ વ્રતનું આચરણ એક વિશેષ અવધિમાં થાય છે અને એ અવધિ શિક્ષણની અવધિ હોવી જોઇએ. બ્રહ્મચર્ય-આશ્રમ અગાઉ પણ વિદ્યાર્થીને માટે જ મનાતો. બ્રહ્મચર્યને માટે કહેતા પણ ખરા કે **ब्रह्मचर्येण ऋषिभ्यः।** પિતૃ, દેવ અને ઋષિ એ ત્રણ પ્રત્યેનાં મનુષ્યનાં ઋણો પૈકી બ્રહ્મચર્યના પાલનથી ઋષિઓનું ઋણ અદા થાય છે. વિદ્યામાં બ્રહ્મચર્યનું સ્થાન હોવું જોઇએ.

## વાનપ્રસ્થાશ્રમ

હવે ગૃહસ્થાશ્રમ શું છે એનો વિચાર તો જેમ જેમ આપણે આગળ વધતાં જઈશું, તેમ તેમ આવી જ જશે. મુખ્ય બે જ વિચાર આપણી સામે આવે છે: એક તો બ્રહ્મચર્ય અને બીજી ગૃહસ્થાશ્રમ પછીની સ્થિતિ, જેને વાનપ્રસ્થાશ્રમ કહે છે.

વિનોબાજીનું કહેવું છે કે વાનપ્રસ્થાશ્રમ પણ અમુક એક વખતે વિધિપૂર્વક ગ્રહણ કરી લેવો જોઇએ. આ વિધિ કરવો ન કરવો એ મારે મન ગૌણ છે. વિધિ ઉપર મને કાંઈ બહુ વિશ્વાસેય નથી રહ્યો. એટલે વિધિ કરે કે ન કરે, પણ હું એક વાત ઇચ્છું છું અને તે એ કે સ્ત્રી અને પુરુષના જીવનમાં એક એવી વયોમર્યાદા આવી જવી જોઈએ કે જે મર્યાદા પછી એમના મનમાં વિવાહની ભાવના-લગ્નજીવનની ભાવના-ન રહે.

વિવાહ અથવા લગ્ન પહેલાંની સ્થિતિ તો મેં તમારી સમક્ષ ચર્ચી લીધી. હવે ગૃહસ્થાશ્રમ પછીની સ્થિતિ તમારી સમક્ષ મૂકું છું. આજે હું કહું છું તે સમાજમાં ખૂબ જ જરૂરી છે.

—આજે તો કેવું છે, જુઓને ! આપણે કોઈ કોઈ વાર વાંચીએ છીએ કે સિત્તેર વરસનો ચર્ચિલ પરણી પાડે છે. લોકો કહે છે, "૭૦ વરસનો ડોસો પરણે છે ! અને તેય ૨૦-૨૫ કે ૩૦ વરસની છોકરી સાથે ! ઘોર અનાચાર છે !"

"તો ભાઈ, એણે શું કરવું જોઇતું હતું ? ૭૦ વરસનો પુરુષ ૬૦ વરસની સ્ત્રીની સાથે લગ્ન કરે તો તેને શું સદાચાર ગણશો ?"

તો લોક કહે છે, "હા, એવું હોય તો કાંઇ વાંધો નહીં !"

રૂઢિને લઇને હોય તો તેમ, પણ આપણે ત્યાં એક મર્યાદા હતી. અલબત્ત એ મર્યાદા સ્ત્રીને માટે હતી, પુરુષને તો એમાં પણ છૂટ હતી જ. સ્ત્રીને વિશે એવી એક મર્યાદા હતી કે અમુક ઉમ્મર થઇ ગયા પછી સ્ત્રી પરણી શકે એવી કલ્પના પણ કોઇને આવતી નહીં.

આજે તો ૫૫ વરસની સ્ત્રી પણ પરણે છે, ૬૦ વરસની સ્ત્રી પણ પરણે છે!

મનુષ્યના જીવનમાંથી આ વિવાહ–ભાવનાનું નિરાકરણ કોઈ એક હદે પહોંચીને થવું જોઇએ કે નહીં? અને જો એમ નહીં થાય તો સ્ત્રી અને પુરુષના જીવનમાં પવિત્રતા કદી નહીં આવી શકે. આજે ૨૦–૨૦, ૨૫–૨૫, ૩૦–૩૦ વરસની છોકરીઓ કોલેજોમાં ભણે છે. નવજવાન છોકરાઓનો એ ઝાઝો ભરોસો નથી રાખી શકતી. એમની સાથે અમુક એક મર્યાદામાં જ રહી શકે છે. કુટુંબમાં ભાઇની સાથે રહે છે, પિતાની સાથે રહે છે; પણ એમની સાથે જે સંબંધ હોય છે તે Confidenceનો અર્થાત્ હૃદયની ગુપ્ત વાતો જણાવવાનો સંબંધ નથી હોતો. કૌટુંબિક મર્યાદાઓ હોય છે. પરિણામ એ આવેલું છે કે એને માટે સમાજમાં પિતૃત્વની ભાવના કયાંયે છે જ નહીં. હું કુટુંબથી બહારની વાત કરું છું. કુટુંબની બહાર શું યુવાન સ્ત્રીને માટે સમાજમાં એવી કોઈ પ્રણાલિ છે ખરી કે એને પુરુષના બાહુબળનું નહીં, પણ પિતૃત્વનું સંરક્ષણ મળી રહે? જેમની પાસે એ વિશ્રબ્ધભાવે, વિશ્વાસથી, પોતાની ભાવનાઓ કહી શકે એવા કોઇ પુરુષોની એ આશા રાખી શકે ખરી? કયાંથી રાખે? એ પુરુષ એનો પ્રાધ્યાપક હોય, ગુરુ હોય, તોયે પરણવાની જ વાત કરે છે!

આમ પરિણામ એ આવે છે કે પુરુષની વિવાહ–ભાવનાનો કયાંયે કદી છેડો જ નથી છૂટતો. અને પાછું એમાં એ ગર્વ અનુભવે છે! કહે છે, "જુઓ તો ખરા! આ ૮૦ વરસનો થયો પણ લગન કરી પાડયાં હોં! પાંચમી વાર ઘોડે ચડયો છે અને તોયે ઘેર પારણાં બંધાયાં છે! હવે 'પુરુષાર્થ'માં શી કમીના રહી ગઈ!" આવું એને વિશે લોક બોલે છે. મને કહો, શું આ કાંઈ નૈતિક સંકેત (index) છે? આ કાંઈ સાંસ્કૃતિક સંકેત છે? અને તેય એવા દેશમાં જે દેશમાં બ્રહ્મચર્યની પરંપરા યુગો થયાં ઊતરી આવી છે?

માટે વિનોબાનો વાનપ્રસ્થ આશ્રમ તમે સ્વીકારો કે ન સ્વીકારો, આ દેશના તમામ પુરુષોએ પોતાના મનમાં એક પવિત્ર સંકલ્પની ગાંઠ વાળી લેવી જોઇએ કે અમુક એક ઉમ્મર પછી પુરુષની વિવાહ–ભાવના ઘટતી જવી જોઇએ.

—આજે મને આ પ્રબોધ કહેતો હતો, "દાદા, તમે ફાવે તે કહો, સ્ત્રીના ખોળામાં બાળક રમતું થાય પછી એની દૃષ્ટિ અને ભાવનામાં જ ફરક પડી જાય છે."

મેં કહ્યું, "વાત સાચી છે. કેમકે એ એના છોકરાની મા બની એટલે પહેલો ખ્યાલ એના દિલમાં એ આવે છે કે હું તો પુરુષની મા છું!"

"આ આટલો બધો અહંકારી જે પુરુષ છે એની હું મા છું," એવી કલ્પના આવતા વેંત સ્ત્રીની ભૂમિકા જ બદલાઈ જાય છે. મારા મિત્રો! શું પુરુષોને માટે કદી આવી ભાવના નહીં આવે કે હું પણ સ્ત્રીનો પિતા છું? શું ગમે તેટલી વયોમર્યાદાએ પહોંચ્યા પછી પણ એના મનમાં આવી ભાવના નહીં જાગે?

બ્રહ્મચર્યના સંરક્ષણને માટે, બ્રહ્મચર્યને સામાજિક મૂલ્ય બનાવવાને માટે, આની બહુ જરૂર છે. વયોમર્યાદા તમને ઠીક લાગે તે આંકો, વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે થોડોઘણો ફેર પણ પડે. કોઈમાં આ ભાવના જલદી ઊગશે, કોઈમાં મોડી ઊગશે. એની ગણુતરી પણ રાખી લો. પણ એક હદ તો જરૂર આંકી શકો છો, કે આટલી ઉંમર પછી પુરુષનું જીવન પિતૃત્વ-સંપન્ન થશે. એનો સકળ પુરુષાર્થ પિતૃત્વ-ભાવનામાંથી જ પ્રગટ થશે, જેથી સ્ત્રીઓ અને ખાસ કરીને યુવાન સ્ત્રીઓનાં જીવન સમાજમાં સંપન્ન થઈ શકે. હું માત્ર 'સુરક્ષિત થઇ શકે' એમ નથી કહેતો, 'સમૃદ્ધ થઇ શકે, સંપન્ન થઇ શકે' એમ કહું છું. યુવાન સ્ત્રીઓ માટે સમાજમાં નિરાપદ અવસર રહે એની ઘણી જ જરૂર છે.

આને મેં 'વાનપ્રસ્થવૃત્તિ' કહી છે.

એક મર્યાદા પછી વાનપ્રસ્થવૃત્તિની પણ આવશ્યકતા છે. એમાંથી કૌટુંબિક ભાવનાનું નિરસન થઈ એને સ્થાને વ્યાપક કૌટુંબિક ભાવના જન્મે છે. 'મારી સ્ત્રી' 'મારો પુત્ર' એવી ભાવનાથી મનુષ્ય ઊંચે ચઢી જાય છે. ઘરની ચાર દિવાલોને લાંઘીને એની કૌટુંબિક ભાવના વ્યાપક બની જાય છે. કૌટુંબિક ભાવનાની આવી વ્યાપકતાનો વિકાસ આપણા જીવનમાં થાય તે માટે બ્રહ્મચર્યવૃત્તિની આવશ્યકતા છે.

### સંન્યસ્ત-આશ્રમ

આશ્રમ વ્યવસ્થામાં અંતિમ આશ્રમ છે સંન્યસ્ત, જેને civic death-નાગરિક જીવનની સમાપ્તિ કહે છે. આનો અર્થ શું? એનો અર્થ એ કે સંન્યાસ લીધા પછી મનુષ્ય રાજ્યાતીત સ્થિતિમાં જતો રહે છે. રાજ્યનું શાસન એના પર નથી ચાલતું. નાગરિકધર્મ એને માટે સહજ થઇ જાય છે. કાનૂનનું અનુશાસન (રાજ) એના પર નથી ચાલતું. જેને વિશે લોકો કહે છે ને કે he has become law unto

himself :(એ પોતે જ પોતા માટેનો કાનૂન બની ગયો છે) અથવા કહે છે કે **निस्त्रैगुण्यं पथि विचरतां को विधिः को निषेधः** । (ત્રણેય ગુણથી પર થઈ માર્ગ પર ચાલનારાને 'આમ કર' એવો વિધિ શું અને 'આમ ન કર' એવો નિષેધ શું ?) ભાષા આધ્યાત્મિક જ છે, પણ ભાષા આધ્યાત્મિક જ હોય તેમ છતાં, આપણે આપણી ભૂમિકાનો આપણે માટે ઉપયોગી એવો અર્થ કાઢી લઈએ. આપણે માટે ઉપયોગી, અનુરૂપ અર્થ એ છે કે દરેક નાગરિકના જીવનમાં એક એવી અવસ્થા આવવી જોઇએ કે જે પછી એને રાજ્યશાસનની આવશ્યકતા ન રહે. રાજ્યના કાયદા–કાનૂનના ભય કે લોભ વિના જ નાગરિકતાના સકળ ધર્મોનું પાલન એને હાથે સ્વાભાવિક રીતે જ થવા માંડે.

આવી રાજ્યાતીત સ્થિતિને હું 'નાગરિકતામાં સંન્યાસ'ની સ્થિતિ કહું છું. એ એવી સ્થિતિ છે જેમાં એણે ઉત્પાદનનાં કર્તવ્યોનો પણ આગ્રહ છોડેલો છે, ઉત્પાદક પરિશ્રમમાંથી મળતર થાય, પ્રતિમૂલ્ય (બદલો) મળે, એનો લોભ તો સર્વથા છોડેલો જ છે.

—"તું શું કમાય છે ?"

"હું કાંઈ નથી કમાતો."

"તું શું કરે છે ?"

"સમાજમાં રહું છું. જે કાંઈ કરવું પડે છે તે આ શરીરથી થઈ જાય છે. 'હું કરું છું' એવું હું નથી કહેતો."

"સમાજ પાસેથી શું લે છે ?"

"જેટલું ઓછામાં ઓછું લઈને ચલાવી લઇ શકાય, તેટલું જ લઉં છું. એને પણ ઘટાડતો જાઉં છું."

આ સંન્યસ્તવૃત્તિ કહેવાય છે, જેને હું નાગરિકની રાજ્યાતીત સ્થિતિ કહું છું. શાસનમુક્ત સમાજની સ્થાપનાને માટે, રાજ્યાતીત અવસ્થા કેટલાક નાગરિકોનાં જીવનમાં જો આવી જશે, તો પછી એનો વિકાસ આપણે સમાજમાં કરી શકીશું.

### ગૃહસ્થાશ્રમ

હવે આપણે ગૃહસ્થાશ્રમનો વિચાર કરી લઇએ :

"**धन्यो गृहस्थाश्रमः**"—ચારેય આશ્રમોમાં ગૃહસ્થાશ્રમને ધન્ય માન્યો છે. એનું મુખ્ય કારણ એ છે કે કુટુંબ–સંસ્થાને જેમ સામાજિક મૂલ્યોના પ્રતીક-સ્વરૂપ માનવામાં આવી છે, તેમ જ સામાજિક જીવનનું

મુખ્ય એકમ પણ એને જ ગણવામાં આવી છે. સમાજમાં જે સહ-જીવનનો વિકાસ આપણે કરવો છે અને જે દંડહીન અનુશાસનને (સજા વિનાની શિસ્તને) આપણે સમસ્ત સમાજમાં ચરિતાર્થ (સફળ) કરવા માંગીએ છીએ, એની એ પ્રયોગ-શાળા છે. **अभ्युदय-અર્થાત્** ભૌતિક સુખોપભોગનું આયોજન **निःश्रेयस**ની દૃષ્ટિથી અર્થાત્ સર્વજનના હિતની દૃષ્ટિથી કઈ રીતે કરવામાં આવે, એનો આદર્શ ખડો કરવો એ કુટુંબ-સંસ્થાનો પ્રધાન ઉદ્દેશ છે.

ચાર પુરુષાર્થોમાં અર્થ અને કામનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ અને કામ એ પોતે તો મનુષ્યના સ્વાભાવિક વિકાસો છે. જ્યારે એ ધર્મમૂલક અને મોક્ષપ્રવણ બને છે, ત્યારે એમને પુરુષાર્થનો મોભો પ્રાપ્ત થાય છે અને એ સામાજિક મૂલ્યોમાં પરિણત થઈ જાય છે.

આજે મનુષ્યના કૌટુંબિક જીવનની સાથે એના ઉદ્યોગ અને નાગરિકતાનો કશો પ્રત્યક્ષ અનુબંધ નથી રહ્યો. દુકાનની નીતિ જુદી છે, મકાનની (ઘરની) નીતિ જુદી છે અને સાર્વજનિક નીતિ વળી એથીયે જુદી છે. તેથી એક સામાજિક મૂલ્ય તરીકે કૌટુંબિકતા ક્ષીણ થતી ચાલી છે. અને હવે તો એવો ભય લાગવા માંડયો છે, કે કયાંક કુટુંબ-સંસ્થાનું હાડપિંજર પડી રહે, પણ એના પ્રાણ સમી સુભગતા અને પવિત્રતા વેરણ-છેરણ ન થઈ જાય. આજે આપણે કૌટુંબિકતા તથા કુટુંબ-સંસ્થાની એક નવા રૂપે પુનઃસ્થાપના તથા સંવર્ધન કરવા માંગીએ છીએ.

કુટુબ-સંસ્થાની સૌથી મોટી વિશેષતા એ છે કે એમાં બંધારણ, દંડયોજના (પોલીસ-જેલ વગેરે) અને લશ્કરી શિસ્ત, એ બધાંના વિના જ સહજીવન અને સહકાર સિદ્ધ થાય છે. કુલધર્મ, કુલપરંપરા અને આનુવંશિક સંસ્કારો જ એવા હોય છે કે પરિવારના બધા સભ્યો એક-મેકની સાથે રહેવામાં પોતાની પ્રતિષ્ઠા અને કલ્યાણ માને છે. અને જો એકમેકથી છૂટા પડવાનો વખત આવે તો એમાં પોતાની મજબૂરી સમજે છે. તેથી તો છૂટા પડતી વખતે એકબીજા પર દોષ તો ટોપલો ઢોળીને છૂટા પડે છે! છૂટા પડનાર દરેક જણ એવું સાબિત કરવા મથે છે કે "અમારે જુદા થવું પડયું તેના મૂળમાં હું નથી. મારે તો બધાને સાચવી-સંભાળીને, હળીમળીને ભેગાં જ રહેવું છે," ઈત્યાદિ.

સહજીવનને માટે પોતાનાં વ્યક્તિગત સુખ-સગવડનો ભોગ આપવો એ કુટુંબ-જીવનનો પાયો છે.

આની પાછળ બે કારણ પડેલાં છે : એક છે લોહીનું સગપણ અને બીજો છે લગ્નનો સંબંધ. તેથી સમાજમાં કુટુંબ-સંસ્થા એક સ્વયં-સિદ્ધ સંસ્થા છે. સભ્યોએ નક્કી કર્યું તેથી કે ઇચ્છયું તેથી કુટુંબ-સંસ્થા ઊભી થઈ, એવું નથી. હું મારા મા-બાપ, ભાઈ-બહેન કે દીકરા-દીકરીની ચૂંટણી નથી કરી શકતો ! એ બધાં મને યદૃચ્છા (અનાયાસ) મળી ગયેલાં હોય છે. કર્ણે કહેલું તેવું છે, "કુટુંબમાં મારો જન્મ **દૈવાયત્ત**-દૈવને આધીન-છે." આને પરિણામે કુટુંબમાં જે વ્યક્તિઓ હોય છે એ બધાને એકમેકને માટે સ્વાભાવિક આત્મીયતા હોય છે. કૃત્રિમ નિયંત્રણ અને ઔપચારિક નિયમોની એમાં જરૂર પડતી નથી. મનુષ્યોના જે **સ્વાયત્ત** (જાતે બાંધેલા ને કેળવેલા) સંબંધો હોય છે, તેના કરતાં આ કૌટુંબિક સંબંધો વધારે સ્થાયી અને અભેદ્ય મનાય છે. અંગ્રેજીમાં કહેવત છે કે પાણી કરતાં લોહી ગાઢું હોય છે. blood is thicker than water. તેથી એક જ જળાશયની પાસે રહેનારા પાડોશીઓ કરતાં ( જે મોટેભાગે લડતાં હોય છે ! ) એક જ કુટુંબનાં માણસો વચ્ચેના સંબંધને વધારે ગાઢ ને ઉત્કટ માનવામાં આવે છે. જે મોટા હોય તે નાનાંની કાળજી રાખે; જે નાનાં હોય તે મોટાનો માન-મલાજો સાચવે; આને માટે કુટુંબમાં કોઇ જાતનું દંડ-વિધાન (પોલીસ, જેલ વગેરેનું ચોકઠું) લખી મૂકેલું નથી હોતું. લાંબા કાળના સંસ્કારોને કારણે આ બધું પોતાની મેળે ચાલ્યા કરે છે.

**આ રીતે માનવસમાજમાં કુટુંબ-સંસ્થા એ એક અનુપમ કલાકૃતિ છે.**

**કામોપભોગ જ્યારે એક સાંસ્કૃતિક સંસ્કાર બની જાય છે ત્યારે સામાજિક મૂલ્યોમાં ફેરવાઈ જાય છે. કુટુંબ-સંસ્થાનો આધાર વિવાહ-સંસ્કાર છે. સ્ત્રી અને પુરુષ વિવાહ-સંબંધથી એક બીજાંનાં જીવનમાં જ્યારે પ્રવેશ કરે છે, ત્યારે તેઓ ગૃહસ્થાશ્રમી કહેવાય છે.**

**ત્યારે સવાલ એ પેદા થાય છે કે શું ગૃહસ્થાશ્રમ કામ-મૂલક છે? અને સ્ત્રી-પુરુષોને અબાધિત કામોપભોગના પરવાના આપવા, એ જ શું એનું પ્રયોજન છે?**

**હરગિજ નહીં. ઊલટું વિવાહ-સંસ્કારનું પ્રયોજન તો છે કામ-વાસનાનો સંયમ; અને ગૃહસ્થાશ્રમનું પ્રયોજન છે, સ્ત્રી પુરુષોનું સંયુક્ત જીવન. સ્ત્રીની પુરુષ પ્રત્યેની અને પુરુષની સ્ત્રી પ્રત્યેની જે નિષ્ઠા વિવાહિત જીવનનો મેરુદંડ ગણાય છે, તે મનુષ્યને શારીરિકતાથી ઉપર ચડાવી દે છે. આ નિષ્ઠા જેટલા પ્રમાણમાં ઉત્કટ અને દૃઢ થતી જાય છે, તેટલા જ પ્રમાણમાં શારીરિકતા ઘટતી જાય છે.**

મારી મા એ કાંઇ આખી દુનિયામાં સૌથી વધારે ગુણવાન સ્ત્રી નથી, પરંતુ મારે માટે તો ઇશ્વરના વિશ્વવ્યાપી વાત્સલ્યની એ જ પ્રતિમા છે. મારો દીકરો આખા ગામમાં સૌથી વધારે દેખાવડો છોકરો નથી, પરંતુ મને તો દુનિયામાં બધા છોકરા કરતાં એ જ વધુ વહાલો છે. મારી સ્ત્રી સૌથી વધુ સુંદર નથી, પણ મારે માટે તો એના જ રૂપમાં સમસ્ત સૃષ્ટિની સકળ મનોહરતા સાકાર થઇને આવેલી છે.

આ રીતે કૌટુંબિકતા મનુષ્યને એક સ્નેહમય દિવ્યચક્ષુ આપી દે છે. એ જ સ્નેહને આધારે કોઈપણ પ્રકારના બાહ્ય નિયંત્રણ અને ઔપચારિક બંધારણ વિના જ આખો વ્યવહાર ચાલે છે.

—એકવાર અમારા એક મિત્રનાં લગ્ન ઠર્યાં. તેઓ લાંબો વખત અપરિણીત રહેલા એટલે લોકોના મનમાં એવો ખ્યાલ બંધાઈ ગયેલો કે તેઓ આજન્મ બ્રહ્મચર્ય જ પાળશે. તેઓ દુનિયાભરની તમામ સ્ત્રીઓને પોતાની માતા બરાબર માનતા હતા. એમના લગ્નની ખબર સાંભળીને અમારા બીજા કેટલાક મિત્રો મારી પાસે આવીને એમની ઠેકડી ઉડાડવા મંડ્યા, "જોયું ને! આ જ લગી તો ભાઇસાહેબ મોટે ઉપાડે આખી દુનિયાની સ્ત્રીઓને માતા માનતા ને કંઈ કેવીયે મોટી મોટી વાતો કરતા! અને હવે એમાંથી જ એકની સાથે લગ્ન કરવાના!"

એમણે તો ઠેકડી ઉડાવવા માટે જ જાણે કે વાત કરેલી, પણ મેં એમને કહ્યું, "આપણે જરા આનો ઊંડાણથી વિચાર કરીએ. એ માણસ જો લગ્ન કર્યા વિના કોઇ સ્ત્રી સાથે શરીર-સંબંધ બાંધત, તો તો તમારો આરોપ કંઇક સાચો ઠરત. પણ આ તો વિવાહ-સંસ્કાર કરાવી રહ્યો છે. એક સ્ત્રીના જીવન સાથે પોતાના જીવનને જોડી રહ્યો છે અને એના પ્રત્યે એકનિષ્ઠ રહેવાની પ્રતિજ્ઞા કરી રહ્યો છે. એમ કરવામાં એ એક સ્ત્રીને માતામાંથી પત્ની નથી બનાવતો, બલ્કે સ્ત્રી-જાતિ માટેની પોતાની વ્યાપક માતૃ-ભાવનાનું સંરક્ષણ કરવાના ઉદ્દેશથી એ પોતાની કામવાસના અને પત્ની-ભાવનાને સ્થાનબદ્ધ કરી નાંખે છે."

વિવાહ અને ગૃહસ્થાશ્રમ સંયમના પાલનને માટે છે. તેથી એ બ્રહ્મચર્ય-મૂલક છે, એમનાં મૂળમાં બ્રહ્મચર્ય છે. વિવાહ પછી બે પૈકી કોઇ એક જો બીમાર, અપંગ, અશક્ત કે કદરૂપું થઇ જાય, તોપણ બીજાનો એના માટેનો પ્રેમ ઘટવાને બદલે વધતો જ જાય છે. એની આત્મીયતા શરીરનિષ્ઠ કે રૂપનિષ્ઠ નથી રહેતી. આ રીતે પ્રેમ જેટલો શુદ્ધ હોય છે, તેટલી જ કામુકતા ઉત્તરોત્તર કમ થતી જાય છે. સંતાન

થયા પછી માતા અને પિતા, બંનેના સંયુક્ત જીવનનું એક રીતે સંતાનોના પાલન-પોષણને માટે સમર્પણ થઇ જાય છે.

પોતાના જીવનનો બીજાના જીવનને માટે ઉત્સર્ગ કરવાની, ન્યોછાવર કરવાની પ્રેરણા કૌટુંબિકતામાંથી અનાયાસ ઉત્પન્ન થાય છે. ગૃહસ્થાશ્રમ સમર્પણ-યોગનું તીર્થક્ષેત્ર છે.

ગાંધીએ તો પરિણીત સ્ત્રી-પુરુષોને માટે પણ બ્રહ્મચર્યની જ વાત ચીંધી હતી. મોટા મોટા સમાજશાસ્ત્રીઓએ અને ધર્મવેત્તાઓએ આને વિશે ઘણા વાંધા ઉઠાવ્યા, પણ ગાંધીએ કહ્યું કે ગૃહસ્થાશ્રમ અને કુટુંબ-સંસ્થા મનુષ્યને ઇન્દ્રિયપરાયણતામાંથી ઉગારીને માનવ-પરાયણ બનાવવા માટે જ છે. ગૃહસ્થાશ્રમમાં એક વ્યકિત સાવ સહજભાવે બીજી વ્યકિતઓને માટે પોતાના આરામ અને સુખનો યજ્ઞ કરી નાંખે છે. કુટુંબ એ તો સ્વાર્થની આહુતિ આપવાને માટે રચવામાં આવેલી યજ્ઞશાળા છે. વિવાહિત બ્રહ્મચર્યનો ગાંધીનો આદર્શ આપણા લાંબા કાળના કુસંસ્કારોને કારણે વ્યવહારમાં નથી ઊતરી શકયો, તેમ છતાં કિશોરલાલ-ભાઇ અને ગોમતીબહેન જેવાં નૈષ્ઠિક ગૃહસ્થાશ્રમીઓના જીવનમાં એનું ઊંચું, ઉદાત્ત ઉદાહરણ જોવા મળે છે.

પ્રાચીન કાળમાં ગૃહસ્થાશ્રમ પુરુષ-સત્તાક[1] હતો અને કુટુંબ-સંસ્થા તો આજ લગી પિતૃ-સત્તાક જ રહી છે. જે મુખ્ય પુરુષ હોય તે કુટુંબની બીજી બધી વ્યક્તિઓનો પાલક અને સ્વામી રહેતો. કુટુંબના ગમે તે જણને દાનમાં આપવાનો, વેચવાનો, કુરબાન કરવાનો અને મારી નાંખવાનો અધિકાર એની પાસે રહેતો.[2] કુટુંબના બધા સભ્યો એની સજીવ સંપત્તિના ભાગરૂપ લેખાતા. સ્ત્રીઓનું સ્થાન ગૌણ રહેતું અને બધા પુરુષોની સત્તા કોઇ ને કોઈ સ્વરૂપે બધી સ્ત્રીઓ પર ચાલતી.[3]

---

૧. પ્રજાની સત્તા જ્યાં ચાલે તે પ્રજાસત્તાક તેમ પુરુષની કે પિતાની સત્તા જ્યાં ચાલે તે પુરુષસત્તાક કે પિતૃસત્તાક. —સં.

૨. ઉદ્દાલકે નચિકેતાનું યમને દાન કરેલું, હરિશ્ચંદ્રે પત્ની-બાળકને વેચેલાં, યુધિષ્ઠિર ભાઇઓ અને પત્નીને જુગટે હારેલા, સગાળશા શેઠે ચેલૈયાની કુરબાની આપેલી, પરશુરામે માતાનો વધ કરેલો, લક્ષ્મણ રામની આજ્ઞાથી સીતાને વનમાં મૂકી આવ્યા હતા—આ જે બધી ઘટનાઓ મહાન પાત્રોની મહાનતાને કારણે અમર થઈ ગયેલી છે, તેમાં તે કાળે સમાજવ્યવસ્થામાં પ્રચલિત પિતૃસત્તાક મૂલ્યોનો ઇતિહાસ સચવાયો છે, તે અત્રે યાદ આવશે —સં.

આજે આપણે કુટુંબ-સંસ્થાના પાયા જ બદલી નાંખવા માંગીએ છીએ. કૌટુંબિક સંપત્તિનું વિસર્જન તો આપણે આપણા આર્થિક સંયોજનથી કરવા તાકીએ જ છીએ. અને કુટુંબોની વડીલોપાર્જિત સંપત્તિ જ જ્યારે નહીં રહે ત્યારે પુત્ર અને કન્યા, સ્ત્રી અને પુરુષ, એ બે વચ્ચેના હકદાવાઓનો ઝઘડો જ ખતમ થઈ જશે. પણ આટલું થયા પછી પણ સ્ત્રી અને પુરુષને કુટુંબમાં સમાન ભૂમિકા પર લાવવાનું બાકી રહેશે. તે માટે નાગરિક જીવનમાં જે વ્યક્તિ-સ્વાતંત્ર્યનું મૂલ્ય છે, તેને કૌટુંબિક જીવનમાં દાખલ કરવું પડશે. કુટુંબ ન તો કેવળ પુરુષનું હશે કે ન તો કેવળ સ્ત્રીનું જ હશે; બલ્કે કુટુંબ એ સ્ત્રી-પુરુષ બંનેના સંયુક્ત વ્યક્તિત્વ અને સંયુકત જીવનના આધારે સ્થપાયેલી એક નવીન ક્રાંતિકારી સંસ્થા હશે.

જે કુટુંબની વૃત્તિ અને વ્યવહાર ઘરની ચાર દિવાલોને ઓળંગીને વ્યાપક બની જાય છે, એ કુટુંબને સમાજને માટે ભૂષણરૂપ માનવામાં આવે છે.

આનો સંકેત-કંઇક ઝાંખી-આતિથ્ય-ધર્મમાં છે. કુટુંબનાં બધાં માણસોને જમાડયા પછી જ આપણે જમીએ એટલું પૂરતું નથી. પુરુષ હોય કે સ્ત્રી હોય, દરેક ગૃહસ્થાશ્રમી માણસે એ પણ જોવું જોઇએ કે પોતાની અડોસ-પડોસમાં અને ગામમાં કોઇ ભૂખ્યું ન રહે. કોઇ યાત્રાળુ કે વટેમાર્ગુ ખબર આપ્યા વગર પણ ગામમાં આવી પહોંચ્યો હોય તો એને જમ્યા વગર ન સૂવું પડે. આ ધર્મ તમામ ગૃહસ્થાશ્રમીઓને લાગુ પડે છે. તે એટલે સુધી કે આપણા પ્રાચીન ધર્મશાસ્ત્રકારોએ લોકોના પ્રાણ હરનારા યમરાજને પણ આ ધર્મ લાગુ પાડયો છે. નચિકેતા જ્યારે યમરાજને દરવાજે ત્રણ દિવસ ખાધા-પીધા વિના પડી રહ્યો, ત્યારે યમરાજે ઘેર આવતાં બરાબર એની માફી માંગી અને પ્રાયશ્ચિત્ત તરીકે એ માંગે તે વરદાન આપવા તૈયાર થઈ ગયા. ગૃહસ્થાશ્રમીને માટે એનું ઘર અતિથિ-શાળા છે. અને એ પોતે એનો યજમાન છે, યજ્ઞ કરનારો છે. એ યજ્ઞભૂમિમાં બેઠો બેઠો અતિથિઓ આવે તેવી આકાંક્ષા કરે છે, કોડ સેવે છે અને ઉત્પાદક પરિશ્રમનો યજ્ઞ કર્યે જાય છે. ગૃહસ્થાશ્રમમાં આતિથ્ય-ધર્મનું પાલન થઈ શકે છે, તેથી તો **ધન્યો ગૃહસ્થાશ્રમઃ** એવું કહેવામાં આવ્યું છે.

ક્રાંતિકારક મૂલ્યોનું અનુષ્ઠાન પરંપરાગત કુટુંબ-સંસ્થામાં થઈ શકતું નથી, તેથી માકર્સવાદી ક્રાંતિકારીઓએ 'કમ્યૂનો'ની સ્થાપના કરી.

આ કમ્યૂનોમાં જે રહેતા હતા, એમનું જીવન સમાન રહેતું અને તેઓ એકબીજાના સંગી-સાથી કહેવાતા. એમની ઓળખનો શબ્દ-પ્રત્યભિજ્ઞાનો સંકેત-'કૉમરેડ' હતો. આપણે ત્યાં એ શબ્દનો અનુવાદ 'ભાઇ' શબ્દથી કરવામાં આવ્યો, કેમકે આપણે કૌટુંબિકતાના સંસ્કારોમાં ઊછર્યા હતા. હવે 'ભાઇ'ને બદલે 'સાથી' કહે છે. આ અનુવાદ નથી, ભાષાંતર છે. આપણા દેશમાં બંગાળી ભાષામાં 'બંધુ' શબ્દનો અર્થ 'મિત્ર' છે. જ્યારે બે મિત્રો વચ્ચે ખૂબ ઘનિષ્ટતા હોય છે, ત્યારે આપણે એમને સગા ભાઇઓની ઉપમા આપીએ છીએ. સગપણથી ઉલટું મિત્રપ્રેમ સ્વાયત્ત હોય છે, જાતે બાંધેલો ને કેળવેલો હોય છે, તેથી તે વધારે શુદ્ધ પણ છે. પણ સગા ભાઇનો સંબંધ નથી કોઇથી બાંધી શકાતો કે નથી કોઇથી તોડાયે શકાતો. એ નિત્ય સંબંધ હોય છે. આ નિત્યતાના તત્ત્વને મિત્રતામાં દાખલ થયેલું જોવાની આશાથી મિત્રોને 'સગા ભાઇ'ની ઉપમા આપવામાં આવી. આ રીતે કૌટુંબિક સગપણને સામાજિક મૂલ્ય બનાવવાની કોશિશ થઈ. કમ્યૂનમાં રહેનારા સાથીઓ પણ જ્યારે એકબીજાનાં ભાઇ-બહેન બની જાય છે, ત્યારે કુટુંબની અંદર સ્ત્રી-પુરુષોના તથા પુરુષ-પુરુષ અને સ્ત્રી-સ્ત્રી વચ્ચેના સહજીવનમાં જે સ્વાભાવિક આત્મીયતા અને પવિત્રતા હોય છે, તેનો ક્રાંતિકારી સંસ્થાઓમાં પ્રવેશ થઈ જાય છે.

કુટુંબ-સંસ્થાનો પ્રાણ જ્યારે ક્ષીણ થયો અને એની પ્રગતિ જ્યારે શૂન્યવત્ થઈ ગઈ, ત્યારે અહિંસક ક્રાંતિના પ્રણેતા ગાંધીને આશ્રમની સ્થાપના કરવી પડી. આશ્રમમાં વ્રતોનું આચરણ છે, સંયમ છે, બધા આશ્રમવાસીઓ એકબીજાના સહ-સાધકો છે. પરંતુ કુટુંબ-સંસ્થાની સ્વાભાવિક આત્મીયતા અને પરસ્પર સમર્પણ-બુદ્ધિનો ત્યાં અભાવ તો નહીં, પણ ઊણપ જરૂર છે. આશ્રમમાં આપણે જે વિશિષ્ટ ગુણોનો વિકાસ કરીએ છીએ, એ બધાનો પ્રવેશ જો કૌટુંબિક જીવનમાં ન થયો તો કુટુંબ-સંસ્થા નાશ પામશે. કૌટુંબિક સંબંધોમાં જે મૂલ્યોનો વિકાસ સહજ ભાવે થતો રહે છે, તેમનો પ્રવેશ જો આશ્રમ-સંસ્થામાં ન થયો, તો આશ્રમ-સંસ્થા ધીમે ધીમે સમાજ-વિમુખ થતી જશે અને કૌટુંબિકતા સામાજિક મૂલ્યમાં પરિણત નહીં થઈ શકે.

આનો એક જ ઉપાય છે. એની બે બાજુઓ છે. એક તો એ કે નાગરિક જીવનનાં મૂલ્યોનો પ્રવેશ આપણા ગૃહ-જીવનમાં થવો જોઇએ. સ્ત્રી અને પુરુષ, ભાઈ અને બહેન, દીકરાઓ અને દીકરીઓ-એ બધાનો મોભો અને એ બધાનું માન માનવી તરીકે કુટુંબમાં સમાન હોવું જોઇએ.

કુટુંબ સંસ્થા બધાને માટે સહજીવનના પવિત્ર અને પ્રિય એવા પ્રયોગ-તીર્થમાં ફેરવાઈ જવું જોઇએ. બીજી બાજુ એ છે કે કૌટુંબિક સહજીવનનાં મૂળભૂત તત્ત્વો ક્રાંતિકારી સંસ્થાઓમાં તથા નાગરિક જીવનમાં દાખલ થઇ જવાં જોઇએ. આ પ્રમાણે ગૃહસ્થાશ્રમ સામાજિક મૂલ્યોથી સમૃદ્ધ થશે અને સમાજવ્યવસ્થા કૌટુંબિકતાનાં મૂલ્યોથી પવિત્ર તથા શાશ્વત સૌંદર્યથી વિભૂષિત થશે. આને હું ગૃહસ્થાશ્રમનું સામાજિક મૂલ્ય માનું છું.

## ૪. પ્રેરણાનો પ્રશ્ન

હવે બીજો સવાલ શો છે? હં, 'ઇન્સેન્ટિવ' વાળો સવાલ છે. એમ પૂછવામાં આવ્યું છે કે જો બધાના સ્વાર્થો વિલીન થઇ જશે તો 'ઇન્સેન્ટિવ' ખતમ નહીં થઈ જાય?

ઇન્સેન્ટિવનો અર્થ છે કામ કરવાની પ્રેરણા. Problem of the Incentive પ્રેરણાનો પ્રશ્ન એ આજ સુધી લોકોને સતાવો રહ્યો છે. તમામ ક્રાંતિકારીઓને, તમામ રાજ્ય-સંસ્થાઓને, તમામ સામાજિક સંસ્થાઓને એ સતાવતો રહ્યો છે. અને એનું મુખ્ય કારણ એ છે કે મૂડીવાદે આપણા મનમાં એક એવો ભ્રમ ભેરવી દીધો છે કે મનુષ્ય ફાયદા વિના કોઇ કામ કરી જ ન શકે!

—વિનોબાનું પેલું એક પ્રસિદ્ધ વાક્ય છે ને? તમે લોકોએ ઘણીવાર સાંભળ્યું હશે.

કોઇએ પૂછ્યું, "આનાથી શો ફાયદો? તેનાથી શો ફાયદો?"

તો વિનોબા કહે છે, "હવે એક છેલ્લો સવાલ એય પૂછી લેને કે ફાયદાથી શો ફાયદો? આ છેવટનો સવાલ પૂછવાનું તું શું કામ બાકી રાખે છે?"

તો પેલું જે મેં કહ્યું હતું કે સ્વાર્થ વ્યાપક થઇ જાય છે, ત્યારે એ નિઃસ્વાર્થતામાં પરિણમે છે, તેને હવે આજના સમાજશાસ્ત્રની પરિભાષામાં હું તમારી લોકોની સામે રજ કરી દઇશ.

"Greatest good of the greatest number! વધુમાં વધુ સંખ્યાનું વધુમાં વધુ સુખ!" હવે હું એક પછી એક 'ઇન્સેન્ટિવ'ને હાથમાં લઇ રહ્યો છું. આ વાત આવી છે ઉપયોગિતાવાદ-utilitarianism માંથી (પેલી 'ફાયદા'વાળી વાત મને એના ઉપરથી

જ સાંભરી આવી. વિનોબાએ એનું નામ પાડયું છે : ફાયદાવાદ!) આને માટે બે માણસો પ્રસિદ્ધ છે. એક છે મિલ-Mill અને બીજો છે બેન્થામ-Bentham. એ બંને જબરા બુદ્ધિવાદીઓ અને વ્યક્તિસ્વતંત્ર્યવાદીઓ હતા. એમણે એક સિદ્ધાંત ઘડી કાઢયો, " દરેક પોતાનો ફાયદો શોધે છે, તેથી દુનિયામાં જો દરેક માણસ પોતાના ફાયદાનો વિચાર કરે તો બધાનો ફાયદો, બધાનું ભલું, આપોઆપ થઈ જશે." આવો વિચાર એ લોકોએ બધાની સામે રજૂ કરી દીધો. અર્થાત્ જો નારાયણ પોતાનો ફાયદો જુએ, દાદા પોતાનો ફાયદો જુએ અને પ્રબોધ પોતાનો ફાયદો જુએ, તો ત્રણેયનો ફાયદો થઈ જશે.

લોકોને થયું કે આ તો તદ્દન ખરી વાત કહે છે. દરેક પોતપોતાનું સંભાળે તો બધું સચવાઈ જાય; તમામનો લાભ સિદ્ધ થઈ જાય.

કેટલાક લોકોએ આ વાતને ગણિતની પરિભાષામાં મૂકી. પાછા બધા ઠર્યા શાસ્ત્રી, એટલે જીવન-વિમુખ તો હતા જ, જીવન સાથે એમને ઝાઝી લેવાદેવા નહોતી. તેથી એમણે આ વિચાર ગણિતની પરિભાષામાં ઉતારી જોયો. અને કેવું થયું? अ+ब+क=अ×ब×क આવું સમીકરણ થયું! અર્થાત્ મારા, પ્રબોધના અને નારાયણના, ત્રણેયના અલગ અલગ ફાયદાઓનો સરવાળો એટલે જ ત્રણેયનું કલ્યાણ. બીજા શબ્દોમાં વ્યક્તિગત સ્વાર્થોનો સરવાળો એ જ સમાજનું હિત છે, આવો એક સિદ્ધાંત એમણે આપણી સામે ખડો કરી દીધો. શા માટે મૂકયો? તો કહ્યું કે ફાયદા વિના કોઈ માણસ કશું કામ કરશે જ નહીં. વળી એક આદમી બીજાના ફાયદા માટે પણ કશું નહીં કરે. તેથી દરેકનો પોતપોતાનો ફાયદો એ જ કામ કરવાની પ્રેરણા પૂરી પાડી શકે.

આટલે સુધી માણસ જઈ ચડયો હતો. અને શા કારણે જઇ ચડયો? તોકે' મૂડીવાદને કારણે. દરેક પરિસ્થિતિમાં જે મૂલ્ય પ્રચલિત થઇ જાય છે, એને અનુરૂપ મનુષ્યોના સંસ્કારો બંધાઇ જાય છે.

પરંતુ, મૂડીવાદી લોકોએ જોયું કે આપણી પાસે તો એટલું બધું ધન એકઠું થઇ ગયું છે કે હવે એ ધનનું શું કરવું એ જ સવાલ થઈ પડયો છે. હું તમને અહીં એક વાત કહી દેવા માંગું છું કે સ્વર્ગનું, મોક્ષનું કે વૈકુંઠનું આશ્વાસન કોઇ આપે કે ન-આપે તોપણ ધનવાનોની પાસે ધનનો ઢગલો થયા પછી એમના મનમાં એ ધનને વહેંચવાની આકાંક્ષા પોતાની મેળે જ પેદા થાય છે.

આપણે મનુષ્યની એક જ પ્રેરણા પર ધ્યાન આપ્યું છે અને મજા એ છે કે એ પ્રેરણા કાંઇ એની મુખ્ય પ્રેરણા નથી.

મનુષ્યની પ્રધાન પ્રેરણા એ છે કે એ બીજાને પોતાના જીવનમાં શામેલ કરવા ચાહે છે. આને જ આપણે એની સામાજિકતા કહી છે. આપણે એવું જ માની બેઠા છીએ કે મનુષ્ય પોતાના જીવનમાં બીજાને શામેલ કરવા નથી માંગતો, એકલો એકલો જ બધું ભોગવવા માંગે છે, એ વાત સાચી હોત તોપણ મનુષ્યે એને કદી પોતાનો આદર્શ માન્યો ન હોત. મનુષ્ય જે આદર્શને માન્ય રાખે છે, એ આદર્શ બીજું કાંઇ નહીં તો એની પોતાની નૈસર્ગિક પ્રેરણાને અનુકૂળ તો અવશ્ય હોય જ છે. નહીં તો આદર્શની પૂજા જ કદી ન થઈ શકત. આદર્શની પૂજા શાથી થાય છે? આખર હું આદર્શને માનું છું શા માટે? એટલા માટે કે મારી પોતાની અંદર કોઇ ને કોઇ એકાદ નૈસર્ગિક આકાંક્ષા હોય છે ને તે આદર્શનું રૂપ લઇને મારી સામે ખડી થઈ જાય છે. કૃષ્ણમૂર્તિ તો એમની પોતાની જે એક પરિભાષા છે તેમાં કહેવાયે મંડયા છે કે આ બધા આદર્શો, ધ્યેય વગેરે જે કાંઇ છે તે આખું ને આખું એક Self-Projection -આત્માનો આરોપ કે સ્વનો પ્રક્ષેપ જ છે. હમણાં પંડિતજી(પં. સુખલાલજી) પાસેથી તમે સાંભળ્યું કે માણસ મરે છે, અને મરવા માંગતા નથી તેથી સ્વર્ગની કલ્પના કરી કાઢી. એવું સ્વર્ગ કલ્પી કાઢયું કે જયાં સદાકાળ જીવતા જ રહેવાના, મરવાનો કદી મોકો જ નહીં આવે. કામ કરે છે, ખાવા મળતું નથી, માટે સ્વર્ગની કલ્પના એવી કરી નાંખી કે એ તો એવી જગ્યા હશે જયાં કામ કરવું જ નહીં પડે, ખાવાનું એની મેળે મળી જશે. આવી જે કેટલીક આકાંક્ષાઓ ચિત્તમાં હોય છે, તેના મુજબના પોતાના આદર્શો મનુષ્ય નિર્ધારિત કરી લે છે, ઘડી લે છે.

તાત્પર્ય એ છે કે મનુષ્યમાં એક બીજી પ્રેરણા પણ છે. તે એ કે એ બીજા જીવોને પોતાના જીવનમાં દાખલ કરી લેવા ઇચ્છે છે. અને મારું નમ્ર નિવેદન છે કે સમાજમાં આ જ મુખ્ય પ્રેરણા છે અને બીજી બધી પ્રેરણાઓ ગૌણ છે.

આખો સમાજ મનુષ્યોની જે ગૌણ અર્થાત્ વ્યકિતગત પ્રેરણાઓ છે એમનું નિયમન કરવા તાકે છે અને સામાજિક પ્રેરણાઓનો વિકાસ કરવા ચાહે છે. તો આ એક સામુદાયિક પ્રેરણા છે.

—ધારો કે કાલે કોઇ એક શહેરમાં અશકય શકય બન્યું અને

મ્યુનિસિપાલિટીમાં બધા ચોર જ ચોર સભ્યો તરીકે ચુંટાઇ આવ્યા !

પછી શું થશે ? ધારો કે એક ચોર ઠરાવ લાવે છે કે ચોરી કરવી એ આપણો બધાનો ધર્મ છે, તો તમે શું એમ માનો છો કે એ ઠરાવ કદીપણ પસાર થશે ? હું તમને કહી દેવા માંગુ છું કે એવો ઠરાવ કદી પણ પસાર નહીં થાય. એ બધા ચોર ભલે રહ્યા, પરંતુ એ ચોરો પણ તમામે તમામ પોતે જે વસ્તુ ચોરીને આણેલી હોય છે એ પોતા પાસે સચવાઇ રહે એમ ઇચ્છે છે. ચોરેલા માલનું સંરક્ષણ ઇચ્છે છે. એનો ચોરીનો ધર્મ એને એટલું શીખવે છે કે બીજાનું ધન અરક્ષિત રહે અને મારું પોતાનુ ધન સંરક્ષિત રહે બધા લોકો પોતપોતાના ધનનું સંરક્ષણ ઇચ્છે છે, તેથી ચોરોની મ્યુનિસિપાલિટીમાં પણ ઠરાવ તો એ જ થઇ શકશે કે ચોરી ન કરવી જોઇએ, ચોરી કરવી એ પાપ છે.

રાજ્યશાસ્ત્રમાં General Will—સર્વસાધારણ ઇચ્છા, એ શું છે. એનું સ્વરૂપ શું છે, અર્થાત્ આખી જનતાનો એકંદર મત શો છે, એ વિષયની ઘણી ચર્ચા થયેલી છે. હું એ વાત તમારી સમક્ષ તદ્દન સાધારણ ભાષામાં રજૂ કરી રહ્યો છું. તે એ કે આપણે જે એમ માની બેઠા છીએ કે મનુષ્યની સાધારણ પ્રેરણા અસત્ પ્રેરણા છે, તે આપણી એક ઘણી મોટી ભૂલ છે. એ જ્ઞાન પણ મિથ્યા છે અને જો એને તમારે જ્ઞાન જ ગણવું હોય તોયે તે અધૂરું જ્ઞાન છે. સમાજમાં મનુષ્યની પ્રેરણા કદી આવા પ્રકારની સ્વાર્થી પ્રેરણા નથી રહી. દુનિયામાં જેટલાં મોટાં કામ થયાં છે, તે તમામેતમામ મનુષ્યની સ્વાર્થી પ્રેરણાઓને નેવે મૂકીને થયાં છે. વિજ્ઞાનની શોધ ઘણુંખરું કોઈ પણ એક મનુષ્યના સ્વાર્થને માટે નથી થઇ. જે કોઇ વૈજ્ઞાનિક સંશોધકો થઇ ગયા, તે તમામેતમામ બિચારા ગરીબીમાં અને ભૂખમાં જ મર્યા. કોઇપણ સદ્‌ગ્રંથ સ્વાર્થી પ્રેરણાના બળથી, નફા કે બદલાને માટે આજ સુધી કદી નથી લખાયો. વિનોબાને મોંએ તમે ઘણીવાર સાંભળ્યું હશે કે તુલસીદાસને **रामचरितमानस** લખવા માટે શું કોઇએ મંગલાપ્રસાદ પારિતોષિક કે રણજિતરામ સુવર્ણચંદ્રક આપ્યો હતો ? અને કોઇએ શું કદી એમ કહ્યું હતું કે બાઇબલ લખી આપે તેને નોબલ પ્રાઇઝ આપવામાં આવશે ? કોઇએ ઇસુને આવું કહ્યું હતું કે ? વિનોબાના કહેવાનો આશય બરાબર સમજી લઇએ, કેમકે એ એક ઘણી મોટી ચીજ છે.

મનુષ્યને હંમેશાં એ પ્રેરણા થતી રહી છે કે જ્યાં સુધી એ પોતાના

આનંદમાં અને પોતાનાં દુઃખમાં બીજાને શામેલ ન કરી લે ત્યાં સુધી એને સંતોષ નથી વળતો. આ social incentive-સામાજિક પ્રેરણા કહેવાય છે. આના પર જ માર્ક્સવાદ ખડો છે. આના પર જ સમાજવાદ ઊભો છે અને આના પર જ સામ્યવાદ પણ ભરોસો મૂકે છે.

તમને સામ્યવાદીઓનું નામ સાંભળીને કશું આશ્ચર્ય ન થવું જોઇએ. પૂછવામાં આવ્યું, "કામ કરવાની પ્રેરણા શેમાંથી મળશે? સમાજને ચલાવનારી પ્રેરણાઓ ક્યાંથી આવશે?" ત્યારે એ લોકોએ એનો જવાબ એવો આપ્યો કે, "મનુષ્યની મુખ્ય પ્રેરણા સામાજિક છે. પણ આજે જે જાતની અર્થરચના છે તે એની આ મુખ્ય પ્રેરણાને બાધક નીવડે છે, તેથી આપણે ફક્ત એ બધાનું નિરાકરણ કરવાનું છે." એ લોકોના કથનમાં મુખ્ય વાત એ છે કે 'સોશ્યલ ઇન્સેન્ટિવ' મનુષ્યમાં સ્વાભાવિક છે.

આ બાજુ, તમારાં જે કાંઇ સામાજિક મૂલ્ય ધરાવતાં 'આશ્રમ-વ્રતો' છે તેમનો બધાનો આધાર, એ શુભ સંકલ્પોનો તમામેતમામનો આધાર પણ મનુષ્યની આ સામાજિક પ્રેરણા એ જ છે. "સમાજમાં મારે જીવવું હોય તો બીજાને જિવાડવા પડશે અને બીજાને જિવાડવા હશે તો માટે મારા જીવનમાં બીજા બધા જીવોને શામેલ કરવા પડશે," આ જે મનુષ્યની સાંસ્કૃતિક પ્રેરણા છે, જે સામાજિક પ્રેરણા છે, તે જ એની મુખ્ય પ્રેરણા છે. આ પ્રેરણાની આડે આવતી એને બાધક થનારી અર્થવ્યવસ્થાનું જ ફક્ત આપણે નિરાકરણ કરવાનું છે. ક્રાંતિ કેવળ આટલું જ કરે છે. મનુષ્યની સ્વાભાવિક પ્રેરણાને અવસર પૂરો પાડવો એટલુ જ એનું કાર્ય હોય છે.

હું આ જે કહું છું તેના સમર્થનમાં સામ્યવાદમાંથી એક ઉદાહરણ ટાંકીશ.

તમને ખબર હશે કે રશિયામાં જ્યારે પહેલવહેલી સામ્યવાદની સ્થાપના થઈ, ત્યારે ત્યાં 'મુક્ત પ્રેમ'ની–free loveની-વાત ચાલી હતી. 'મુક્ત પ્રેમ'નો એ મતલબ છે કે સ્ત્રી અને પુરુષ વચ્ચે કશું બંધન ન હોય, જાતિનું કે સદાચારનું કશું બંધન નહીં, ફક્ત પ્રેમથી જ એમનો સંબંધ બંધાય અને તે ઉન્મુક્ત સંબંધ હોય. આવી વાત થઈ ત્યારે દુનિયામાં જેટલા નીતિવાદી લોકો હતા તે બધા ગભરાઇ ગયા. એમના દિલને જબરી ચોટ લાગી. એમને થયું, "આ રશિયામાં શું થવા બેઠું

છે? સામ્યવાદ શું કદી જાતિ અને સદાચારનો વિચાર જ નહીં કરે? તો તો આ લોકો બિલકુલ ભોગવાદી લોકો જ છે! આવો કેવી વાત કરી પાડી, આમણે!"

ત્યારે કૉમ્યુનિસ્ટ સમાજશાસ્ત્રીઓએ આનો જવાબ આપ્યો—હું જ્યારે કૉમ્યુનિસ્ટ કહું છું ત્યારે તમે સમાજવાદી, માર્કિસ્સ્ટ એ બધાને એમાં ભેગા જ માની લેજો—એમણે જવાબ આપ્યો કે અમે એવું તે શું કરી નાંખ્યું છે? પહેલાં સ્ત્રી–પુરુષનાં લગ્ન અવાંતર કારણોથી–ભળતાં કારણોસર–થતાં. અવાંતર કારણો કહેતાં પહેલું તો એ કે સ્ત્રી સંરક્ષણ શોધતી હતી. માટે એ કહેતી કે "ચાલો, કોઈ શકિતશાળી પુરુષ સાથે પરણી જઈએ!" પછી બીજા પ્રકારની સુરક્ષિતતાની અપેક્ષા જાગી એટલે વાત ત્યાં આવી કે "ધનવાન પુરુષ સાથે પરણો!" સ્ત્રી સમાજમાં પ્રતિષ્ઠા ઇચ્છતી હતી તેથી આવ્યું: "સુશિક્ષિત પુરુષ–ભણેલો-ગણેલો મૂરતિયો–શોધો!" અને આવાં લગ્નને માટે સ્ત્રીને જે કાંઈ કીમતો ચૂકવવી પડતી-કુલીનતાની કીમત શિક્ષણની કીમત, ધનદોલતની કીમત, પુરુષાર્થની કીમત, વૈભવની કીમત–એ બધી કીમતો એ બાપડી ચૂકવતી હતી. આ બધાનું પરિણામ એ આવ્યું હતું કે સ્ત્રી અને પુરુષનો પરસ્પરનો સંબંધ સમાન દરજ્જે-સમાન ભૂમિકા પર-કદી બંધાતો જ નહોતો. વળી એ લોકોએ એવી દલીલ પણ કરી કે અમે કૉમ્યુનિસ્ટ કે માર્કિસ્સ્ટ લોકો કદી એવું માનતા જ નથી કે સ્ત્રી અને પુરુષ બંનેને કદી પણ અતિભોગનો શોખ હોય. એમણે એમ કહ્યું કે સ્ત્રી અને પુરુષના સંબંધમાં જે કૃત્રિમ મર્યાદાઓ પેસી ગઈ છે તેના નિરાકરણ પછી જ આપણે એ બેનો સંબંધ સ્વાભાવિક નીતિના પાયા પર, સદાચારના આધાર પર, કઈ રીતે ગોઠવી શકાય એનો વિચાર કરી શકીશું.

'સ્વાભાવિક નીતિ' એટલે શું, એની મર્યાદાઓ શી છે, એ બધી વાતોનો આપણા સિદ્ધાંતો સાથે શો સંબંધ છે, એ બધું તો કદીક તમારી સામે જ્યારે હું આ વિષયનું જ વિશેષ વિવેચન કરીશ ત્યારે રજૂ કરી દઈશ. પણ આજે તો મેં કૉમ્યુનિસ્ટોનું જ ફક્ત એક ઉદાહરણ એટલું દર્શાવવા ટાંકયું છે કે એ લોકોને પણ જ્યારે જ્યારે 'ઇન્સેન્ટિવ' અને પ્રેરણાના પ્રશ્ન વિશે વિચારવું પડયું છે, ત્યારે ત્યારે તેઓ પણ એ જ સાર પર આવીને ઊભા છે કે મનુષ્ય સ્વભાવથી સત પ્રવૃત્ત છે, સારું કરવા તરફ વળેલો છે. દુષ્પ્રવૃત્તિ–ખોટું કરવાનું વલણ-એ તો વિકાર છે, ઉપર બાઝેલી લીલ છે; મનુષ્યનો મૂળ સ્વભાવ તો સત્પ્રવૃત્તિ જ છે.

આને હું આસ્તિકતા કહું છું. એમણે પણ કહ્યું કે અસત્ પ્રવૃત્તિ તો પરિસ્થિતિ-જન્ય છે, પરિસ્થિતિમાંથી પેદા થયેલી હોય છે. પરિસ્થિતિનું નિરાકરણ થયા પછી સત્પ્રવૃત્તિ તો એનો સ્વભાવ જ છે.

આપણને જે એક એવો ડર છે કે 'ઇન્સેન્ટિવ'-પ્રેરણા-જતી રહેશે તો શું થશે, તો એ વાત બરાબર સમજી લેજો કે પ્રેરણા કદીય જાય તેમ છે જ નહીં. નફાની પ્રેરણા નાશ પામશે અને એની જગ્યાએ સ્નેહની પ્રેરણા [illegible] જશે એટલે કે હોટેલવાળાનો 'ઇન્સેન્ટિવ' જતો રહેશે [illegible] આવી જશે. બ એટલો જ એમાં ફેર પડશે!

## વાચકોના સ્વાધ્યાય-ટિપ્પણ માટે

*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*